RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

JAMNAGAR
www.aaspassdaily.com

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૧ ચૈત્ર સુદ - ૩ | મંગળવાર, તા.૦૧-૦૪-૨૦૨૫ | અંક : ૮૦ વર્ષ : ૨૦ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

ડીસામાં ફટાકડા ફેક્ટરીમાં ભીષણ આગ, ૧૧ના મોત

વિસ્ફોટક પદાર્થમાં પ્રચંડ ધડાકો થતાં ગોડાઉન ધરાશાયી; કાટમાળ ૨૦૦ મીટર સુધી ફેલાયો, મોતનો આંકડો વધવાની શક્યતા



ડીસા,

ડીસામાં ઢુંવા રોડ પર આવેલી ફટાકડાની ફેક્ટરી અને ગોડાઉનમાં ભીષણ આગ ફાટી નીકળતાં ૧૧ મજૂરના મોત થયા છે. આ ઘટનાની જાણ થતાં જ ડીસા નગરપાલિકાના ફાયર ફાઈટરો અને ૧૦૮ એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પ્રાથમિક માહિતી મુજબ, ફટાકડા બનાવવાના દારૂગોળામાં પ્રચંડ વિસ્ફોટ થતાં આગ લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે, બાજુમાં આવેલું ગોડાઉન ધરાસાશી થયું હતું અને કાટમાળ ૨૦૦ મીટર દૂર સુધી ફેલાયો હતો.

મજૂરો ફટાકડા બનાવી રહ્યા હતા ત્યારે, અચાનક વિસ્ફોટ થતાં મજૂરોના માનવ અંગો પણ દૂર દૂર સુધી ફેંકાયા હતા. બાજુના ખેતરમાંથી પણ માંસના લોચા મળી આવ્યા હતા. ઘટનાસ્થળે ભારે અફરાતફરી મચી ગઈ હતી. ફાયર વિભાગના કર્મચારીઓ આગને કાબૂમાં લેવાના પ્રયાસો કરી રહ્યા છે. જો કે, આગની ભયાનકતાના કારણે મોતનો આંકડો વધવાની શક્યતા છે. આ ઘટનામાં કેટલા મજૂરો હાજર હતા અને કેટલા મજૂરો સુરક્ષિત છે તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી પ્રાપ્ત થઈ નથી. પરંતુ, ૧૧ જેટલા મજૂરની લાશ બહાર કાઢવામાં આવી છે. જ્યારે પાંચ જેટલા ઘાયલ મજૂરને ડીસા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયા છે. ડીસાના ધારાસભ્ય પ્રવીણ માળી, ડીસા નાયબ કલેકટર નેહા પંચાલ, ડીસા ડી.વાય.એસ.પી સી.એલ. સોલંકી, મામલતદાર વિપુલ બારોટ સહિત તંત્રના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

ડીસાના એસ.ડી.એમ નેહા પંચાલે જણાવ્યું હતું કે,એક બ્લાસ્ટનો અવાજ સંભળાયો. જેના કારણે એક ધાબું પડી ગયું. જેથી કેટલાક લોકો દટાઇ ગયા હતા. આ બધાને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. છ લોકો હાલ સારવાર હેઠળ છે. જેમાંથી ત્રણ જેટલા લોકો ૪૦ ટકાથી વધુ દાઝ્યા છે.

પ. બંગાળમાં સિલિન્ડર બ્લાસ્ટ, સાતના મોત

મૃતકોમાં ૪ બાળકો અને ૨ મહિલાઓ સામેલ, ઘરમાં રાખેલા ફટાકડા સળગવાથી આગ ફેલાઈ



કોલકાતા

પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના પાથર પ્રતિમા વિસ્તારમાં સોમવારે રાત્રે ગેસ સિલિન્ડર વિસ્ફોટમાં સાત લોકોના મોત થયા હતા. મૃતકોમાં ૪ બાળકો અને ૨ મહિલાઓનો સમાવેશ થાય છે. જ્યારે, એક ઘાયલ મહિલાને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. સુંદરબન જિલ્લાના એસપી કોટેશ્વર રાવના જણાવ્યા અનુસાર, આ અકસ્માત રાત્રે ૯ વાગ્યે પાથર પ્રતિમા બ્લોકના ઢોલાઘાટ ગામમાં થયો હતો. બધા મૃતદેહો મળી આવ્યા છે. મૃત્યુ પામેલા લોકો એક જ પરિવારના છે.

શરૂઆતની તપાસમાં પોલીસને ખબર પડી કે ૨ ગેસ સિલિન્ડરમાં બ્લાસ્ટ થયો હતો. આના કારણે ઘરમાં રાખેલા ફટાકડા પણ બળી ગયા, જેના કારણે આગ વધુ ઝડપથી ફેલાઈ ગઈ. આ ઘટનામાં ૭ લોકોના મોત થયા હતા. પોલીસ વધુ તપાસ કરી રહી છે કે ઘરમાં ફટાકડા બનાવવાનો કોઈ ગેરકાયદે ધંધો ચાલી રહ્યો હતો કે કેમ. પોલીસે જણાવ્યું કે આગની માહિતી મળતા જ ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

સ્થાનિક વહીવટીતંત્રની મદદથી રાહત અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. હવે પરિસ્થિતિ નિયંત્રણમાં છે. આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો છે. બચાવ કામગીરી પૂરી થઈ ગઈ છે. હાલમાં આ વિસ્તારને કોર્ડન કરી દેવામાં આવ્યો છે.

યેશુ-યેશુવાળા ખ્રિસ્તી પાદરીને આજીવન કેદની સજા

મોહાલીમાં સુરક્ષા વધારાઈ; પાદરી બજિન્દર પટિયાલા જેલમાં સજા ભોગવશે

મોહાલી

યેસુ-યેશુ ખ્રિસ્તી ધાર્મિક નેતા પાદરી બજિન્દર સિંહને બળાત્કારના કેસમાં આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. ૨૮ માર્ચે મોહાલી કોર્ટે આ કેસમાં બજિન્દર સિંહને દોષિત ઠેરવ્યો હતો. બાકીના પાંચ આરોપીઓ પાદરી જતિન્દર કુમાર અને અકબર ભાટી, રાજેશ ચૌધરી, સિતાર અલી અને સંદીપ પહેલવાનને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. એક આરોપી, સુચ્ચા સિંહ, ટ્રાયલ દરમિયાન મૃત્યુ પામ્યો હતો.મોહાલી કોર્ટે તેને આ સજા આપી બાદ મોહાલી કોર્ટની આસપાસ સુરક્ષા વધારી દેવામાં આવી છે.



બજિંદરને ૩ દિવસ પહેલા કોર્ટે દોષિત ઠેરવ્યો હતો. જે બાદ તેમને પટિયાલા જેલમાં રાખવામાં આવ્યા હતા. બજિન્દર પર આરોપ છે કે તે મહિલાને વિદેશમાં સેટલ કરાવવાના બહાને તેના ઘરે લઈ ગયો હતો. જ્યાં તેની સાથે બળાત્કાર ગુજારવામાં આવ્યો અને તેનો વીડિયો બનાવવામાં આવ્યો. તેણે તે મહિલાને ધમકી પણ આપી હતી કે જો તે વિરોધ કરશે તો તે વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરશે. આ કેસમાં પીડિતાના વકીલે કહ્યું કે તેને છેલ્લા શ્વાસ સુધી જેલમાં રહેવું પડશે. પીડિતાએ આ કેસમાં કોર્ટ અને પોલીસનો આભાર માન્યો. આ સજા એવા સમયે સંભળાવવામાં આવી છે જ્યારે બજિન્દર સિંહ બીજી મહિલા પર જાતીય હુમલો અને હુમલાના બીજા કેસમાં ફસાયેલ છે.

ઉત્તરાખંડમાં ૧૭ સ્થળોના નામ બદલાયા

ઔરંગઝેબપુર બન્યું શિવાજી નગર, ખાનપુર હવે શ્રી કૃષ્ણપુર

હરિદ્વાર,

ઉત્તરાખંડના ૪ જિલ્લાના ૧૭ સ્થળોના નામ બદલવામાં આવ્યા છે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ હરિદ્વાર, દહેરાદૂન, નૈનિતાલ અને ઉધમ સિંહ નગર જિલ્લામાં સ્થિત વિવિધ સ્થળોના નામ બદલવાના નિર્ણયને મંજૂરી આપી છે. મુખ્યમંત્રી ધામીએ જણાવ્યું હતું કે આ સ્થળોના નવા નામકરણ લોકોની લાગણી અને ભારતીય સંસ્કૃતિ અને વારસા અનુસાર કરવામાં આવી રહ્યા છે. કોંગ્રેસે આ નિર્ણય અંગે સરકાર પર પ્રહારો કર્યા છે.

સમાચાર એજન્સી ANIના અહેવાલ મુજબ, એક મહત્વપૂર્ણ નિર્ણય લેતા, મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ હરિદ્વાર, દહેરાદૂન, નૈનિતાલ અને ઉધમ સિંહ નગર જિલ્લામાં સ્થિત વિવિધ સ્થળોના નામ બદલવાની જાહેરાત કરી છે. સરકાર દ્વારા જાહેર કરાયેલી યાદી મુજબ, હરિદ્વાર જિલ્લાના ઔરંગઝેબપુરનું નામ શિવાજી નગર રાખવામાં આવશે. ગાઝીવાલીને આર્યનગર, ચાંદપુરને જ્યોતિબા ફૂલે નગર, મોહમ્મદપુર જાટને મોહનપુર જાટ, ખાનપુર કુર્સાલીને આંબેડકર નગર, ઈદ્રીશપુરને નંદપુર, ખાનપુરને શ્રી કૃષ્ણપુર અને અકબરપુર ફઝલપુરને વિજયનગર નામ આપવામાં આવ્યું છે.

દહેરાદૂન જિલ્લામાં દહેરાદૂન મ્યુનિસિપલ કોર્પોરેશન બ્લોકના મિયાનવાલાને રામજીવાલા, વિકાસનગર બ્લોકના પીરવાલાને કેસરી નગર, વિકાસનગરના ચાંદપુર ખુર્દને પૃથ્વીરાજ નગર અને સહસપુર બ્લોકના અબ્દુલ્લાપુરને દક્ષાનગર નામ આપવામાં આવ્યું છે. નૈનિતાલ જિલ્લામાં નવાબી રોડનું નામ અટલ માર્ગ, પંચક્કીથી આઈઆઈટી રોડનું નામ ગુરુ ગોલવારકર માર્ગ રાખવામાં આવ્યું છે. વધુમાં, ઉધમસિંહ નગર જિલ્લાની સુલતાનપુર પટ્ટી નગર પંચાયતનું નામ બદલીને કૌશલ્યા પુરી કરવામાં આવ્યું છે.

આ નિર્ણય અંગે સીએમ પુષ્કર સિંહ ધામીએ જણાવ્યું હતું કે વિવિધ સ્થળોના નામ બદલવાનું કામ લોકોની ભાવના અને ભારતીય સંસ્કૃતિ અને વારસા અનુસાર કરવામાં આવી રહ્યું છે જેથી લોકો ભારતીય સંસ્કૃતિ અને તેના સંરક્ષણમાં યોગદાન આપનારા મહાપુરુષો પાસેથી પ્રેરણા લઈ શકે. ઉત્તરાખંડ સરકારના આ નિર્ણય પર કોંગ્રેસના નેતા હરીશ રાવતે કહ્યું કે અમે ન તો તેના પક્ષમાં છીએ અને ન તો તેની વિરુદ્ધ. અમે ફક્ત એટલું જ કહેવા માંગીએ છીએ કે નામ બદલવાનો ભાજપનો એજન્ડા બની ગયો છે કારણ કે તેમની પાસે વાસ્તવિક કામ બતાવવા માટે કંઈ નથી.

પાકિસ્તાનમાં ૪.૭ની તીવ્રતાનો ભૂકંપ

બલૂચિસ્તાનમાં આવેલા ભૂકંપની અસર છેક કરાંચી સુધી થઈ

બલૂચિસ્તાન,

૨૮ માર્ચે મ્યાનમારમાં આવેલા પ્રચંડ ભૂકંપથી મૃત્યુઆંક વધીને ૨,૦૫૬ થઈ ગયો છે, જ્યારે ૩,૯૦૦ થી વધુ લોકો ઈજાગ્રસ્ત છે અને લગભગ ૨૭૦ લોકો હજુ પણ ગુમ છે. જોકે હવે ભારતના પડોશી દેશ પાકિસ્તાનમાં ભૂકંપ આવ્યો હોવાના અહેવાલો સામે આવ્યા છે. બલૂચિસ્તાનમાં આવેલા ભૂકંપની અસર છેક કરાંચી સુધી થઈ છે. રિએક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૪.૭ આંકવામાં આવી છે. ધરતી ધ્રૂજતા ભારે અફરાતફરી સર્જાઈ હતી



અને અનેક લોકો ઘરોની બહાર દોડી આવ્યા હતા. કરાંચીમાં અનેક લોકોએ ભૂકંપની સ્થિતિ સોશિયલ મીડિયા પર શેર કરી છે.ધરતી ધ્રૂજતા લોકો ઘરની બહાર દોડી આવ્યા.

મળતા અહેવાલો મુજબ ભૂકંપનું કેન્દ્ર બિંદુ બલૂચિસ્તાન પ્રાંતની જમીનમાં ૧૦ કિલોમીટર અંદર હતું. લોકોએ કહ્યું કે, કરાંચીમાં સોમવારે સાંજે સ્થાનિક સમય અનુસાર ૪.૧૧ કલાકે ધરતી ધ્રૂજી હોવાનો અહેસાસ થયો હતો અમેરિકન એજન્સી USGSએ કહ્યું કે, ભૂકંપનું કેન્દ્ર બલૂચિસ્તાનના ઉથલ શહેરથી ૬૫ કિલોમીટર પૂર્વ-દક્ષિણ-પૂર્વમાં સ્થિત હતું. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪થી વધુ આંકવામાં હતી, જેના કારણે કરાંચી સુધી ભૂકંપ અનુભવાયો છે. થોડા દિવસ પહેલા જ ભૂકંપના કારણે મ્યાનમાર અને થાઈલેન્ડમાં વ્યાપક તબાહી મચી ગઈ હતી, જેના કારણે પાકિસ્તાનમાં પણ લોકો ડરી ગયા છે.

કાળઝાળ ગરમી : તાપમાન ૪૦ ડિગ્રીને પાર, એપ્રિલ બનશે આકરો

નવીદિલ્હી,

માર્ચ મહિનામાં દેશના ઘણા રાજ્યોમાં ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. ઓડિશાના ઘણા વિસ્તારોમાં ગરમીનો પ્રકોપ ચાલુ છે. આઠ સ્થળોએ મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ નોંધાયું હતું. પશ્ચિમ ઓડિશામાં આવેલું બૌધ શહેર ૪૧.૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે રાજ્યનું સૌથી ગરમ સ્થળ હતું.



ભુવનેશ્વર હવામાન કેન્દ્ર દ્વારા જારી કરાયેલા હવામાન બુલેટિન અનુસાર, ઝારસુગુડામાં દિવસનું તાપમાન ૪૧.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે સંબલપુરમાં તે ૪૧.૨ ડિગ્રી સેલ્સિયસ હતું. રવિવારે પશ્ચિમ ઓડિશાના હીરાકુડ, બોલાંગીર અને તિતલાગઢ શહેરોમાં પણ મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.હવામાન વિભાગના બુલેટિનમાં જણાવાયું છે કે સુંદરગઢ અને ભવાનીપટનામાં મહત્તમ તાપમાન અનુક્રમે ૪૦.૩ ડિગ્રી અને ૪૦.૮ ડિગ્રી નોંધાયું હતું. ઓડિશાની રાજધાની ભુવનેશ્વરમાં તાપમાન ૩૭.૧ ડિગ્રી સેલ્સિયસ અને કટકમાં ૩૭.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાન વિભાગે જણાવ્યું હતું કે આગામી પાંચ દિવસ દરમિયાન ઓડિશામાં દિવસ અને રાત્રિના તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર થશે નહીં.

દિલ્હીમાં મહત્તમ તાપમાન ૩૨.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે આ સિઝનના સરેરાશ તાપમાન કરતાં ૦.૨ ડિગ્રી ઓછું હતું. ભારતીય હવામાન વિભાગે રાષ્ટ્રીય રાજધાનીમાં ભારે પવન ફૂંકાશે અને મહત્તમ અને લઘુત્તમ તાપમાન અનુક્રમે ૩૩ અને ૧૭ ડિગ્રી સેલ્સિયસ રહેવાની આગાહી કરી છે.

વકફ સુધારા બિલ આવતીકાલે રજૂ થઇ શકે છે



વકફ બોર્ડ પાસે કેટલી મિલકત છે ?

૨૦૨૨માં ભારત સરકારે અહેવાલ આપ્યો કે દેશમાં ૭.૮ લાખથી વધુ વકફ સ્થાવર મિલકતો છે. આ પૈકી ઉત્તરપ્રદેશ વકફમાં સૌથી વધુ, બે લાખથી વધુ સ્થાવર મિલકતો છે. ૨૦૦૯ પછી વકફની મિલકતો બમણી થઈ ગઈ છે. લઘુમતી કલ્યાણ મંત્રાલયે ડિસેમ્બર ૨૦૨૨માં લોકસભામાં માહિતી આપી હતી. એ મુજબ વકફ બોર્ડ પાસે ૮,૬૫,૬૪૪ સ્થાવર મિલકતો છે. લગભગ ૯.૪ લાખ એકર વકફ જમીનની અંદાજિત કિંમત રૂ. ૧.૨ લાખ કરોડ છે.

નવી દિલ્હી,

વકફ સુધારા બિલ ૨ એપ્રિલે સંસદમાં રજૂ થઈ શકે છે. સરકાર પહેલા આ બિલ લોકસભામાં રજૂ કરશે. આ સત્ર ૪ એપ્રિલ સુધી ચાલુ રહેશે. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું - અમે સંસદમાં વક્ફ સુધારા બિલ રજૂ કરવાની તૈયારી કરી રહ્યા છીએ. સંસદની બહાર બિલ પર વ્યાપક ચર્ચાઓ થઈ છે આપણે ગૃહમાં થતી ચર્ચાઓમાં પણ ભાગ લેવો જોઈએ.

રિજિજુએ કહ્યું કે બિલ પર રચાયેલી JPCએ લોકશાહી ભારતના ઇતિહાસમાં અત્યાર સુધીની સૌથી લાંબી પરામર્શ પ્રક્રિયાનો રેકોર્ડ સ્થાપિત કર્યો છે. બધા રાજકીય પક્ષોને વિનંતી છે કે તેઓ લોકોને ગેરમાર્ગે ન દોરે. તેમણે કહ્યું કે નિર્દોષ મુસ્લિમોને એમ કહીને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે કે સરકાર મુસ્લિમોની સંપત્તિ અને અધિકારો છીનવી લેવા જઈ રહી છે.

૨૯ માર્ચે એક ખાનગી ચેનલ સાથે વાત કરતા ગૃહમંત્રી અમિત શાહે કહ્યું હતું કે વકફ બિલ આ સત્ર (બજેટ સત્ર)માં સંસદમાં રજૂ કરવામાં આવશે. શાહે કહ્યું હતું કે આ બિલથી કોઈએ ડરવાની જરૂર નથી.

ભારત આવશે સુનિતા વિલિયમ્સ

અવકાશમાંથી ભારતને જોવાનો અદભુત અનુભવ- સુનીતા

અંતરીક્ષથી હિમાલય અને ભારતના અન્ય ભાગોના રંગ જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા હતા

વોશિંગ્ટન,

ભારતીય મૂળના અમેરિકન અંતરીક્ષયાત્રી સુનિતા વિલિયમ્સે અંતરીક્ષથી પરત આવ્યા બાદ પહેલી વાર પત્રકાર પરિષદ યોજી હતી. તેમણે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈલોન મસ્કનો આભાર વ્યક્ત કર્યો. તેમણે કહ્યું હતું કે ધરતી પર પરત આવીને સારું લાગી રહ્યું છે.

સુનિતા વિલિયમ્સ જલ્દી જ ભારત પણ આવશે. તેમણે કહ્યું છે, કે ' મને આશા છે કે મારા પિતાના દેશ અને આગામી એક્સીઓમ મિશન પર જનારા ભારતીય નાગરિકો સાથે જલ્દી જ મુલાકાત કરીશ. અને મારા અનુભવ વર્ણવીશ. ભારત એક મહાન દેશ છે અને એક અદ્ભુત લોકતંત્ર છે જે



અંતરીક્ષ ઉદ્યોગ ડગલાં ભરી રહ્યું છે. અમે તેનો હિસ્સો બની મદદ કરવાનું પસંદ કરીશું.'

તેમણે એમ પણ જણાવ્યું હતું કે અંતરીક્ષથી હિમાલય અને ભારતના અન્ય ભાગોના રંગ જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. દિવસ અને રાત બંને સમયે ભારતને જોવું એક અવિશ્વસનીય અનુભવ હતો. વિલિયમ્સે જણાવ્યું હતું કે પૃથ્વી પર પરત આવ્યા બાદ સૌથી પહેલા તેમણે પોતાના પતિ અને પાલતુ કૂતરાઓને ગળે લગાવ્યા. સૌથી પહેલા ગ્રીલ્ડ સેન્ડવીચનો સ્વાદ માણ્યો અને પિતાને યાદ કર્યા. ગયા વર્ષે સુનિતા વિલિયમ્સ અને બુચ વિલમોર આઠ દિવસના એક મિશન પર સ્ટારલાઈનરમાં સવાર થઈને અંતરીક્ષમાં ગયા હતા. જોકે ટેકનિકલ સમસ્યાના કારણે તેમણે ૯ મહિના સુધી અંતરીક્ષમાં જ રોકાવવું પડ્યું હતું. જે બાદ ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સે એક સ્પેશિયલ મિશન લોન્ચ કર્યું હતું. નોંધનીય છે કે સુનિતા વિલિયમ્સ મૂળ ભારતીય અમેરિકન અંતરીક્ષયાત્રી છે. તેમનો જન્મ ૧૯ સપ્ટેમ્બર ૧૯૬૫ના રોજ અમેરિકામાં થયો હતો. તેમના પિતા દિપક પંડ્યાનું મૂળ વતન ગુજરાતનાં મહેસાણા જિલ્લામાં સ્થિત ઝુલાસણ ગામ છે. તેઓ ૧૯૫૭માં મેડિકલના શિક્ષણ માટે અમેરિકા ગયા હતા.

વિદેશ મોકલવાની લાલચ આપી ૪૨.૬૧ લાખની ઠગાઈ

ન્યૂઝીલેન્ડ અને લંડનનો સ્ટુડન્ટ વિઝા તેમજ વર્ક પરમિટ અપાવવાના બહાને કન્સલ્ટન્સી સંચાલક દ્વારા ઠગાઈ



સુરત

સુરતના પારલે પોઈન્ટ વિસ્તારમાં આવેલી યુ.વીન કન્સલ્ટન્સી દ્વારા વિદેશ મોકલવાની લાલચ આપી ૪૨.૬૧ લાખની મોટેભાગની ઠગાઈ કરવામાં આવી હોવાનો ખુલાસો થયો છે. ન્યૂઝીલેન્ડ અને લંડનનો સ્ટુડન્ટ વિઝા તેમજ વર્ક પરમિટ અપાવવાના બહાને કન્સલ્ટન્સી સંચાલક અને એજન્ટો દ્વારા એક યુવતી અને બે યુવાનો સાથે છેતરપિંડી કરવામાં આવી હતી. આ મામલે સુરત કાઈમ બ્રાંચમાં ચાર આરોપીઓ સામે ફરિયાદ નોંધાઈ છે.

ભાટપોર નંદલાય રેસીડેન્સીમાં રહેતી ૨૮ વર્ષીય સલોની હેમંતભાઈ વશી, જે ખાનગી કંપનીમાં નોકરી કરે છે, લંડન જવા માંગતી હતી. ૨૦૨૩માં તેણે સોશિયલ મીડિયા પર પારલે પોઈન્ટ સ્થિત રાજહંસ ઓરનેટમાં આવેલી યુ.વીન કન્સલ્ટન્સીની જાહેરાત જોઈ હતી. આ કન્સલ્ટન્સી વિદેશમાં વિઝા અને વર્ક પરમિટ અપાવવાની ગેરંટી આપતી હોવાના દાવા કરતી હતી.સલોની કન્સલ્ટન્સીમાં એજન્ટ સૌરભ મહેતા તથા સંચાલક પ્રતિક પવાર અને સાધના પવારને મળી. તેમણે સ્ટુડન્ટ વિઝા માટેની માહિતી આપીને વધુમાં લંડનમાં વાર્ષિક રૂ.૨૮ લાખની નોકરી મળે એવી લાલચ આપી. વિશ્વાસમાં આવી ગયેલી સલોનીએ ટુકડે-ટુકડે રૂ.૨૮.૫૧ લાખ આપી દીધા. જોકે, કન્સલ્ટન્સીએ માત્ર ઝૂમ પર ઓનલાઈન ઈન્ટરવ્યૂ કરાવી ભ્રમમાં રાખી અને પછી અલગ-અલગ કંપનીઓના ઓફર લેટર મોકલ્યા હતા.

આ જ કન્સલ્ટન્સી દ્વારા કિશન કિશોરભાઈ ઘરસંડીયાને ન્યુઝીલેન્ડની વર્ક પરમિટ અપાવવાની લાલચ આપી રૂ.૫.૫૦ લાખ તથા પરેશ નારાયણ જાનીને યુ.કેની વર્ક પરમિટ અપાવવાના બહાને રૂ.૮.૬૦ લાખ પડાવી લેવામાં આવ્યા હતા.

કપડવંજ હાઈવે પર બસ સાથે કારની ટક્કર એકનું મોત અને ૧૫થી વધુ મુસાફરો ઘાયલ

ગાડીના આગળના ભાગનો કચ્ચરઘાણ વળી ગયો, થારનું પતરું ચીરીને મૃતદેહને બહાર કઢાયો





ગાંધીનગર

કપડવંજથી નડિયાદ જતી ST બસ અને થાર વચ્ચે અકસ્માતમાં થાર ગાડીના ચાલકનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. થાર ગાડીનો કચ્ચરઘાણ વળી ગયો હોવાથી ગાંધીનગર જિલ્લાના થાર ગાડીના ચાલકને પતરું કાપીને બહાર કાઢવામાં આવ્યો હતો. સદનસીબે બસમાં સવાર તમામને સામાન્ય ઈજાઓ થતા વધુ જાન હાની થતા અટકી હતી.

કપડવંજથી એસટી બસ નીકળી નડિયાદ તરફ જવા રવાના થઈ હતી. ત્યારે બપોરે ૩:૩૦થી ૪ કલાક દરમિયાન ફત્યાવાદ નજીક નર્મદા નહેરના પુલ પાસે થાર કાર અને એસટી બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો.

એપ્રિલના પ્રારંભમાં કમોસમી વરસાદની આગાહી : કેરી પકવતા ખેડૂતોની ચિંતા

અમદાવાદ,

આજથી એપ્રિલ મહિનો શરૂ થઈ ચૂક્યો છે. જો કે, ગરમીએ તેનો અસલી રંગ માર્ચમાં જ બતાવી દીધો હતો. હાલ રાજ્યમાં અનેક શહેરોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીએ પહોંચી રહ્યો છે. તેની વચ્ચે હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ કમોસમી વરસાદની પણ આગાહી કરી છે. આજની વાત કરીએ તો, આજે હવામાન વિભાગે પોરબંદર, ગીર સોમનાથ અને દીવમાં હીટવેવની જ્યારે મધ્ય ગુજરાતના ચાર, સૌરાષ્ટ્રના ત્રણ અને દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં કમોસમી વરસાદની આગાહી કરી છે. ૩૧ માર્ચે રાજ્યમાં ૪૧.૧ ડિગ્રી તાપમાન સાથે રાજકોટ રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું.

આજે ૧ એપ્રિલના રોજ હવામાન વિભાગ દ્વારા હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. મધ્ય ગુજરાતમાં વડોદરા, પંચમહાલ, દાહોદ અને છોટા ઉદેપુર તેમજ દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓ જેમાં ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં કરવામાં આવી છે. સૌરાષ્ટ્રમાં ગીર સોમનાથ, ભાવનગર અમરેલી અને દીવ માટે છૂટાછવાયાં સ્થળોએ વરસાદની આગાહી કરવામાં આવી છે. તેમજ થન્ડરસ્ટોર્મની વોર્નિંગ પણ આપવામાં આવી છે.

ચોટીલામાંથી મોટી સંખ્યામાં વિસ્ફોટક પદાર્થનો જથ્થો ઝડપાયો

અમદાવાદ,

ગુજરાત રાજ્યના ચોટીલામાંથી મોટી સંખ્યામાં વિસ્ફોટક પદાર્થ જપ્ત કરવામાં આવ્યો છે. મળતા અહેવાલ પ્રમાણે ચોટીલા પ્રાંત અધિકારીએ વિસ્ફોટક પદાર્થોના સંગ્રહ અને વેચાણના ચાર ગોડાઉનો પર દરોડા પાડીને મોટી કાર્યવાહી હાથ ધરી છે. દરોડામાં રૂ. ૬૭ લાખની કિંમતનો વિસ્ફોટક પદાર્થ જપ્ત કરવામાં આવ્યો છે.

ચોટીલા, નાવા, મેવાસા અને સરસાણા વિસ્તારોમાં આવેલા આ ગોડાઉનો અનિરુદ્ધસિંહ પ્રવીણસિંહ ઝાલા, જાડેજા ધ્રુવરાજસિંહ અને પી. ડી. રાવલના હોવાનું સામે આવ્યું છે.દરોડા દરમિયાન ખનન કાર્યો માટે ઉપયોગમાં લેવાતા વિસ્ફોટક પદાર્થોનો જથ્થો જપ્ત કરાયો હતો, જેમાં એલ્યુમિનિયમ સુપર ઈલેક્ટ્રિક ડિટોનેટેડ સોલાર કાર્ડ, ઈકો પ્રાઈમ સુપર પાવર-૯૦ જેવા વિસ્ફોટકોનો સમાવેશ થાય છે.

મહેસાણામાં એવિએશન કંપનીનું ટ્રેઈની વિમાન ક્રેશ

મહિલા પાયલટ ઘાયલ, તાત્કાલિક મહેસાણાની વાઈબ્રન્ટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા



મહેસાણા

મહેસાણાના ઉંચરપી નજીક એક ટ્રેઈની વિમાન તૂટી પડતા મહિલા પાયલટ ઘયલ થઈ હતી. સારવાર અર્થે તેને હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. બ્લૂ રે નામની પ્રાઈવેટ એવિએશન કંપનીનું ટ્રેનિંગ વિમાન ખેતરમાં ક્રેશ થયું હતું. આ અકસ્માતમાં વિમાનમાં સવાર મહિલા ટ્રેઈની પાઈલટ ઘાયલ થઈ હતી.બ્લૂ રે એવિએશન કંપની દ્વારા પાઈલટ માટે ટ્રેનિંગ આપવામાં આવી રહી હતી. ટ્રેનિંગ દરમિયાન વિમાન અચાનક ખેતરમાં ક્રેશ થયું હતું. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક તંત્ર અને પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયાં હતાં.

ઘાયલ મહિલા પાઈલટને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.બેભાન ટ્રેઈની મહિલા પાઈલટની તસવીર સામે આવી મહેસાણાના એરોડ્રોમ સ્થિત પાઈલટ ટ્રેનિંગ સેન્ટરથી ઉડાન ભરેલું ટ્રેનિંગ વિમાન ઉંચરપી ગામના એરંડાના ખેતરમાં ક્રેશ થયું હતું. આ દુર્ઘટનામાં ટ્રેઈની પાઈલટ અલેખ્યા ઈજાગ્રસ્ત થઈ છે. તેને તાત્કાલિક મહેસાણાની વાઈબ્રન્ટ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

કચ્છમાં પુત્રના પ્રેમ લગ્નની સજા પિતાને મળી યુવતીના નારાજ પરિવારજનોએ કરી હત્યા

ભુજ,

કચ્છના માંડવી તાલુકાના બીદડા ગામે પ્રેમલગ્ન કરનાર પુત્રના પિતાની જાહેરમાં હત્યા કરવામાં આવી છે. આ હત્યા બીજા કોઈએ નહીં પરંતુ પ્રેમલગ્નથી નારાજ યુવતીનાં પરિવારજનોએ જ કરી છે. યુવકના પિતા બસ સ્ટેશન પાસે બેઠા હતા તે દરમિયાન રોષે ભરાયેલી સાસુ બે મહિલાઓ સાથે આવીને ધોકો લઈ તૂટી પડી હતી. વેવાઈ દમ ના તોડે ત્યાં સુધી સાસરીપક્ષ મારતો રહ્યો હતો. બીજી તરફ ત્યાં આસપાસમાં કેટલાય લોકો હાજર હતા. જોકે, તેઓ માત્ર તમાશો જોતા રહ્યા હતા.

કચ્છના માંડવી તાલુકાના બીદડા ગામે જ્યાં પુત્રના પ્રેમલગ્ન બાબતે પિતાને પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે. પુત્રના સાસરીપક્ષની ત્રણ મહિલાઓ અને એક પુરુષે સાથે મળી ૭૫ વર્ષના વૃદ્ધ ઉપર જીવલેણ હુમલો કર્યો હતો. લાકડીથી તેમજ ઢીકાપાટુનો માર માર્યો હતો. આરોપીઓ એટલી હદે ઉશ્કેરાટમાં આવી ગયા હતા કે, વૃદ્ધ ભાનમાં ન રહ્યા ત્યાં સુધી મારતા રહ્યા હતા. આ ઘટનામાં ઘાયલ વૃદ્ધનું ત્રણ દિવસની સારવાર બાદ આજે હોસ્પિટલમાં મૃત્યુ નીપજયું છે. કોડાય પોલીસે ત્રણ મહિલા સહિત ચાર સામે દાખલ કરેલી ફરિયાદમાં હત્યાની કલમનો ઉમેરો કર્યો છે.

પોલીસની કારમાંથી દારૂની બોટલો મળી આવતાં પીએસઆઈ સસ્પેન્ડ

સુરત,

સુરતમાં પોલીસની કારમાંથી દારૂની બોટલો મળી આવતાં પીએસાઈ એ.એ. પટેલ ઝડપાયા હતા, પોલીસ તાત્કાલિક ધોરણે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

માહિતી અનુસાર, સુરતમાં ગઈકાલે પોલીસની નંબર પ્લેટવાળી ખાનગી કારમાંથી દારૂની બોટલો સાથે પીએસઆઈ એ.એ. પટેલ ઝડપાયા હતા. રાંદેર પોલીસ સ્ટેશનમાં પીએસઆઈ પટેલ ફરજ પર હતા. પોલીસ પ્લેટવાળી પોતાની ખાનગી કારમાં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે તેમને દારૂની બોટલો અને નશાની હાલતમાં પકડાયાં હતા. આ દરમિયાન ત્યાં હાજર લોકોએ સમગ્ર ઘટનાનો વીડિયો બનાવીને વાયરલ કરી દીધો હતો. જોકે, આ દરમિયાન એવો દાવો કરવામાં આવ્યો હતો કે પીએસઆઈ પટેલને બચાવવા માટે, તેમને રિક્ષામાં ઘરે મોકલવામાં આવ્યા હતા જેથી મામલો થાળે પડી શકે.

જોકે, આ બાબતની નોંધ એક વરિષ્ઠ પોલીસ અધિકારી દ્વારા લેવામાં આવી હતી. સમગ્ર ઘટનાની માહિતી મળ્યા બાદ, પોલીસ કમિશનરના આદેશથી,પીએસઆઈ એ.એ. પટેલનું સિવિલ હોસ્પિટલમાં તબીબી પરીક્ષણ કરવામાં આવ્યું.

પત્નીના દિયર સાથે આડા સંબંધોને લઈને નાનાભાઈની થઈ હત્યા

છોટાઉદેપુર,

પતિ પત્ની વચ્ચે જ્યારે પણ કોઈ ત્રીજી વ્યક્તિનું આગમન થાય ત્યારે તેનું પરિણામ ઘાતક આવતું હોય છે. અને કંઈક આવું જ ઘાતક પરિણામ સામે આવ્યું છે છોટાઉદેપુરના ગુડા ગામે. અહીંયા એક વ્યક્તિની તેના જ નાના ભાઈએ ઘાતકી હત્યા કરી નાખી જેના પાછળનું કારણ ચોકાવનારૂ છે.

છોટાઉદેપુરના ગુડા ગામમાં મોરશનભાઈ ભોળિયાભાઈ રાઠવા તેમના પરિવાર સાથે રહેતા હતા. તેમનો હસતો રમતો પરિવાર હતો. જોકે તેમને ક્યાં ખબર હતી કે તેમની પત્નીના આડાસંબંધો પણ છે અને તે પણ કોઈ બીજા સાથે નહીં પરંતુ તેમના જ નાના ભાઈ શંકર રાઠવા સાથે. તેમની પત્નીની આડા સંબંધો હતા.

પત્નીના દિયર સાથે આડા સંબંધોને લઈને તેને પતિ આંખમાં કણાની જેમ ખૂંચતો હતો. બીજી તરફ ભાઈને પણ ભાભી સાથે રહેવાની જીદ હતી. જેથી બંનેએ ભેગા મળીને મોરશનની હત્યાનું કાવતરું રચ્યું હતું. જેના વિશે સાંભળીને તમારા પણ રૂંવાડા ઉભા થઈ જશે.જે સમયે હત્યા કરવામાં આવી તે સમયે પતિ સુઈ રહ્યો હતો. ભાઈ તેના નજીક આવ્યો અને તેણે પરાઈથી ઉપરા છાપરી તેના મોઢાના અને માથાના ભાગે ઘા માર્યા જેના કારણે તેનું મોત નીપજ્યું હતું. જોકે હત્યાને અંજામ આપ્યા બાદ ભાઈ ત્યાંથી ભાગી ગયો હતો.

સમગ્ર મામલે પોલીસને જાણ થતાં જ પોલીસ સ્થળ પર પહોંચી અને મૃતદેહને પીએમ અર્થે ખસેડ્યો હતો. ઘરના સભ્યોને આ વાતની જાણ છેક સવારે થઈ હતી.

કુપોષણ પર કરોડો ખર્ચ કર્યા પછી પણ પાંચ વર્ષમાં ૧૮,૨૩૧ નવજાત બાળકોના મોત

ગાંધીનગર,

કુપોષણ મુક્ત ગુજરાતનો નારો ગુંજારવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત, કુપોષણ પર કરોડો રૂપિયા ખર્ચવામાં આવી રહ્યા છે, પરંતુ બાળ મૃત્યુદરમાં કોઈ સુધારો થયો નથી. ઝછ્ય રિપોર્ટમાં ખુલાસો થયો છે કે છેલ્લા પાંચ વર્ષમાં જન્મના ૨૪ કલાકની અંદર ૧૮,૨૩૧ નવજાત શિશુઓ મૃત્યુ પામ્યા છે. આ ઉપરાંત, ૮૩,૫૩૮ નવજાત શિશુઓ એક વર્ષ પણ જીવી શક્યા નથી. આમ, ગુજરાત સરકાર કુપોષણને કાબુમાં લેવામાં ખરાબ રીતે નિષ્ફળ ગઈ છે.

ગુજરાતમાં માતાના પોષણના નામે લાખો કરોડ રૂપિયા ખર્ચવામાં આવી રહ્યા છે, છતાં જન્મ સમયે ઓછું વજન અને અપૂરતી વૃદ્ધિ ધરાવતા કુપોષિત બાળકોની સંખ્યા વધી રહી છે. આ સાથે, નવજાત શિશુઓનો મૃત્યુદર પણ વધી રહ્યો છે જે ચિંતાનો વિષય બન્યો છે. ગુજરાત સરકારે ૫૦૯ કરોડ રૂપિયા ખર્ચ કર્યા છે, છતાં આજે ગુજરાતમાં ૫.૪૦ લાખ બાળકો કુપોષિત છે.

પૂરતા આહાર-વિટામિનથી કુપોષણની ઘટનાઓમાં ઘટાડો થયો નથી. કરોડો રૂપિયાનું બજેટ ફાળવવામાં આવી રહ્યું હોવા છતાં, કુપોષણ સામેની લડાઈમાં ગુજરાત અન્ય રાજ્યો કરતાં ઘણું પાછળ છે. ઝછ્ય રિપોર્ટમાં ખુલાસો થયો છે કે ૨૦૧૭-૧૮ થી ૨૦૨૨-૨૩ દરમિયાન જન્મના ૨૪ કલાકમાં મૃત્યુ પામેલા નવજાત શિશુઓની સંખ્યા ૧૮,૨૩૧ છે. આનો અર્થ એ થયો કે દર વર્ષે હોસ્પિટલમાં સરેરાશ ૩૦૦૦ શિશુઓ મૃત્યુ પામે છે. પાંચ વર્ષમાં, ૮૩,૫૩૮ નવજાત શિશુઓ સારવાર છતાં એક વર્ષ પણ જીવી શક્યા નહીં.

ઓછા જન્મ વજન-અપૂરતી વૃદ્ધિને કારણે નવજાત શિશુઓ મૃત્યુ પામે છે. આ સમયગાળા દરમિયાન, ૮,૧૨,૮૮૬ નવજાત શિશુઓ જન્મ્યા જેનું વજન અઢી કિલોથી ઓછું હતું. જ્યારે માતાઓને પોષણયુક્ત ખોરાક મળતો નથી, ત્યારે કુપોષિત બાળકો જન્મે છે. રાષ્ટ્રીય પોષણ મિશન માર્ગદર્શિકા ૨૦૧૭ અનુસાર, ઓછા જન્મ વજનવાળા શિશુઓના મૃત્યુ દરમાં કોઈ ઘટાડો થયો નથી. આજે પણ ગુજરાતમાં ૨.૫ કિલોથી ઓછા વજનવાળા નવજાત શિશુઓની ટકાવારી ૧૧.૬૩ છે.

અમદાવાદના સાણંદના વિરોચનનગરમાં અકસ્માતમાં ત્રણ લોકોનાં કરૂણ મોત

અમદાવાદ,

સાણંદ તાલુકાના વિરોચનનગર ગામે દર્શન કરીને પાછા વળતાં કારને અકસ્માત થતા દેસાઈ પરિવારના ત્રણ વ્યક્તિએ જીવ ગુમાવ્યો. તો બે લોકોનો આબાદ બચાવ થયો છે. કાર ગટરમાં ખાબકતા અકસ્માત સર્જાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, સાણંદ તાલુકાના વિરોચનનગર ગામે મેલડી માતાજીના દર્શન કરીને પાછા ફરતા કેટા કાર ગટરમાં ખાબકી હતી. ડ્રાઈવરે સ્ટીયરીંગ પર કાબૂ ગુમાવતા ગાડી ગટરમાં ખાબકી હતી. જેમાં દેસાઈ પરિવારના ત્રણ વ્યક્તિઓએ જીવ ગુમાવ્યો છે. જેમાં બે વ્યક્તિનો આબાદ બચાવ થયો છે. મૃતકોના નામ કનુભાઈ રૂગનાથભાઈ દેસાઈ,વિશાલકુમાર ગણેશભાઈ દેસાઈ,દર્શનકુમાર અરજણભાઈ દેસાઈ ,(તમામ મૃતકો ઝુંડાલગામ, રબારી વાસ, ગાંધીનગરના રહેવાસી) છે

આ ઘટના જાણ વિરોચનનગરમાં થતા તાત્કાલિક ૧૦૮ ને જાણ કરા ઘટના સ્થળે આવી પહોંચી હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે સાણંદ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતની વધુ તપાસ કરતા જાણવા મળ્યું કે, મૃતક પરિવાર ગાંધીનગર વિસ્તારના રબારી સમાજના છે. જેમાં ત્રણ વ્યક્તિએ જીવ ગુમાવ્યો અને બે લોકોનો આબાદ બચાવ થયો હતો વધુ તપાસ માટે સાણંદ જી.આઈ.ડી.સી પોલીસ સ્ટેશને હાથ ધરી છે.

બીજી તરફ, રાજકોટ ધોરાજીના ક્રીસ્ટલ સ્કુલ નજીક ગઈકાલે બે ડમ્પરો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ધોરાજીના જામકંડોરણા રોડ પર આવેલ ક્રીસ્ટલ સ્કુલ નજીક સામ?સામે બે ડમ્પરો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં સદનસીબે કોઈ જાનહાનિના સમાચાર બન્યા નથી. અકસ્માતની ઘટના ઝઝૂક્ષમાં કેદ થઈ હતી.

દરમિયાન મહેસાણા બાયપાસ વડોસણ રેલવે ઓવરબ્રિજ પર અજાણ્યા વાહનની ટક્કરે બાઈક ચાલકનું મોત નિપજ્યું હતું. ચાણસ્માથી દર્શન કરી અમદાવાદ પરત ફરી રહેલ ૨૨ વર્ષીય યુવકનું અકસ્માતમાં મોત નિપજ્યું છે.

ભરૂચમાં ત્રણ દિવસમાં માનવ શરીરના ચાર ટુકડા મળતા ચકચાર : જમણો અને ડાબો હાથ મળ્યા

ભરૂચ,

ભરૂચમાં ત્રણ દિવસમાં માનવ શરીરના ચાર ટુકડા મળી આવતા ચકચાર મચી છે. બીજીતરફ પોલીસ પણ માનવ શરીરના ભાગો મળતા ચકરાવે ચડી છે. આ ઘટનાએ સમગ્ર ભરૂચ પંથકમાં હાહાકાર મચાવ્યો છે. શનિવારે ગટર લાઈનમાં એક શખ્સનું કપાયેલું માથું મળી આવ્યું હતું. જે બાદ રવિવારે કાળી થેલીમાં કમરથી ઘૂંટણ સુધીનો ભાગ અને સાંજે જમણો હાથ મળી આવ્યો હતો. જે બાદ આજે સોમવારના રોજ ડાબો હાથ મળી આવ્યો છે. ત્યારે આ વ્યક્તિની ક્રૂર હત્યા કોણે કરી છે તેને લઈ



પોલીસ પર ગોથે ચડી છે. વિવિધ ટીમો બનાવીને પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ભરૂચની દૂધધારા ડેરી પાસેથી ભોલાવ જીઆઈડીસી તરફ જતી વરસાદી કાંસની ગટરમાં શનિવારે એક શખ્સનું ગળેથી કપાયેલું માથું શ્વાન ખેંચી લાવતાં ભારે ચકચાર મચી ગઈ હતી. મૃતકની ઓળખ મેળવવા પોલીસ હજુ પ્રયાસ કરી રહી હતી. ત્યાં જ રવિવારે તેનાથી ૩૦૦ મીટર દૂર તે જ વરસાદી કાંસની ગટરમાંથી કમરથી ઘૂંટણ સુધીનો ભાગ ભેરલી એક પ્લાસ્ટિકની થેલી મળી આવી હતી. ૨૪ કલાકની અંદર જ માનવઅંગોના બે કટકા મળી આવતા પોલીસ પર ચોંકી ગઈ હતી.


પોલીસે હજુ મૃતક વિશે વધુ તપાસ કરી રહી હતી ત્યાં રવિવારની સાંજના ભોલાવ GIDCની સામે આવેલા સેઝ ૨ની ગટરમાંથી મૃતકનો જમણો હાથ મળી આવ્યો હતો. જે બાદ આજે સોમવારની સવારે પણ ત્યાંથી જ કાળી થેલીમાં મૃતકના ડાબા હાથનો ભાગ મળી આવ્યો હતો. જેના કારણે પ્રાથમિક દૃષ્ટિએ માલૂમ પડે છે કે, કોઈએ આ વ્યક્તિની ક્રૂરતાપૂર્વક હત્યા કરી પોલીસને ગુમરાહ કરવા તેના શરીરનાં અંગો કાપી અલગ-અલગ સ્થળે નાખ્યા હોવાનું લાગી રહ્યું છે.પોલીસે આખી ગટરમાં શોધખોળ શરૂ કરી છે.

ઉપરાંત મૃતક કોણ છે, ક્યાંનો છે? તેની ઘાતકી રીતે હત્યા કરી તેના અંગોના ટુકડાઓ કરીને અલગ-અલગ સ્થળે ફેંકનાર હત્યારો કોણ છે?

મહેસાણામાં લૂટેરી દુલ્હને લગ્નની લાલચ આપી ૬ લાખ રૂપિયા પડાવ્યા

મહેસાણા,

મહેસાણામાં એક મોટી છેતરપિંડીની ઘટના સામે આવી છે. જેમાં એક મહિલાએ લગ્નનું વચન આપીને એક યુવકને છેતરીને પૈસા લઈને ભાગી ગઈ છે. હવે આ યુવતી સામે કેસ નોંધવામાં આવ્યો છે અને તપાસ શરૂ કરવામાં આવી છે.મુંબઈની યુવતી ધારા વોરા અને આ યુવક એક પાર્ટનર એપ દ્વારા મળ્યા હતા. મહેસાણાના આ યુવકને મુંબઈની ધારા ગમે છે, તેથી તેણે લગ્નનો મામલો આગળ વધાર્યો. અને ધારાએ આ યુવક પાસેથી લગ્નની લાલચ આપીને



પૈસા માંગ્યા.

જ્યારે આ દુલ્હન લગ્નના નામે છેતરપિંડી કરીને ભાગી ગઈ, ત્યારે હવે મહેસાણા એ-ડિવિઝન પોલીસે યુવતી સામે કેસ નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.મહેસાણાના માનવ આશ્રમ ચોકડી વિસ્તારમાં રહેતા યુવકનો પરિચય મુંબઈના ધારા વોરા સાથે લગ્ન માટે ભાગીદાર તરીકે થયો હતો. જ્યાં ધારાએ આ યુવકને કહ્યું કે તેના બે વાર છૂટાછેડા થઈ ગયા છે. બંને વચ્ચે વાતચીત આગળ વધતાં મામલો લગ્ન સુધી પહોંચ્યો અને મહેસાણાના આ યુવકે ધારા સાથે લગ્ન કરવા સંમતિ આપી.

લગ્ન માટે સંમતિ આપતાં પહેલાં ધારાએ આ યુવક પાસેથી પૈસા માંગ્યા.ધારાએ યુવક પાસેથી ૫ લાખ રૂપિયા માંગ્યા અને કહ્યું કે આ યુવક સાથે લગ્ન કરતા પહેલાં, તેના બે વાર છૂટાછેડા થઈ ચૂક્યા છે અને તેણે લોન ચૂકવવાની છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓ દ્વારા થયેલ ટિપ્પણીના વિરોધમાં દ્વારકા તમામ સંસ્થા-જ્ઞાતિના આગેવાનોમાં ભભૂક્યો રોષ


તસવીરઃ રાકેશ સામાણી

તમામ જ્ઞાતિ, સંસ્થાના આગેવાનો દ્વારા મિટિંગ યોજાઈ : આગામી દિવસોમસ ઉપવાસ આંદોલન અને બંધ સહિતના કાર્યક્રમોની કરાઈ જાહેરાત

દ્વારકા : યાત્રાધામ દ્વારકામાં દ્વારકાધીશ જગત મંદિરમાં સેવા પૂજા કરનારા ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ પ૦૫ સમસ્ત દ્વારા ગઈકાલે બ્રહ્મપુરી નંબર ૧માં સાંજે પઃ૩૦ વાગ્યે સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓ દ્વારા ભગવાન દ્વારકાધીશ,સનાતન ધર્મના અનેક દેવી દેવતાઓ, દ્વારકા ગુગ્ગુલી સમાજ પર અભદ્ર ટિપ્પણી મુદ્દે મહાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દ્વારકાના તમામ જ્ઞાતિ સમાજના આગેવાનો, અગ્રણીઓ, મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

દ્વારકાના અલગ અલગ જ્ઞાતિના હોદેદારો સાથે, આહિરસેના, હિન્દુસેના, શિવસેના, વિશ્વ હિન્દુ પરિષદ સહિત અનેક સનાતન ધર્મના સંગઠનોના હોદેદારો દ્વારા પોતાના વિચારો રજૂ કરવામાં આવ્યા હતા. ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ પ્રમુખ યજ્ઞેશભાઈ ઉપાધ્યાય, મંત્રી કપિલભાઈ વાયડા, સહમંત્રી ચેતનભાઈ પુજારી, જ્ઞાતિ કારોબારી સદસ્યો, મધ્યસભા સદસ્યો, સામાજિક કાર્યકરો, મહિલા મંડળ સદસ્યો, તીર્થ પંડાસભા સદસ્યો, યુવા સંગઠન સભ્યો સહિત ખૂબ મોટી સંખ્યામાં દ્વારકાની જાહેર જનતા ઉપસ્થિત રહી હતી. સહમંત્રી ચેતનભાઈ પૂજારી દ્વારા પ્રસંગિક ઉદબોધન,ગિરધરભાઈ જોશી,દિવ્ય પ્રકાશભાઈ ઠાકર, સન્નીભાઈ પુરોહિત, રામભાઈ આહીર, વત્સલભાઈ પુરોહિત, દિપેશભાઈ ચાવડા, પ્રદીપભાઈ વાયડા, યજ્ઞેશભાઈ ઉપાધ્યાય સહિત તમામ વક્તાઓએ પોતાના વિચારો રજૂ કર્યા હતા.

તેમજ જ્ઞાતિ પ્રમુખ યજ્ઞેશભાઈ ઉપાધ્યાય દ્વારા જણાવવામાં આવ્યું કે ૭ દિવસ પહેલા જનરેલી દ્વારા દ્વારકા પ્રાંત અધિકારીને સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓના બફાટ બાબતે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. પરંતુ હજી સુધી તેના કોઈ પ્રતિઉત્તર પ્રાપ્ત થયા નથી. આગામી સમયમાં ગુગ્ગુલી બ્રાહ્મણો દ્વારા ઉપવાસ આંદોલન, આહિર સેના દ્વારા ઉગ્ર આંદોલન તેમજ દ્વારકાના અલગ અલગ સમાજ દ્વારા આ સાધુઓ વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરવામાં આવશે. ગુગ્ગુલી સમાજ દ્વારા દ્વારકા શારદાપીઠાધીશ્વર જગતગુરુ શંકરાચાર્ય સ્વામી સદાનંદજી સરસ્વતીજીના અધ્યક્ષ સ્થાને દ્વારકામાં ધર્મ સભાના આયોજન વિશે પણ વિચારણા કરવામાં આવી છે. દ્વારકા વેપારી મંડળ દ્વારા આ આંદોલનના ભાગરૂપે સમસ્ત દ્વારકા બંધ રાખવાની ચર્ચા પણ કરવામાં આવી જેની તારીખ નજીકના સમયગાળામાં જાહેર કરવામાં આવશે.

જામનગરમાં લોહાણા જ્ઞાતિના રામનવમીના પારણાં નિમિત્તે સમૂહ ભોજન(નાત)નું આયોજન

સાંસદ પરિમલભાઈ નથવાણીના સહયોગથી સાત એપ્રિલે સાત રસ્તા પાસે કોલેજ ગ્રાઉન્ડમાં થશે સમૂહ ભોજન

જામનગર : આગમી તા.૬ એપ્રિલ ને રવિવારના રઘુવંશી સમાજના આરાધ્ય દેવ ભગવાન શ્રી રામચંદ્રજીનો પ્રાકટય મહોત્સવ એટલેકે રામનવમીનો પવિત્ર તહેવાર હોય તેની ઉજવણીના ભાગરૂપે શ્રી રામચંદ્રજી પ્રાકટય મહોત્સવ સમિતિ દ્વારા રામનવમી પારણા અંતર્ગત તા.૭-૪-૨૦૨૫ને સોમવારના રોજ જામનગર શહેરના સમસ્ત રઘુવંશી સમાજના સમૂહ જ્ઞાતિ ભોજન એટલે કે નાતનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવની ઉજવણીના ભાગરૂપે તા.૬ એપ્રિલને રવિવારના સવારે ૭-૩૦ કલાકે પાંજરાપોળમાં ગૌ માતાનું પૂજન થશે તેમજ ગૌ માતાને ઘાસ તથા લાડુ વિતરણ થશે.

તેમજ તા.૭ એપ્રિલને સોમવારના સાંજે ૬-૦૦ થી ૭-૦૦ સારસ્વત બ્રાહ્મણ જ્ઞાતિનું સમુહ ભોજન તેમજ સાંજના ૭-૦૦ થી ૯-૩૦ કલાકે લોહાણા જ્ઞાતિનું સમૂહ ભોજન (નાત) નું આયોજન કરવામાં આવેલ છે. ઉપરોકત તમામ કાર્યક્રમોનું સ્થળ અયોધ્યાનગરી એમ.પી. શાહ કોમર્સ કોલેજ ગ્રાઉન્ડ, સાત રસ્તા પાસે, જામનગરમાં રાખવામાં આવેલ છે. આ પ્રસંગ પાર પડે તેવા શુભ હેતુ સાથે રાજયસભાના સાંસદ પરિમલભાઈ ધીરજલાલ નથવાણી પરિવારના સહયોગથી આ લોહાણા જ્ઞાતિના સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવેલ છે.

ઉપરોકત તમામ કાર્યક્રમો દબાદબાભેર ઉજવવા શ્રી રામચંદ્રજી પ્રાકટય મહોત્સવ સમિતિના સ્થાપક રમેશભાઈ દતાણી, ભરતભાઈ મોદી વગેરેના નેજા હેઠળ નવનિયુક્ત રામચંદ્રજી પ્રાકટય મહોત્સવ સમિતિના નવયુવાનો માધવ સુખપરિયા સાથે બહોળી સંખ્યામાં યુવાન કાર્યકરો દ્વારા તૈયારી કરવામાં આવી રહી છે. આ તમામ કાર્યક્રમોમાં સમસ્ત લોહાણા સમાજને પરિવાર સહિત ઉપસ્થિત રહેવા શ્રી રામચંદ્રજી પ્રાકટય મહોત્સવ સમિતિ દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે તેમ શ્રી રામચંદ્રજી પ્રાકટય મહોત્સવ સમિતિની સંયુક્ત યાદીમાં જણાવવામાં આવ્યું છે.

જ્ઞાતિજનોને ખાસ જણાવવાનું કે લોહાણા જ્ઞાતિના જે અશકત-બીમાર-વયોવૃદ્ધ વડીલો પ્રસાદ લેવા આવી શકે નહી તેમના માટે ટિફિનની વ્યવસ્થા છે. આ માટે અગાઉથી નામ નોંધણી તા. ૧ થી ૫ એપ્રિલ સુધીમાં સાંજે ૫ થી ૭ વાગ્યા દરમ્યાન શ્રી મોદી લોહાણા મહાજનવાડીમાં કરાવીને પાસ મેળવી લેવાના રહેશે. આ પાસ પર જ્ઞાતિ ભોજનના સ્થળ પરથી ટીફીન આપવામાં આવશે.

જામનગર લોહાણા મહાજન દ્વારા રામનવમીના દિવસે રામધૂન તેમજ ભગવાન શ્રી રામચંદ્રજી પ્રાકટય મહોત્સવની ઉજવણી

જામનગર : જામનગર લોહાણા મહાજન દ્વારા પરંપરાગત રામનવમીના પરમકૃપાળુ મર્યાદા પુરૂષોતમ ભગવાન શ્રી રામચંદ્રજીની અસીમ કૃપાથી તેમજ સંત શિરોમણી પ.પૂ.જલારામ બાપાના આર્શિવાદથી ભગવાન શ્રી રામચંદ્રજીનો પ્રાકટય મહોત્સવ ઉજવવાનું આયોજન કરેલ છે.

શ્રી મોટી લોહાણા મહાજનવાડી જામનગર ખાતે તા.૫-૪-૨૦૨૫ શનિવારના રાત્રે ૮-૦૦ થી ૧૦-૦૦ રામધુન અને સવંત ૨૦૮૧ ચૈત્ર સુદ-૯ તા.૬-૪-૨૦૨૫ ને રવિવારના રામનવમીના પવિત્ર દિને ભગવાન શ્રી રામચંદ્રજીનો પ્રાકટય મહોત્સવ ધામધુમથી ઉજવવામાં આવનાર છે, આ મંગલમય દિવસે સવારે ૧૦-૩૦ કલાકથી પૌરાણીક ધર્મસ્થાન શ્રી રામચંદ્રજી મંદિરમાં પૂજનવિધિ તથા ભગવાન શ્રી રામચંદ્રજી મંદિરના શિખરે ધ્વજારોહણ ચેતનભાઈ રતિલાલ માધવાણી, શિલ્પાબેન ચેતનભાઈ માધવાણી, નિલેષભાઈ હિરાલાલ ઠકરાર, હિનાબેન નિલેષભાઈ ઠકરાર, મુકેશભાઈ છેલભાઈ રાડીયા, ભાવનાબેન મુકેશભાઈ રાડીયા, જગદીશકુમાર વિઠલદાસ દતાણી, આશાબેન જગદીશકુમાર દતાણી,વિરાજભાઈ અશોકભાઈ લાલ, રિધ્ધીબેન વિરાજભાઈ લાલ દ્વારા કરવામાં આવશે તથા ભગવાન શ્રી રામચંદ્રજી પ્રાકટય આરતી બપોરે ૧૨—૦૦ કલાકે કરવામાં આવશે તો આ પ્રસંગે સર્વે જ્ઞાતિજનો તેમજ રામભકતોને પધારવા માટે પ્રમુખ ભરતભાઈ મોદી અને માનદમંત્રી રાજુભાઈ કોટેચા દ્વારા અનુરોધ કરાયો છે.

જામનગરમાં રીક્ષા ચાલક યુવાનની હત્યા પ્રકરણમાં એક મહિલા સહિત આઠ આરોપીઓ ઝડપાયા


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં દિગજામ સર્કલ નજીક સિદ્ધાર્થ નગરમાં રહેતા એક રીક્ષા ચાલક યુવાનને શનિવારે રાત્રે સમાધાન માટે બોલાવ્યા બાદ તેને એક મહિલાના ઘેર લઈ જઈ જુના મનદુઃખના કારણે તેની હત્યા નિપજાવી હતી, જે મામલામાં પોલીસે મૃતકની માતાની ફરિયાદના આધારે હત્યા અંગેનો ગુનો નોંધી આ બનાવમાં એક મહિલા સહિત કુલ ૮ આરોપીઓને ઝડપી લેવાયા છે.

જામનગરમાં સિદ્ધાર્થ નગર વિસ્તારમાં રહેતા અને રીક્ષા ડ્રાઈવિંગ કરતા કાનજીભાઈ ધનજીભાઈ પરમાર નામના ૨૩ વર્ષના યુવાનનો દિગજામ સર્કલ નજીકથી લોહીથી લથબથ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. જે મામલે પોલીસે ઊંડાણ પૂર્વકની તપાસ કર્યા બાદ તેની હત્યા થઈ હોવાનું સામે આવ્યું હતું.

દરમ્યાન મૃતકની માતાની ફરિયાદ પરથી પોલીસ પાંચ આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી હતી. જેથી સીટી ડીવાયએસપી જે.એન. ઝાલાના માર્ગદર્શન હેઠળ સિટી સી. ડિવિઝન પોલીસ સ્ટેશનના સ્ટાફને અલગ અલગ ટીમો બનાવીને સૌ પ્રથમ પાંચ આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા હતા, અને તેઓની પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. જેમાં તેઓએ જૂની અદાવતનું મનદુઃખ રાખીને મૃતક યુવાનને પોતાના સાથે હીનાબેન મકવાણાને ઘેર લઈ ગયા હતા, અને ત્યાં લોખંડના પાઈપ-ધોકા જેવા હથિયારો વડે મૂઢ માર મારી અધમુવો કરી નાખ્યો હતો, ત્યારબાદ તેને લઈને દિગજામ ઓવરબ્રિજ નજીકના વિસ્તારમાં રેતીના ઢગલામાં ફેંકી દીધો હતો, જ્યાં ગંભીર ઈજા થવાના કારણે તેનું મૃત્યુ નીપજ્યું હતું,

દરમ્યાન આ બનાવમાં પોલીસે એક મહિલા સહિત કુલ આઠ શખ્સોની અટકાયત કરી છે. જેમાં રાહુલ દેપાળભાઈ મકવાણા રહે રાજીવનગર કોલોની અંધાશ્રમ પાછળ કરછી પાડો જામનગર, પ્રકાશ ઉર્ફે પકો નારણભાઈ પરમાર રહે ખેતીવાડી સીધ્ધાર્થ કોલોની શેરી નં - ૪ જામનગર, હીતેન ઉર્ફે હીરો દેપાળભાઈ મકવાણા રહે - રાજીવનગર કોલોની અંધાશ્રમ પાછળ કચ્છી પાડો જામનગર, દિલીપ ઉર્ફે દીપો દિનેશભાઈ પરમાર રહે-ખેતીવાડી હીંગોરા ફેબ્રીકેશનની સામે ની ગલીમાં જામનગર, મનોજ ઉર્ફે મનીયો દેવશીભાઈ મકવાણા રહે- અંધાશ્રમ પાછળ કચ્છી પાડી જામનગર, આશીષ ઉર્ફે આશીયો રાજુભાઈ વારસાખીયા રહે અંધાશ્રમ પાછળ હનુમાન ચોક જામનગર, દેપાળભાઈ સોમાભાઈ મકવાણા રહે - રાજીવનગર કોલોની અંધાશ્રમ પાછળ કચ્છ પાડો જામનગર અને હીનાબેન દેપાળભાઈ મકવાણા રહે-રાજીવનગર કોલોની અંધાશ્રમ પાછળ કચ્છ પાડો જામનગર વગેરેની અટકાયત કરી પૂછપરછ ચલાવાઈ રહી છે.

દ્વારકા જિલ્લામાં જુગાર રમતી ૪ મહિલા સહિત ૧૪ શખ્સની અટકાયત

ખંભાળિયા : દ્વારકા જિલ્લામાં ચાર જગ્યાએ પોલીસે જુગાર અંગેના દરોડા પાડી ચાર મહિલા અને ૧૦ પુરૂષની અટકાયત કરી હતી. દરમિયાન સ્થળ પરથી રોકડા રૂા.૧૫૬૦ કબ્જે લઈ તમામ શખ્સો સામે જુગારધારા હેઠળ પોલીસ દ્વારા ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભવામાં આવી હતી.

પ્રાપ્ત વિગત મુજબ આરંભડા ગામે તીનપતી નામનો જુગાર રમતી પાનાબાઈ રૂપસિંગ ગોહેલ, જેઠીબેન અરજણભાઈ વાઘેલા, દિવાળીબેન ગગુભાઈ પરમાર, વિનોદ રમેશભાઈ પરમાર અને ગોપાલ ગીગાભાઈ ચૌહાણ નામના પાંચ શખ્સની રૂા.૫૬૦ની રોકડ સાથે પોલીસે અટકાયત કરી હતી.

જયારે નરસંગ ટેકરી ચોક પાસે તીનપતી નામનો જુગાર રમતા જસવંતસિંહ સુંદરસિંહ વાઢેર તથા રૂપીબેન ઓઘડભા સુંમાણી નામની મહિલા સહિત બે શખ્સની રૂા.૩૦૦ની રોકડ સાથે પોલીસે ધરપકડ કરી હતી.

ઉપરાંત ભાણવડમાં ઘેટા ઉછેર કેન્દ્ર પાસે તીનપતી નામનો જુગાર રમતા કાસમ રહીમભાઈ અને અરબાઝ ઈસ્માઈલભાઈ નામના બન્ને શખ્સની પોલીસે રૂા.૫૧૦ની રોકડ રકમ સાથે ધરપકડ કરી હતી. તેમજ દ્વારકાના બરડીયા ગામે જાહેરમાં ગંજીપતાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા ડુંગરભા નંઢાભા ભઠડ અને છગનભાઈ રાયમલભાઈ ખાંભલાની રૂા.૧૯૦ની રોકડ સાથે પોલીસે ધરપકડ કરી હતી.

ધ્રોલ હાઈવે પર છકડો રીક્ષા ચાલકને કારની ઠોકરે ઈજા

જામનગર : ધ્રોલ હાઈવે પર છકડો રીક્ષા અને કાર વચ્ચે અકસ્માત સર્જાતા છકડો રીક્ષા ચાલકને શરીરે નાની મોટી ઈજા પહોંચતા સારવારમાં હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ છે. બીજી તરફ અકસ્માતના આ બનાવની જાણ થતાં સ્થાનિક પોલીસ સ્ટાફ સ્થળ પર દોડી ગયો હતો અને ફરિયાદના આધારે કાર ચાલક વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત વિગત મુજબ જામનગર—રાજકોટ હાઈવે રોડ પર ધ્રોલ વિસ્તારમાં આવેલ હાલાર હોટલ સામેથી લૈયારા ગામના રઘુવીરસિંહ અનોપસિંહ જાડેજા (ઉ.વ.૪૩) પોતાનું જીજે૧૦ ટીઝેડ ૨૦૪૬ નંબરનો છકડો રીક્ષા ચલાવી રોડ ખાતે ફીઝ ભરવા જતાં હોય આ વેળાએ ત્યાંથી પુરઝડપે નિકળેલ જીજે૩ એનપી પપપ૭ નંબરની બ્રેઝા કારના ચાલકે અકસ્માત સર્જતા રઘુવીરસિંહ રોડ પર નીચે પટકાતા તેઓને મોઢાના ભાગે ૬ ટાંકાની તથા જમણા પગની પેનીમાં અને શરીરના અન્ય ભાગે મુઢ ઈજાઓ પહોંચતા સારવારમાં ખસેડવામાં આવેલ તેઓએ કાર ચાલક સામે ધ્રોલ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

જામનગર ફોટોગ્રાફર એસોસિએશન દ્વારા નવનિયુક્ત શહેર ભાજપ અધ્યક્ષાનું સન્માન

વન નેશન વન ઈલેક્શનને જાહેર સમર્થન કરતો પત્ર એનાયત કરવામાં આવ્યો



જામનગર : જામનગરની સૌથી જૂની અને સૌથી વધુ સભ્ય સંખ્યા ધરાવતી સંસ્થા જામનગર ફોટોગ્રાફર એસોસિએશન દ્વારા ભારતીય જનતા પાર્ટી જામનગર શહેરના નવનિયુક્ત અધ્યક્ષા બીનાબેન કોઠારીનું સન્માન કરવામાં આવ્યું હતું, આ તકે એસોસિએશન દ્વારા વન નેશન વન ઈલેક્શનને ટેકો જાહેર કરતો પત્ર પણ બીનાબેન કોઠારીને અર્પણ કરવામાં આવ્યો હતો. તેમજ એસોસિએશનના પ્રમુખ ધર્મેશભાઈ રાવલ, સેક્રેટરી ચિંતન વારા, સહ સેક્રેટરી કલ્પેશ ગોસાઈ, ખજાનચી ચિંતન સોલંકી, સલાહકાર જગત રાવલ, કારોબારી મેમ્બર અલ્પેશ પરમાર, ધવલ કણસાગરા, ભાર્ગવ ગઢીયા, તેજસ પટેલ, હિતેશ ટંકારીયા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

જામનગર કરણી સેના દ્વારા સપાના સાંસદે કરેલ ટિપ્પણીના વિરોધમાં પાઠવ્યું આવેદન


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર :દેશની રાજય સભામાં સમાજવાદી પાર્ટીના નેતા અને રાજયસભાના સાંસદ રામજીલાલ સુમન દ્વારા રાણા સાંગા (સંગ્રામસિંહજી) વિરૂધ્ધ ગદ્દાર જેવા શબ્દ સાથે કરેલી ટીપ્પણી સામે જામનગરમાં રાજપુત કરણી સેનાએ ઉગ્ર રોષ સાથે વિરોધ વ્યક્ત કરીને રામજીલાલના રાજીનામાની માંગણી કરી છે.

કરણીસેનાના નેજા હેઠળ ક્ષત્રિય સમાજના ભાઈઓ-બહેનોએ કલેક્ટર કચેરી બહાર રાજયસભાના સાંસદ રામજીલાલના રાજીનામાની માંગણી સાથે સુત્રોચ્ચાર કર્યા બાદ કચેરીમાં આપેલા આવેદનમાં જણાવ્યું છે કે, રાજપુત સમાજની તમામ સંસ્થાઓ વતી કરણી સેના જણાવે છે કે, રાજય સભામાં સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય સચિવ અને રાજય સભાના સાંસદ રામજીલાલ સુમન દ્વારા વીર શિરોમણી એવા રાણા સાંગા (સંગ્રામસિંહજી) અંગે અભદ્ર ટીપ્પણી કરીને ગદ્દાર જેવો શબ્દ પ્રયોગ કર્યો છે.

આ બાબત સત્યથી વેગળી અને પાયાવિહોણી તથા રાજયસભાની ગરિમાને લાંછન લગાડનારી છે. આને કારણે સમસ્ત હિન્દુ સમાજ અને રાજપુત સમાજનું અપમાન થયું છે. સમાજવાદીના આ નેતા સામે કાયદાકીય કાર્યવાહી થવી તેઓને સસ્પેન્ડ કરવા જોઈએ. તેવી માંગણી રજુઆતના અંતે કરણી સેનાએ કરી છે.

જામનગર જિલ્લામાં વિવિધ પ્રકારના જુગાર રમતા આઠ શખ્સ ઝડપાયા

જામનગર : જામનગર શહેર—જિલ્લામાં તીનપતી એકીબેકી અને વર્લીનો જુગાર રમતા આઠ શખ્સને દરોડા દરમિયાન સ્થાનિક પોલીસે ઝડપી લીધા હતા અને સ્થળ પરથી કુલ મળી રૂા.૧૭ હજાર ઉપરાંતની રોકડ રકમ કબ્જે લઈ તમામ વિરૂધ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ જામનગરમાં ગોકુલનગર વિસ્તારમાં પાણાખાણ શેરી નં.૯ ખાતે જાહેરમાં ગંજીપતાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા ચેતન ગગજીભાઈ પરમાર, સાગર બીપીનભાઈ કણજારીયા અને અશોક ઘેલાભાઈ કોળી નામના ત્રણ શખ્સને સીટી સી પોલીસે દરોડો પાડી રૂા.૧૪ હજારની રોકડ રકમ સાથે ઝડપી લીધા હતાં.

જયારે જામનગરના જોડિયા ભુંગામાં ભારતીય ચલણી નોટો પર એકીબેકી નામનો જુગાર રમતા અસગર અબ્દુલભાઈ લોરૂ તથા દાઉદ ઈસ્માઈલ સુમારીયા નામના બન્ને શખ્સની સીટી બી પોલીસે રૂા.૨૭૮૦ની રોકડ રકમ સાથે અટકાયત કરી હતી.

ઉપરાંત જામનગરમાં દરબારગઢ વિસ્તારમાં વર્લીમટકાનો જુગાર રમતા મેહુલ રમેશભાઈ પાટડીયાની રૂા.૨૭૦ની તથા ખટીયા ગામેથી દિલીપ કિશોરભાઈ વાઘેલાની રૂા.૨૨૦ની તથા કાલાવડમાંથી ઈબ્રાહીમ ઈસ્માઈલ ખુરેશીની રૂા.૧૪૦ની રોકડ રકમ સાથે દરોડા દરમિયાન પોલીસે અટકાયત કરી હતી.

દ્વારકા ખોડીયાર માતાજીના મંદિરે ૪માં પાટોત્સવની ભવ્ય ઊજવણી



દ્વારકા-જામનગર હાઈવે રોડ પર આવેલ શ્રી ખોડીયાર માતાજીના પ્રાચીન મંદિરે ૪૯ માં પાટોત્સવ પ્રસંગે શ્રેણીબધ્ધ ધાર્મિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે સવારે હોમ હવન, ધ્વજાપૂજન, ધ્વજારોહણ, મહાપ્રસાદી તથા સાંજે અન્નકૂટ મહોત્સવ, રાસ ગરબા તથા મહાઆરતી સહિતના શ્રેણીબધ્ધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. આ સમગ્ર ધર્મોત્સવનો બહોળી સંખ્યામાં માઈભકતોએ લાભ લીધેલ.

સલાયા નગરપાલિકાના ત્રણ કનેક્શન કટ કરાયા

સલાયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના સલાયા નગરપાલિકાના બાકી રૂપિયા ૪૫ લાખના વીજબીલ મુદ્દે ત્રણ વિજ કનેકશનો વિજતંત્રએ કટ કર્યા છે. જેમાં સ્ટ્રીટ લાઈટનું જોડાણ કપાઈ જતા રાત્રે ગામમાં અંધારપટની સ્થિતિ સર્જાઈ છે.

સલાયા નગરપાલિકા છેલ્લા ઘણાં વર્ષથી ખાડે છે. જેમાં કર્મચારીઓના પગાર કરવામાં પણ મુશ્કેલી પડી રહી છે. જેમાં હાલ પડયા ઉપર પાટા જેવી સ્થિતિ થવા પામી છે. વિજતંત્રનું ૪૫ લાખ જેટલું લાઈટ બિલ બાકી હોય તંત્ર દ્વારા નગર પાલિકાના ત્રણ લાઈટના કનેકશનો કાપી નાખ્યા છે. જેમાં નગર પાલિકા બિલ્ડિંગ, સ્ટ્રીટ લાઈટ અને કોમ્યુનિટી હોલનું લાઈટ કનેકશન કાપવામાં આવ્યું છે.

હાલ સલાયામાં સ્ટ્રીટ લાઈટનું કનેકશન કપાતા રાતે અંધારપટ થઈ ગયેલ છે. આમ નગર પાલિકાના આ આર્થિક ઘટને કઈ રીતે નિવારવી એ મુશ્કેલ બન્યું છે. વહેલાના સમયમાં ઓકટ્રોય વખતે થયેલ આવકના હિસાબે આવતી ગ્રાન્ટ બહુ ઓછી હોઈ તેમજ વેરાનું લેણું પણ બાકી હોય નગર પાલિકાના બે છેડા કયારેય ભેગા થયા નથી. હાલતો અંધારપટ છવાયેલ છે. આ પ્રશ્નનો કેવી રીતે નિરાકરણ આવે છે એ જોવું રહ્યું.

શ્રી મોડપીર દાદાના મંદિરે આવતીકાલે હવન-મહાપ્રસાદ

જામનગર : જામનગરની હનુમાન ટેકરી, ૪૯, દિ. પ્લોટમાં આવેલ શ્રી મોડપીરદાદાના મંદિરે તા. ૨-૪-૨૦૨૫ ને બુધવારે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં તા. ૨/૪ ના સવારે ૭ વાગ્યે મહાઆરતી અને ધ્વજાજી, ૭-૩૦ વાગ્યે ધ્વજાજીનું સામૈયુ, ૮ વાગ્યે મહાહવન, ૧૧-૩૦ વાગ્યે મહાપ્રસાદ અને સાંજે ૪ વાગ્યે બહેનો રાસ-ગરબાની રમઝટ બોલાવશે.

શ્રી મોડપીરદાદા રાજપૂત સમાજ ભાવિક સમિતિ ચેરીટેબલ ટ્રસ્ટ-જામનગર દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં રાજ બારોટ, મનુભા બેચરજી ઉપસ્થિત રહેશે.

જામનગરમાંથી બોટલ સાથે શખ્સ ઝડપાયો

જામનગર : જામનગર નજીક પોલીસે વિદેશી દારૂની બોટલ લઈને જતાં શખ્સને ઝડપી લઈ મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ જામનગર-રાજકોટ હાઈવે રોડ પર આવેલ શો-રૂમ પાસેથી પસાર થતાં ફલ્લા ગામના પ્રકાશ અશોકભાઈ રાઠોડ નામના શખ્સની પંચ એ પોલીસે રૂા.૫૦૦ની કિંમતની વિદેશી દારૂની બોટલ સાથે અટકાયત કરી હતી.

કલ્યાણપુરના ભોગાત ગામે અસામાજિક તત્વોના દબાણો પર બુલડોઝર


તસવીરઃ રાકેશ સામાણી

ખંભાળિયા : કલ્યાણપુર વિસ્તારમાં સ્થાનિક પોલીસ તંત્ર દ્વારા અસામાજિક તત્વો સામે હાથ ધરવામાં આવેલી કાર્યવાહીમાં ભોગાત ગામે ૧૪ વિઘા જેટલી જમીનમાં રહેલું દબાણ દૂર કરવામાં આવ્યું છે.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ કલ્યાણપુર તાલુકામાં અસામાજિક તત્વો દ્વારા કરવામાં આવેલા દબાણ અંગેના સરવે બાદ કલ્યાણપુર તાલુકા મામલતદારની ટીમ દ્વારા જરૂરી કાર્યવાહી કરી, ગઈકાલે કલ્યાણપુરના ઈન્ચાર્જ પી.આઈ. યુ.બી. અખેડના માર્ગદર્શન હેઠળ ભોગાત ગામે દરિયાકાંઠે રહેતા એક આસામી દ્વારા સરકારી જગ્યા પર અંદાજિત ૧૪ વીઘા જમીન પરનું દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

આ સ્થળેથી બે રૂમ, એક ઓરડી, સ્વિમિંગ પૂલ, કમ્પાઉન્ડ વોલ સહિતનું દબાણ મામલતદારની ટીમ તેમજ પોલીસ તંત્રના સંયુક્ત ઓપરેશનમાં દૂર કરી, ૧૦૦ કલાક અંતર્ગતની ઝુંબેશમાં આ જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી.

જામનગરમાં હંગામી બસ ડેપોમાં તસ્કરએ બોણી કરી, મુસાફરનો મોબાઈલ ચોરાયો

જામનગર : જામનગરના પ્રદર્શન મેદાનમાં હંગામી એસ.ટી. બસ ડેપો શરૂ થયો છે, પરંતુ તેમાં અનેક સુવિધાઓની ખામી છે. જેમાં તસ્કરોને પણ મોકળું મેદાન મળી રહ્યું છે. જેમાં એક મુસાફરના ખિસ્સામાંથી કોઈ તસ્કર મોબાઈલ ફોન ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડના વતની જયપાલભાઈ નરોત્તમભાઈ નકુમ કે જે કલર કામની મજૂરી કરે છે, અને જામનગરના એસટી ડેપો પર આવ્યા હતા. જ્યાં ભીડનો લાભ લઈને તેના ખિસ્સામાંથી રૂપિયા ૧૫,૦૦૦ ની કિંમતનો મોબાઈલ ફોન ચોરી કરી લઈ ગયાની ફરિયાદ સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવાઈ છે. જેથી ચોરને શોધી કાઢવા પોલીસે તપાસ હાથ ધરી છે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

ગુજરાત ઇલેક્ટ્રિસિટી ટ્રાન્સમિશન કોરીડોર

પાવર હાઉસમાં વીજળી ઉત્પન્ન થાય છે. આ વીજળીને લોકોના ઘર સુધી પહોંચાડવા માટે ઓવર હેડ વાયરીંગ ની જરૂર પડે છે જે થાંભલાઓ અથવા કેબલ દ્વારા લોકોના ઘર અથવા કારખાના સુધી લંબાયેલા હોય છે. અને ટ્રાન્સમિશન લાઈન કહેવામાં આવે છે. જેના દ્વારા વીજળીનો પ્રવાહ વહે છે. આપણે વીજળી મોટા પ્રમાણમાં ઉત્પન્ન કરીએ પરંતુ જો તેને દૂર લઈ જવા માટે આવી ટ્રાન્સમિશન લાઈન ન હોય તો તેનો કોઈ અર્થ રહેતો નથી કારણ કે મોટા જથ્થામાં ઉત્પન્ન થયેલી વીજળીનો સંગ્રહ કરવા માટે ખૂબ મોટું મૂડી રોકાણ કરવું પડે આથી જેવી વીજળી ઉત્પન્ન થાય એટલે તરત જ તેનું પરિવહન કરી લોકોના ઘર અથવા કારખાના સુધી પહોંચાડી દેવી પડે આ ટ્રાન્સમિશન લાઈન અત્યંત જરૂરી છે.

સમગ્ર ગુજરાતમાં આવી ટ્રાન્સમિશન લાઈનના ટાવરો આપ જોઈ શકશો આવી જ રીતે સમગ્ર રાષ્ટ્રમાં ટ્રાન્સમિશન લાઈન નું એક નેટવર્ક છે જેને નેશનલ ગ્રીડ કહેવામાં આવે છે. ગુજરાતમાં પણ ગુજરાત ઇલેક્ટ્રિસિટી ટ્રાન્સમિશન કોરીડોર છે.

ગુજરાત ઇલેક્ટ્રિસિટી ટ્રાન્સમિશન કોરિડોર ગુજરાત રાજ્યમાં વીજળીના પ્રસારણ માટે એક મહત્વપૂર્ણ માળખું છે. આ કોરિડોર સમગ્ર રાજ્યમાં વીજળીને એક સ્થળેથી બીજા સ્થળે પહોંચાડવામાં મદદ કરે છે.

ગુજરાત ઇલેક્ટ્રિસિટી ટ્રાન્સમિશન કોરિડોરનો મુખ્ય હેતુ રાજ્યમાં ઉત્પન્ન થતી વીજળીને ગ્રાહકો સુધી પહોંચાડવાનો છે. આમાં પરંપરાગત સ્ત્રોતોની સાથે સાથે પુનઃપ્રાપ્ય ઉર્જા સ્ત્રોતો (જેમ કે સૌર અને પવન ઉર્જા)નો પણ સમાવેશ થાય છે.

આ કોરિડોરમાં ઉચ્ચ ક્ષમતાવાળી ટ્રાન્સમિશન લાઈનો, સબસ્ટેશનો અને અન્ય સંબંધિત ઉપકરણોનો સમાવેશ થાય છે. ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ આ માળખાના વિકાસ, સંચાલન અને જાળવણી માટે મુખ્ય જવાબદાર છે. ગુજરાત ગ્રીન એનર્જી કોરિડોર પહેલનો એક મહત્વપૂર્ણ ભાગ છે, જેનો ઉદેશ પુનઃપ્રાપ્ય ઉર્જા સ્ત્રોતોમાંથી ઉત્પન્ન થતી વીજળીના પ્રસારણને સરળ બનાવવાનો છે. કચ્છમાં વિશ્વનો સૌથી મોટો ૩૦,૦૦૦ મેગાવોટનો હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક બની રહ્યો છે, અને આ કોરિડોર તેની વીજળીને રાષ્ટ્રીય ગ્રીડ સુધી પહોંચાડવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે.

તાજેતરમાં, સ્ટરલાઇટ પાવર દ્વારા લાકડિયા-વડોદરા ટ્રાન્સમિશન પ્રોજેક્ટ કમિશન કરવામાં આવ્યો છે, જે ગુજરાતના સાત જિલ્લાઓમાં ૮૧૨ ટાવર ધરાવે છે અને ૫૦૦૦ મેગાવોટથી વધુ ગ્રીન પાવરનું વહન કરી શકે છે. આ ઉપરાંત, અદાણી એનર્જી સોલ્યુશન્સ લિમિટેડે પણ ગ્રીન હાઈડ્રોજન અને એમોનિયા ઉત્પાદન માટે ગુજરાતમાં એક મોટો ટ્રાન્સમિશન પ્રોજેક્ટ જીત્યો છે. ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ ૧૯૯૯ થી રાજ્યમાં વીજળી પ્રસારણ માટે કાર્યરત છે અને તેણે રાજ્યના પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. ધ્યેય આગામી વર્ષોમાં ટ્રાન્સમિશન નેટવર્કના અપગ્રેડેશન અને વિસ્તરણ માટે રૂ. ૧ લાખ કરોડનું રોકાણ કરવાની યોજના ધરાવે છે. ગુજરાતનો ઇલેક્ટ્રિસિટી ટ્રાન્સમિશન કોરિડોર રાજ્યની ઉર્જા જરૂરિયાતોને પહોંચી વળવા અને પુનઃપ્રાપ્ય ઉર્જાના એકીકરણને પ્રોત્સાહન આપવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

ભયલુ

રિટાયર થયા ત્યાં સુધી પપ્પાએ જાણે કે કંપનીની ઑફિસને જ ઘરબાર માન્યું આજે સોળ વટાવી ગયેલો તેનો દીકરો ભયલુ પોતાની મમ્મીની વર્ષોની એકલતાને પારખી શક્યો ત્યારે તેણે કહી દીધું, 'હવે મમ્મી એકલી નથી



અલપ ઝલપ -ડો. મનહર ઠાકર

ભયલુને પપ્પાની વાત ન ગમી. તેના ચહેરા પર દેખાઈ આવ્યું. તેણે મમ્મી તરફ જોયું. મમ્મી પુત્રની નારાજગી સાથે પોતાની નારાજગીનો મેળ બેસાડતી હતી. મા-દીકરો એક જ હોડીના મુસાફરો હતાં. હોડીમાં જાણે તોફાન ઊમટ્યું હતું. પપ્પા બેઉની સિકલનો આનંદ ઉઠાવી રહ્યા હતા.

ભયલુ ભારેખમ સ્વરમાં બોલ્યો, "પપ્પા, તમે હજુ હમણાં જ રિટાયર થયા છો. અત્યાર સુધી કંપની જ તમારું ઘરબાર ! ઘરમાં તમે સૂવા માટે જ આવતા હતા. ઘરનો ભાવ તમને હજુ થયો જ નથી. હવે તમે ઘરમાં સેટ ના થઈ શકો. મને ખાતરી છે કે હવે તમને આ ઘર ઓફિસની રીતે જ ચલાવવાનું ફાવશે."

મમ્મી સ્વસ્થ સ્વરમાં બોલ્યાં, " ભયલુની વાતમાં તથ્ય છે. તેની વાતને હું ટેકો આપું છું."

પપ્પા પલંગમાંથી બહાર આવ્યા. તે ખંડમાં ટહેલવા લાગ્યા. પાંચ મિનિટ સુધી તેમની આ ક્રિયા ચાલુ રહી. અંતે, પત્ની અને પુત્ર પાસે આવીને તે સસ્મિત બેઠા. તેમણે ઊંડો શ્વાસ લીધોને કહ્યું, " ભયલુ ! તું ઘણા દિવસથી મૂડમાં નથી. અઠવાડિયું મારી સાથે ટુરમાં આવી જા. મજા આવશે. મમ્મી કહેતી હતી કે તું જો ટુરમાં આવે તો મમ્મીના કામને આરામ મળે ને તારી સાથે મારો સમય સારી રીતે પસાર થશે. મને ખાતરી છે કે તું, તારો, ભૂતકાળ બદલી નાખીશ."

ભયલુ મૌન હતો. પપ્પાની વાત તેના મનમાં બેઠી હતી. ટુરમાં જવા માટે તેનું મન આમ પણ રાહ જોઈ રહ્યું હતું. અંતે, તેણે ટુરમાં આવવા માટેનો નિર્ણય જાહેર કરી દીધો. મમ્મી વિશેષ ખુશ થઈ. સમય પસાર કરવાની ગોઠવણ તેણે કરી લીધી હતી. પપ્પા એક મહત્ત્વપૂર્ણ સમયગાળવા ટુરમાં જવાના હતા.

લંચ માટે ત્રણેય ટેબલ ઉપર ગોઠવાયાં. મમ્મીએ મુખ્ય વાનગીઓ પોતાના હાથે બનાવી હતી. ભયલુ પોતાના માટે બનેલા ખાસ ભોજનથી મનોમન હરખાઈ રહ્યો હતો. તેણે પ્રસન્નતા વ્યક્ત કરવાની ક્રિયાથી જાતને દૂર રાખી હતી.

પપ્પા વારેવારે ભોજનની તારીફ કરી રહ્યા હતા. મમ્મી અને ભયલુ તેમની આ ચેષ્ટામાં ભાગીદાર થવા ઈચ્છુક નહોતાં. ભયલુ મૌન રહીને સમજદારીનાં દર્શન કરાવી રહ્યો હતો. મમ્મી આગ્રહ કરીને જમાડી રહી હતી. ભયલુએ પોતાનું ભોજન આટોપી લીધું.

લંચ બાદ ત્રણેય પોતાના રૂમમાં આરામ માટે પહોંચ્યાં . મમ્મીએ ભયલુ સાથે ઘણી વાતો કરી. ભયલુ તરફથી મળી રહેલાં આદર અને સન્માનથી મનોમન તે પ્રસન્નતા પામી રહી હતી. પપ્પા માટેની તેમની કટુતા ભયલુમાં ચોક્કસ ભાવ પ્રદાન કરીને જ રહી.

ભયલુ મમ્મીની મનોભાવના તરત જ પારખી ગયો. "આ વિષયમાં પપ્પા સાથે વાત કરવી જ પડશે. "તે મનોમન બોલી ઊઠ્યો. પપ્પા સામેના ગુપ્ત મોરચામાં તે મમ્મીને એકલા પડવા દેવા માગતો નહોતો.

બપોરના સમયે પોતાના ખંડમાં આરામ કરી રહેલા પપ્પાની પાસે તે પહોંચી ગયો. પપ્પા કોઈ વિચારોમાં ગુમ હતા. તે પલંગ ઉપર બેસી ગયો. પપ્પા તેની સામે જોઈને મુસ્કુરાયા.

ભયલુની સમીપ બેસીને પપ્પાએ વ્હાલથી પૂછ્યું , " આપણા બન્ને માટે ટુર માટેનું બુકિંગ કરાવી લઈશું ને હવે. "

ભયલુએ પપ્પાની આંખમાં આંખ પરોવીને નજર પામી લીધી. તે પ્રત્યુતર આપે એ પહેલાં જ પપ્પાએ કહ્યું, " કેમ ભયલુ તું મારી સામે વિસ્મય નજરે જોઈ રહ્યો છે ? "

" પપ્પા ટુર માટે આપણે બન્ને માટે નહીં પણ મમ્મી સહિત ત્રણનું બુકિંગ કરાવવાનું છે. "

" તારી મમ્મી તો અહીં ઘરે જ રહેવાની છે. એ તો એકલી રહેવા ટેવાયેલી છે."

"ના, પપ્પા હવે મમ્મી એકલી નહીં રહે. એને એકલી પાડી દેવામાં આવી છે. એણે પોતે એકલા રહેવાની ટેવ પાડી નથી."

ભયલુ સમજદારીમાં પરિપક્વ થઈ ગયો એનો અણસાર પપ્પાને આવી ગયો. પોતે મનમાં ગણગણ્યા, " બારે બુદ્ધિ, સોળે સાન અને વીસે વાન એમ દીકરો સોળ વટાવી ગયો છે. સોળ વર્ષનો થાય એટલે દીકરો બાપનો મિત્ર ગણાય. "

"શું વિચારો છો પપ્પા !"

" બસ, એટલું જ કે હવેથી તારી મમ્મી એકલી નથી. "

" તો, ટુર માટેના બુકિંગનું શું વિચાર્યું, તમે ?"

" ત્રણનું બુકિંગ."

ત્યાંથી ભયલુ દોડતો મમ્મીના રૂમમાં ગયો. મમ્મીનો હાથ ઝાલીને પપ્પાના રૂમમાં લાવીને તેણે કહ્યું, " લ્યો પપ્પા, હવે મમ્મી એકલી નથી. મમ્મી, પપ્પા અને ભયલુની ટુર પાક્કી. "

પપ્પા સમીપે મમ્મીને બેસાડીને પોતે ખુશ થયો. મમ્મીની આંખો ભીંજાઈ ગઈ. પપ્પાએ પોતાની હથેળી વડે તે આંસુ લૂછ્યાં ત્યારે ફોટો પડાવતો હોય તેમ પાછળ જઈને બન્નેના ચહેરા વચ્ચે પોતાનો ચહેરો ગોઠવીને ભયલુએ પોતાની ડાબી જમણી હથેળીઓથી બન્નેના ખભા પકડી લીધા.

પત્રકારીત્વ ક્ષેત્રે પ્રયોગ : ઈલ - ફોગ્લિયોની AI એડિશન પ્રિન્ટ અને ડિજિટલ બન્નેમાં તૈયાર

કરંટ ટોપિક

આર્ટીફિશ્યલ ઈન્ટેલીજન્સ એ દુનિયામાં એક બાદ એક ક્ષેત્રમાં પોતાની ધાક જમાવી રહ્યું છે અને પરંપરાગત જોબ ઉપરાંત એન્જીનીયર્સ- ડોકટર્સને માટે પણ પડકાર બની રહ્યું છે તો તે સમયે ઈટલીમાં પૂર્ણ રીતે આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સ દ્વારા તૈયાર કરાયેલું અખબાર પ્રસિદ્ધ થતા હવે આ ક્ષેત્રમાં પણ એઆઈએ પોતાનું વર્ચસ્વ સાબીત કરવા તૈયારી કરી છે. ઈટાલીના રૂઢીચુસ્ત મનાતા અખબાર 'ઈલ-ફોગ્લિયો' વિશ્વનું પ્રથમ એઆઈ જનરેટેડ અખબાર બની ગયું છે અને આ રીતે હવે રોજબરોજના જીવનમાં પણ એઆઈના પ્રભાવ સામે આવ્યા છે.

આ અખબારના ચાર એઆઈ જનરેટેડ પેઈજ મંગળવારે ન્યુઝ સ્ટેન્ડ પર અને ઓનલાઈન બન્ને રીતે ઉપલબ્ધ બનશે. એક અખબારના સંપાદક કલાઉડિયો સેરાસાના જણાવ્યા મુજબ લેખ લખવાની હેડલાઈન બધું એઆઈ દ્વારા તૈયાર કરાયું છે. દરેક લેખન માટે અને ઉદાહરણ-સારાંશ અને અન્ય સામગ્રી પણ એઆઈએ તૈયાર કરી છે અને હવે તેઓએ ઉમેર્યું કે પત્રકારોની ભૂમિકા હવે સવાલ પૂછવાથી જવાબ વાંચવા સુધીની જ હશે. પ્રથમ એઆઈ એડીશનમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુટીન અને ઈટલીની અર્થવ્યવસ્થા પર સમાચાર છે. ઉપરાંત સમગ્ર આલેખનમાં વ્યાકરણ ભુલો પણ દેખાઈ નથી. ઉપરાંત આર્ટીકલમાં કઈ રીતે યુરોપીયન યુવા વર્ગ કાયમી સંબંધોથી બચી રહ્યા છે. તે અંગે લખાયુ છે.તો અંતિમ પેઈજમાં વાંચકોના અભિપ્રાય પણ અપાયા છે જે પણ એઆઈ જનરેટેડ છે. હવે આ રીતે અખબારથી શું પત્રકારોની ભૂમિકા ઘટી જશે તેના પર સંપાદકે કહ્યું કે, આ એક અદભૂત શોધ છે છતાં પણ યોગ્ય ખાંડ સાથે કોફીનો ઓર્ડર કેમ આપવો તે હજું તે કહી શકતુ નથી. આ અખબારના નામ 'ઈલ-ફોગ્લિયો'નો અર્થ ધરોવર/ધ શીદ થાય છે. ૧૯૯૬માં આ અખબારનો પ્રારંભ થયો હતો. આ અખબાર એક ટેસ્ટીંગ કેસ બની ગયો છે. પ્રેકટીકલ રીતે પણ એઆઈ કઈ રીતે કામ કરી શકે છે તે પ્રદર્શિત થશે અને આગામી સમયમાં જર્નાલીઝમમાં ટેકનોલોજીની અસર કઈ રીતે થશે તે પણ નિશ્ચિત કરશે. આ અખબારના એઆઈને લેટેસ્ટ ન્યુઝ ડેટાનો સોર્સ અપાયો હતો. તેના પરથી તેણે સમાચાર પસંદ કર્યા પણ તે આ ન્યુઝ પણ 'આર્ટિફીશ્યલ' નથી તે નિશ્ચિત કરવામાં આવી રહ્યું છે.

દુનિયાની ૧૦ ટોચની બેન્કો કરતા ભારતીય ઘરોમાં સોનું વધુ!

૨૫૦૦૦ ટન ગોલ્ડ - વિવિધ સ્વરૂપે ભારતીય ઘરોમાં સંગ્રહાયેલુ છે



સોના અને ભારતીયો વચ્ચેનો પ્રેમ દુનિયાભરમાં જાણીતો છે. ભારતમાં ગરીબ લોકો પણ અડધી રાત્રીના કામ લાગે તે રીતે તેની નાણાકીય ક્ષમતા મુજબ સોનુ રાખે છે તો ધનિકો તેમના કાળા નાણા છુપાવવા સોનાને સૌથી સલામત રોકાણ પણ ગણે છે તે વચ્ચે હાલમા જ એક રસપ્રદ રિપોર્ટમાં જણાવાયુ છે કે ભારતમાં હાઉસહોલ્ડ એટલે કે ભારતના ઘરેલુ સોનુ એ ૨૫૦૦૦ ટનથી વધુ જે વિશ્વની ટોચની ૧૦ બેન્કોના કુલ સોનાના જથ્થા કરતા પણ વધુ છે.એચએસબીસી ગ્લોબલના આ રિપોર્ટમાં જણાવાયું કે, અમેરિકાની સેન્ટ્રલ બેંક જેની જવાબદારી ડોલરને મજબૂત રાખવાની છે તેની પાસે ૮૧૩૩ ટન સોનુ છે. જર્મનીની મધ્યસ્થ બેન્કો પાસે ૩૩૦૦ ટન, ફ્રાન્સ, રશિયા, જાપાન સ્વીત્ઝરલેન્ડ ભારત અને તુર્કી આ તમામ દેશોની મધ્યસ્થ બેન્કો પાસે કુલ જેટલુ સોનુ છે તેનો સરવાળો કરો તો પણ ભારતના ઘરેલુ સોનાના ભંડાર આગળ તે ઓછું છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા માટે ૮૭૬.૧૮ ટન સોનુ છે.

ભારતીયોનો સોનાનો ક્રેઝ દેશની સરકારને પણ મોંઘો પડી રહ્યા છે. કારણ કે ભારત તેની જરૂરિયાતનું મોટા ભાગનુ સોનુ આયાત કરે છે. જેમાં કિંમતી વિદેશી હુંડીયામણ ખર્ચાય છે. ભારતના ગ્રાહકો દુનિયાના શોપીગ નિયમો બદલી રહ્યા છે. ભારતની મારૂતી સુઝુકી કાર કંપનીની કારનું કુલ વેચાણ તેની પેરેન્ટ કંપની સુઝુકી કરતા વધી ગયુ છે.સુઝુકી જે જાપાન સહિત દુનિયામાં કુલ ૧૪ લાખ કાર ૨૦૨૪માં વેચી તો મારૂતી સુઝુકીનું ભારતમાં વેચાણ તથા નિકાસ ૧૮ લાખ કારની થઈ હતી. તો હવે ટેસ્લા ભારતમાં આવુ-આવુ થઈ રહી છે અને તેનો મુકાબલો કરવા ચાઈનીઝ કાર કંપની બીવાયડી પણ ભારત આવશે. આ સમાચાર વચ્ચે ટેસ્લાના શેર ૩૧% ઘટયા છે તો બીવાયડીના શેર ૫૦% વધી ગયા છે. આમ ભારત એ દુનિયા માટે મોટુ બજાર છે.

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની ૧૦૦ વર્ષની સફર

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ભારતનું એક હિન્દુ રાષ્ટ્રવાદી સંગઠન છે તેની સ્થાપના ૧૯૨૫ માં ડૉ. કેશવ બલિરામ હેડગેવારે નાગપુરમાં કરી હતી આરએસએસનો ઉદ્દેશ્ય હિન્દુ સંસ્કૃતિ અને મૂલ્યોને જાળવી રાખવા અને ભારતને એક મજબૂત અને સમૃદ્ધ રાષ્ટ્ર બનાવવાનો છે આ સંગઠન ભારતના સૌથી મોટા સામાજિક સંગઠનોમાંનું એક છે અને તેના દેશભરમાં લાખો સક્રિય કાર્યકરો છે

આરએસએસની સ્થાપના ભારતીય સમાજમાં હિન્દુ ઓળખ અને એકતાની ભાવનાને મજબૂત કરવાના ઉદ્દેશ્યથી કરવામાં આવી હતી. ડો. હેડગેવાર, જે પોતે એક ડોક્ટર અને રાષ્ટ્રવાદી વિચારક હતા, તેમણે અનુભવ્યું કે ભારતીય સમાજમાં સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય જાગૃતિ લાવવાની જરૂર છે. તેમણે યુવાનોને એકત્ર કરીને તેમને શારીરિક અને માનસિક રીતે તાલીમ આપવાનું શરૂ કર્યું, જેથી તેઓ રાષ્ટ્રના નિર્માણમાં યોગદાન આપી શકે. શરૂઆતમાં, આરએસએસ એક નાનું સંગઠન હતું, પરંતુ ધીમે ધીમે તેનો પ્રભાવ વધતો ગયો.

આરએસએસની મુખ્ય વિચારધારા હિન્દુત્વ પર આધારિત છે. હિન્દુત્વને આરએસએસ માત્ર એક ધર્મ તરીકે નહીં, પરંતુ એક જીવનશૈલી અને ભારતીય સંસ્કૃતિની ઓળખ તરીકે જુએ છે. સંગઠન માને છે કે ભારત એક હિન્દુ રાષ્ટ્ર છે અને અહીંના તમામ નાગરિકોએ રાષ્ટ્ર પ્રત્યે સમર્પિત રહેવું જોઈએ. આરએસએસ ભારતીય સંસ્કૃતિ, પરંપરાઓ અને મૂલ્યોને પ્રોત્સાહન આપે છે અને તેમને જાળવી રાખવા માટે કાર્ય કરે છે.

આરએસએસની કાર્યપ્રણાલી શાખાઓ પર આધારિત છે. શાખા એ સંગઠનની પાયાની એકમ છે, જે દરરોજ અથવા અઠવાડિયામાં નિયમિત રીતે ખુલ્લા મેદાનમાં એકત્ર થાય છે. શાખામાં શારીરિક કસરતો, યોગ, રમતો અને બૌદ્ધિક ચર્ચાઓનું આયોજન કરવામાં આવે છે. આ પ્રવૃત્તિઓ દ્વારા સ્વયંસેવકોમાં શિસ્ત, એકતા અને રાષ્ટ્રભાવના વિકસાવવામાં આવે છે. આરએસએસનું સંગઠન એક સુવ્યવસ્થિત માળખું ધરાવે છે, જેમાં નીચેથી લઈને રાષ્ટ્રીય સ્તર સુધી વિવિધ પદાધિકારીઓ હોય છે.

આરએસએસ ઘણાં સહયોગી સંગઠનો સાથે સંકળાયેલું છે, જે શિક્ષણ, રાજકારણ, મજૂર, વિદ્યાર્થીઓ અને મહિલાઓ જેવા વિવિધ ક્ષેત્રોમાં કાર્ય કરે છે. આમાંના કેટલાક મુખ્ય સંગઠનોમાં વિશ્વ હિન્દુ પરિષદ (વીએચપી), ભારતીય જનતા પાર્ટી (ભાજપ), અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી), ભારતીય મજૂર સંઘ (બીએમએસ) અને રાષ્ટ્રીય સેવિકા સમિતિનો સમાવેશ થાય છે. આ સંગઠનો સ્વતંત્ર રીતે કાર્ય કરે છે, પરંતુ આરએસએસની વિચારધારાથી પ્રેરિત છે.

આરએસએસ તેના ઇતિહાસ અને વિચારધારાને કારણે ઘણા વિવાદોમાં પણ રહ્યું છે. કેટલાક લોકો આરએસએસને હિન્દુ રાષ્ટ્રવાદી અને બિનસાંપ્રદાયિકતા વિરુદ્ધ ગણાવે છે. ભૂતકાળમાં થયેલી કેટલીક સાંપ્રદાયિક ઘટનાઓમાં પણ આરએસએસનું નામ જોડાયું છે, જેના કારણે તેની ટીકા કરવામાં આવે છે. જો કે, આરએસએસ આ આરોપોને નકારે છે અને દાવો કરે છે કે તે એક સાંસ્કૃતિક સંગઠન છે જે રાષ્ટ્ર નિર્માણ અને સમાજ સેવામાં યોગદાન આપે છે. વિવાદો છતાં, આરએસએસે ભારતીય સમાજમાં ઘણાં ક્ષેત્રોમાં યોગદાન આપ્યું છે. કુદરતી આપત્તિઓ દરમિયાન રાહત કાર્ય હોય કે પછી શિક્ષણ અને સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડવી હોય, આરએસએસના સ્વયંસેવકો હંમેશાં આગળ રહ્યા છે. સંગઠન દ્વારા દેશભરમાં અનેક શાળાઓ, દવાખાના અને સેવાભાવી સંસ્થાઓ ચલાવવામાં આવે છે. આરએસએસ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓને પ્રોત્સાહન આપવાના કાર્યોમાં પણ સક્રિયપણે ભાગ લે છે.

આજે આરએસએસ ભારતનું એક શક્તિશાળી અને પ્રભાવશાળી સંગઠન બની ગયું છે. રાજકારણથી લઈને સમાજ સુધી તેના વિચારો અને કાર્યપ્રણાલીની અસર જોવા મળે છે. મોટી સંખ્યામાં યુવાનો અને વરિષ્ઠ નાગરિકો આ સંગઠન સાથે જોડાયેલા છે અને રાષ્ટ્ર સેવાના કાર્યોમાં યોગદાન આપી રહ્યા છે.

આસપાસ ચોપાસ સુરેશ ભટ્ટ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એક જટિલ અને બહુપક્ષીય સંગઠન છે. તેની સ્થાપના ભારતીય સમાજને એકત્ર કરવા અને હિન્દુ સંસ્કૃતિને જાળવી રાખવાના ઉદ્દેશ્યથી થઈ હતી. સમયની સાથે, આ સંગઠને ઘણો વિકાસ કર્યો છે અને આજે તે ભારતના સૌથી મોટા સામાજિક સંગઠનોમાંનું એક છે. તેના સમર્થકો તેને રાષ્ટ્રવાદી અને સમાજ સેવામાં સક્રિય સંગઠન તરીકે જુએ છે, જ્યારે ટીકાકારો તેના હિન્દુ રાષ્ટ્રવાદી વિચારધારા અને ભૂતકાળના વિવાદોને લઈને પ્રશ્નો ઉઠાવે છે. કોઈપણ રીતે, આરએસએસ ભારતીય સમાજ અને રાજકારણનું એક મહત્વપૂર્ણ અંગ છે અને તેના પ્રભાવને અવગણી શકાય તેમ નથી.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) ની સ્થાપના ડો. કેશવ બલિરામ હેડગેવારે કરી હતી. તેમનો જન્મ ૧ એપ્રિલ ૧૮૮૯ ના રોજ નાગપુરમાં એક મરાઠી દેશસ્થ બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમના પિતાનું નામ બલિરામ પંત હેડગેવાર અને માતાનું નામ રેવતી હતું. તેઓનો પરિવાર એક સામાન્ય પરિવાર હતો. જ્યારે હેડગેવાર ૧૩ વર્ષના હતા ત્યારે તેમના માતા પિતા બન્ને પ્લેગનો ભોગ બન્યા અને મૃત્યુ પામ્યા. તેમના મોટા ભાઈ મહાદેવ પંત અને સીતારામ પંતે તેમને મોટા કર્યા અને તેમને યોગ્ય અભ્યાસની સવલત પૂરી પાડી. ડો. હેડગેવારનું મૃત્યુ ૨૧ જૂન ૧૯૪૦ ના રોજ નાગપુરમાં થયું હતું. ડો. કેશવ બલિરામ હેડગેવાર એક ડોક્ટર અને રાષ્ટ્રવાદી વિચારક હતા. તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં સક્રિય હતા, પરંતુ કોંગ્રેસની નીતિઓ અને આંતરિક બાબતોથી તેઓ સંતુષ્ટ ન હતા. ૧૯૨૩ માં થયેલા હિંદુ-મુસ્લિમ રમખાણોથી તેઓ ખૂબ જ દુઃખી થયા અને તેમને લાગ્યું કે હિંદુ સમાજને સંગઠિત કરવાની અને રાષ્ટ્રને મજબૂત બનાવવાની જરૂર છે. લોકમાન્ય બાળગંગાધર ટિળક અને વીર સાવરકરના વિચારોથી તેઓ ખૂબ પ્રભાવિત હતા. તેમનું માનવું હતું કે હિન્દુ રાષ્ટ્રવાદ ભારતીય સંસ્કૃતિ અને ધાર્મિક વારસા પર આધારિત હોવો જોઈએ.

આ વિચારો સાથે, ડો. હેડગેવારે ૨૭ સપ્ટેમ્બર ૧૯૨૫ (વિજયાદશમીના દિવસે) નાગપુરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) ની સ્થાપના કરી. શરૂઆતમાં તેમની સાથે માત્ર ૨૬ સ્વયંસેવકો હતા. આરએસએસની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ હિંદુ સમાજને સંગઠિત કરીને રાષ્ટ્રની એકતા અને સંસ્કૃતિનું જતન કરવાનો હતો. તેઓ હિંદુ સમાજના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાને પુનર્જીવિત કરવા અને તેના દ્વારા દેશને વિદેશી આધિપત્યથી મુક્ત કરાવવા માંગતા હતા. ડો. હેડગેવારનું માનવું હતું કે સંગઠનમાં જ શક્તિ છે અને હિંદુઓની અજેય શક્તિને એક સંગઠનના માધ્યમથી એકત્રિત કરવી જરૂરી છે. ડો. હેડગેવારે સંઘને ભારતીય સ્વતંત્રતા ચળવળથી દૂર રાખ્યો અને તેમનું ધ્યાન હિંદુ સમાજના સંગઠન અને ચારિત્ર્ય નિર્માણ પર કેન્દ્રિત કર્યું.

તેઓ યુવકોને શારીરિક અને માનસિક રીતે તાલીમ આપતા હતા જેથી તેઓ રાષ્ટ્રના નિર્માણમાં યોગદાન આપી શકે. ધીમે ધીમે તેમના પ્રયત્નોથી આરએસએસનો પ્રભાવ વધતો ગયો અને તે એક મોટા સામાજિક સંગઠન તરીકે ઉભરી આવ્યું. ડો. હેડગેવાર ૧૯૨૫ થી ૧૯૪૦ સુધી આરએસએસના સરસંઘચાલક રહ્યા. તેમના અનુગામી તરીકે માધવ સદાશિવ ગોળવલકરે સંઘનું નેતૃત્વ સંભાળ્યું.

હસરંગા ચેન્નાઈ સુપર કિંગ્સ સામેની મેચમાં ૪ વિકેટ લેનાર ત્રીજો સ્પિનર બન્યો

ગોવાહાટી, ચેન્નાઈ સુપર કિંગ્સે આઇપીએલ ૨૦૨૫ માં તેમની પહેલી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને હરાવીને શાનદાર શરૂઆત કરી હતી, પરંતુ ત્યારથી ટીમ સતત ૨ મેચ હારી ગઈ છે. ચેન્નઈને તેની બીજી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે હારનો સામનો કરવો પડ્યો હતો અને હવે તે તેની ત્રીજી મેચમાં રાજસ્થાન રોયલ્સ સામે હારનો સામનો કરવો પડ્યો છે. ગુવાહાટીમાં રમાયેલી આ મેચમાં, રાજસ્થાન રોયલ્સે નીતીશ રાણાની શાનદાર બેટિંગ અને લેગ-સ્પિનર વાનિંદુ હસરંગાની ઉત્કૃષ્ટ બોલિંગને કારણે ચેન્નાઈને ૬ રને હરાવીને સીઝનની પોતાની પહેલી જીત નોંધાવી.

પ્રથમ બેટિંગ કરતા રાજસ્થાન રોયલ્સે નીતિશ રાણાની ૮૧ રનની વિસ્ફોટક ઇનિંગના આધારે ૧૮૨ રન બનાવ્યા. જવાબમાં ચેન્નાઈની ટીમ નિર્ધારિત ૨૦ ઓવરમાં ૬ વિકેટે માત્ર ૧૭૬ રન જ બનાવી શકી. રાજસ્થાનના સ્પિનર વાનિન્દુ હસરંગાએ ચેન્નાઈના બેટ્સમેનોને રોકવામાં મોટી ભૂમિકા ભજવી હતી, જેમણે ૪ ઓવરના પોતાના ક્વોટામાં માત્ર ૩૫ રન આપીને ૪ બેટ્સમેનોની વિકેટ લીધી અને આઇપીએલમાં પોતાના નામે એક ખાસ રેકોર્ડ બનાવ્યો.

હસરંગાએ રાહુલ ત્રિપાઠી, ચેન્નાઈના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ, શિવમ દુબે અને વિજય શંકરની વિકેટ લીધી. આમ, તે આઇપીએલમાં ચેન્નાઈ સુપર કિંગ્સ સામેની મેચમાં ૪ વિકેટ લેનાર ત્રીજો સ્પિનર બન્યો. આ પહેલા ફક્ત હરભજન સિંહ અને બ્રેડ હોગે જ આ મહાન સિદ્ધિ મેળવી હતી. એટલું જ નહીં, હસરંગા રાજસ્થાનનો બીજો બોલર છે જેણે સીએસકે સામે આઇપીએલ મેચમાં ૪ કે તેથી વધુ વિકેટ લીધી છે. આ પહેલા ૨૦૦૮માં આઈપીએલઆઈપીએલમાં સોહેલ તનવીરે ૧૪ રન આપીને ૬ વિકેટ લીધી હતી.

આઇપીએલમાં ચેન્નાઈ સુપર કિંગ્સ સામેની મેચમાં ૪ વિકેટ લેનારા સ્પિનરો

૫/૧૮ - હરભજન સિંહ (એમઆઈ), મુંબઈ વાનખેડે સ્ટેડિયમ, ૨૦૧૧

૪/૨૯ - બ્રેડ હોગ (કેકેઆર), કોલકાતા, ૨૦૧૫

૪/૩૫ - વાનિન્દુ હસરંગા (આરઆર), ગુવાહાટી, ૨૦૨૫

લક્ષ્યનો પીછો કરતા, ચેન્નાઈના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે ૬૩ રનની શાનદાર ઇનિંગ રમી, પરંતુ અન્ય બેટ્સમેનોના સહયોગના અભાવે, ટીમને સતત બીજી હારનો સામનો કરવો પડ્યો. વિશ્વના શ્રેષ્ઠ ફિનિશર ગણાતા મહેન્દ્ર સિંહ ધોની પણ ટીમને વિજયના ઉંબરે પહોંચાડી શક્યા નહીં.

સીએસકેના કેપ્ટનની ખેલદિલી જોઈ લો, રુતુરાજ ગાયકવાડે હેટમાયરના બુટની બાંધી દોરી



ગોવાહાટી, ક્રિકેટને ઘણીવાર 'સજ્જનોની રમત' તરીકે ઓળખવામાં આવે છે. દર્શકો ખેલાડીઓ પાસેથી મેદાન પર યોગ્ય વર્તન કરે અને રમતની ભાવના જાળવી રાખે તેવી અપેક્ષા રાખે છે. જ્યારે પણ ખેલાડીઓ મેદાન પર આવી ક્ષણ શેર કરે છે, ત્યારે પ્રેક્ષકોના હૃદય પીગળી જાય છે.

આવું જ એક ઉદાહરણ તાજેતરમાં આઇપીએલ ૨૦૨૫ માં આરઆર વિરુધ્ધ સીએસકે વચ્ચે ચાલી રહેલી મેચ દરમિયાન જોવા મળ્યું.સીએસકેના કેપ્ટન રુતુરાજ ગાયકવાડે રમતની ભાવના જાળવી રાખીને આરઆરના બેટ્સમેન શિમરોન હેટમાયરના જૂતાની દોરી બાંધી દીધી.

નોંધનીય છે કે, રમત પહેલા રુતુરાજ ગાયકવાડે ટોસ જીતીને રોયલ્સને બેટિંગ માટે આમંત્રણ આપ્યું. સુપર કિંગ્સે મેચની શાનદાર શરૂઆત કરી અને પહેલી જ ઓવરમાં યશસ્વી જયસ્વાલની વિકેટ લીધી. જોકે, નીતિશ રાણાએ ધમાકેદાર ઇનિંગ રમી અને ૩૬ બોલમાં ૮૧ રન બનાવીને રોયલ્સની તરફેણમાં મેચ ફેરવી દીધી.

સુપર કિંગ્સે વચ્ચેની ઓવરોમાં થોડી વિકેટો લીધી અને વાપસી કરી. ઇનિંગ્સના છેલ્લા તબક્કામાં, શિમરોન હેટમાયરે રોયલ્સને મજબૂત સ્કોર તરફ લઈ જવાનો પ્રયાસ કર્યો. જ્યારે વેસ્ટ ઇન્ડીઝનો બેટ્સમેન બેટિંગ કરી રહ્યો હતો, ત્યારે તેના જૂતાની દોરી છૂટી ગઈ. રુતુરાજ ગાયકવાડે તેમને દોરી બાંધવામાં મદદ કરી અને ચાહકોના દિલ જીતી લીધા.

રાશિદ ખાન સાથે પહેલીવાર બન્યું કે તે ચાર ઓવરનો પોતાનો ક્વોટા પણ પૂર્ણ કરી શક્યો નહીં

અમદાવાદ, આઇપીએલ ૨૦૨૫ માં, ગુજરાત ટાઇટન્સની ટીમે મુંબઈ ઇન્ડિયન્સને ૩૬ રનથી હરાવ્યું. આ મેચમાં, સાઈ સુદર્શને ગુજરાત માટે શાનદાર પ્રદર્શન કર્યું અને અડધી સદી ફટકારીને ટીમને વિજય તરફ દોરી ગઈ. પ્રથમ બેટિંગ કરતા ગુજરાતે ૧૯૬ રન બનાવ્યા. આ પછી, મુંબઈની ટીમ ૨૦ ઓવરમાં ફક્ત ૧૬૦ રન જ બનાવી શકી. મેચમાં ગુજરાતનો કેપ્ટન શુભમન ગિલ સ્ટાર સ્પિનર રાશિદ ખાનની પૂરી ચાર ઓવર નાખી શક્યો ન હતો અને તેને ફક્ત બે ઓવર જ ફેંકી હતી.



સ્ટાર સ્પિનર રાશિદ ખાને મુંબઈ ઈન્ડિયન્સ સામે ફક્ત બે ઓવર ફેંકી, ૧૦ રન આપ્યા અને એક પણ વિકેટ લેવામાં નિષ્ફળ રહ્યા. આઈપીએલના ઈતિહાસમાં આ પહેલી વાર બન્યું છે કે કેપ્ટને રાશિદને આઈપીએલ મેચની ૨૦ ઓવરની ઇનિંગમાં ચાર ઓવરનો પોતાનો ક્વોટા પૂરો કરવા દીધો નથી.આઈપીએલ મેચમાં એક બોલર વધુમાં વધુ ચાર ઓવર નાખી શકે છે.

રાશિદ ખાન ૨૦૧૭ થી આઈપીએલમાં ભાગ લઈ રહ્યો છે. ગુજરાત ટાઇટન્સ પહેલા તે સનરાઇઝર્સ હૈદરાબાદ ટીમનો ભાગ હતો. પછી આઈપીએલ ૨૦૨૨ માં, તેને ગુજરાત ટીમે ખરીદ્યો. અત્યાર સુધીમાં તેણે ૧૨૩ આઈપીએલ મેચોમાં કુલ ૧૫૦ વિકેટ લીધી છે. કોઈપણ બેટ્સમેન માટે તેની ગુગલીથી બચવું સરળ નથી અને તે ફક્ત થોડા બોલમાં મેચનો માર્ગ બદલવામાં માહિર છે.

ગુજરાત ટાઇટન્સના કેપ્ટન શુભમન ગિલે ભલે રાશિદ ખાનને ચાર ઓવરનો ક્વોટા પૂરો ન કરાવ્યો હોય, પરંતુ તેની ટીમ મુંબઈ ઈન્ડિયન્સ સામે જીત નોંધાવવા તરફ આગળ વધી રહી છે. ગુજરાત ટાઇટન્સ તરફથી સાઇ સુદર્શને શાનદાર બેટિંગ કરી. તેણે ૪૧ બોલમાં ૬૩ રન બનાવ્યા, જેમાં ચાર ચોગ્ગા અને બે છગ્ગાનો સમાવેશ થાય છે. તેમના સિવાય જોસ બટલરે ૩૯ રનનું યોગદાન આપ્યું. આ પછી, પ્રખ્યાત કૃષ્ણાએ બોલિંગમાં પોતાની પ્રતિભા બતાવી. તેણે પોતાની ચાર ઓવરમાં ૧૮ રન આપીને બે મહત્વપૂર્ણ વિકેટ લીધી. તેમના શાનદાર પ્રદર્શન બદલ તેમને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ આપવામાં આવ્યો.

પ્રતિબંધ બાદ પણ હાર્દિક પંડ્યામાં સુધારો ન થયો, આઈપીએલમાં ફરી મુશ્કેલીમાં

અમદાવાદ, આઇપીએલ ૨૦૨૫ માં મુંબઈ ઈન્ડિયન્સ સતત ૨ મેચ હારી ગયું છે. સીઝનની પહેલી મેચમાં મુંબઈને ચેન્નાઈના ઘરઆંગણે હારનો સામનો કરવો પડ્યો હતો. હાર્દિક પંડ્યા આ મેચમાં રમી શક્યો નહીં. ગયા સિઝનમાં, ધીમા ઓવર રેટને કારણે તેના પર એક મેચનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, જેના કારણે તેને આઇપીએલની ૧૮મી સિઝનની પહેલી મેચ ગુમાવવી પડી હતી. હાર્દિક પંડ્યાની ગેરહાજરીમાં સૂર્યકુમાર યાદવે ટીમની કમાન સંભાળી. એક મેચના પ્રતિબંધ બાદ, હાર્દિક પંડ્યા ગુજરાત ટાઇટન્સ સામે ટીમમાં પાછો ફર્યો પરંતુ તેણે એ જ ભૂલ કરી જેના કારણે તે તેની પહેલી મેચ ગુમાવી શક્યો.

વાસ્તવમાં, મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાને ૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી ગુજરાત ટ્વિન્સ સામેની મેચમાં ધીમા ઓવર રેટને કારણે આ દંડ ફટકારવામાં આવ્યો છે. આ મેચમાં મુંબઈના બોલરો નિર્ધારિત સમયમાં ૨૦ ઓવર નાખી શક્યા ન હતા, જેના કારણે છેલ્લી ઓવરમાં એક ઓછા ફિલ્ડરને ૩૦ યાર્ડ સર્કલની બહાર રાખવો પડ્યો હતો.આઇપીએલની આચારસંહિતાના કલમ ૨.૨ હેઠળ, જે ન્યૂનતમ ઓવર-રેટના ગુનાઓ સાથે સંબંધિત છે, હાર્દિક પંડ્યાનો આ સીઝનનો પહેલો ગુનો હોવાથી, હાર્દિક પંડ્યા પર ૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

મેચની વાત કરીએ તો, પ્રથમ બેટિંગ કરતા, યજમાન ગુજરાતની ટીમે ૮ વિકેટ ગુમાવીને ૧૯૬ રન બનાવ્યા હતા. જવાબમાં મુંબઈની ટીમ ૬ વિકેટે માત્ર ૧૬૦ રન જ બનાવી શકી. આ મેચમાં હાર બાદ, મુંબઈના કેપ્ટનને હવે ધીમા ઓવર રેટ માટે દંડનો સામનો કરવો પડ્યો. સતત બે હાર બાદ, મુંબઈ હવે તેના હોમ ગ્રાઉન્ડ, વાનખેડે સ્ટેડિયમ પર સીઝનની પહેલી મેચ રમવા માટે તૈયાર છે.

આસીમ રિયાઝ અને રજત દલાલ વચ્ચે થયો ઝઘડો, જ્યારે શિખર ધવને દરમિયાનગીરી કરી

મુંબઈ, રજત દલાલ અને આસીમ રિયાઝ, બંને ગુસ્સાવાળા લોકો છે. તેઓ કોઈપણ નાની વાત પર પોતાનો ગુસ્સો ગુમાવી દે છે અને મારવા માટે તૈયાર થઈ જાય છે. બંનેને 'બિગ બોસ'ની અલગ અલગ સીઝનમાં આવું કરતા જોવા મળ્યા છે. 'ખતરોં કે ખિલાડી'માં પણ આસિમ રોહિત શેટ્ટી સાથે ગેરવર્તન કરતો જોવા મળ્યો હતો. હવે એક કાર્યક્રમમાં બંને એકબીજા સાથે ઝઘડી પડ્યા છે, જેનો વીડિયો સામે આવ્યો છે. રૂબીના દિલૈક બંને વચ્ચે ફસાઈ ગઈ અને ક્રિકેટર શિખર ધવન દરમિયાનગીરી કરવા આવ્યો. ખરેખર, એમેઝોન-એમએક્સ પ્લેયર પર 'બેટલગ્રાઉન્ડ' નામના શોના એક કાર્યક્રમમાં



આસીમ રિયાઝ અને રજત દલાલ એકબીજા સાથે ટકરાયા હતા. વીડિયોમાં, બંને એક છેડે બેઠા છે. અને અચાનક કંઈક બને છે અને તેઓ ઉભા થાય છે અને લડવાનું શરૂ કરે છે. રૂબીના દિલૈક વચ્ચે બેઠી છે , જે તરત જ ઉભી થઈ જાય છે. અને તે તેમની તરફ જોતી પણ નથી. તે બસ બધું સાંભળતી રહે છે. કન્ટ્રોવર્સી ઘણી વાર થઈ છે અને થતી રહેશે, પરંતુ આસિમ અને રજત જેવી મારપીટ નહોતી થઈ. આ પ્રકારની ઘટનાને જો એન્ટરટેઈનમેન્ટ બિઝનેસ પ્રોત્સાહન આપી રહ્યું હોય તો આ ઈન્ડસ્ટ્રી કઈ દિશામાં જઈ રહી છે એ વિશે વિચાર કરવાનો સમય આવી ગયો છે.

તે જ સમયે, શિખર ધવન બંનેને દૂર ધકેલી દેતો જોવા મળે છે. બંને એકબીજાને ધમકી આપે છે. તેઓ તેને બાજુ પર ખસી જવા કહે છે. એટલો બધો ઘોંઘાટ છે કે આપણે વસ્તુઓ સ્પષ્ટ રીતે સમજી શકતા નથી. પણ શિખર એકલા બંનેને અલગ કરવાનો પ્રયાસ કરે છે. પણ તે પૂરી તાકાતથી ધક્કો મારે છે. પછી આખરે આસીમ ગુસ્સામાં ખુરશીને ધક્કો મારીને તેને પડી દે છે અને ત્યાંથી ચાલ્યો જાય છે. હવે પ્રશ્ન એ છે કે આ મજાક છે કે ખરેખર બન્યું છે. કારણ કે ગઈકાલે રજત દલાલનો પણ દિગ્વિજય સિંહ રાઠી સાથે ઝઘડો થયો હતો. આ વીડિયો પણ વાયરલ થયો. પરંતુ બાદમાં બંનેએ હસતા હસતા એક વીડિયો બનાવ્યો અને કહ્યું કે બધું બરાબર છે.

સારા અલી ખાન બાંગ્લા સાહિબમાં ખાસ વ્યક્તિને મળતા ચહેરો ચમકી ગયો

મુંબઈ, જ્યારે તમે કોઈને આકસ્મિક રીતે મળો છો, ત્યારે તે ખુશીનું કારણ બની જાય છે. જોકે, ભાગ્યે જ એવું બને છે કે ચાલતી વખતે અચાનક કોઈ ખાસ વ્યક્તિને મળે. પરંતુ, જ્યારે આવું થાય છે ત્યારે આ ક્ષણો સૌથી યાદગાર ક્ષણો બની જાય છે. સૈફ અલી ખાન અને અમૃતા સિંહની પુત્રી એટલે કે બોલિવૂડ અભિનેત્રી સારા અલી ખાન સાથે પણ કંઈક આવું જ બન્યું. સારા અલી ખાનની ખુશીનો કોઈ પાર નહોતો જ્યારે તે અચાનક દિલ્હીના પ્રતિષ્ઠિત બાંગ્લા સાહિબ ગુરુદ્વારામાં ફિલ્મ નિર્માતા આનંદ એલ રાયને મળી. સારાએ આનંદ એલ રાય સાથેની મુલાકાતની ઝલક પણ સોશિયલ મીડિયા પર શેર કરી છે.

આનંદ એલ રાય હાલમાં દિલ્હીમાં દક્ષિણના સુપરસ્ટાર ધનુષ સાથે તેમની આગામી ફિલ્મ 'તેરે ઈશ્ક મેં'નું શૂટિંગ કરી રહ્યા છે, જેની સાથે તેઓ અગાઉ 'રાંઝણા' અને 'અતરંગી રે'માં કામ કરી ચૂક્યા છે. આ રોમેન્ટિક ડ્રામા ફિલ્મ 'તેરે ઈશ્ક'માં, કૃતિ સેનન ધનુષ સાથે મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. આ દરમિયાન, આનંદ એલ રાય પણ બાંગ્લા સાહિબ પહોંચ્યા, જ્યાં સારા અચાનક તેમને મળી અને તે ખૂબ જ ખુશ થઈ ગઈ. ખરેખર, સારાએ અગાઉ આનંદ એલ રાય સાથે 'અતરંગી રે'માં કામ કર્યું છે, જે રોમાંસ અને ડ્રામાનું સુંદર મિશ્રણ હતું. આ ફિલ્મમાં સારાએ એક ભાવનાત્મક ભૂમિકા ભજવી હતી જેણે દર્શકોના દિલ જીતી લીધા હતા જ્યારે આનંદ એલ રાયે ફરી એકવાર અનોખી પ્રેમકથાઓ કહેવાની પોતાની કુશળતા સાબિત કરી હતી.

દિલ્હીથી તેમની નવી તસવીરોએ ચાહકોને તેમની છેલ્લી ફિલ્મની ખાસ કેમિસ્ટ્રીને ફરીથી યાદ કરાવ્યા છે. 'તેરે ઈશ્ક મેં' નામની ભાવનાત્મક પ્રેમકથા પૂર્ણ કર્યા પછી, તેમનું પ્રોડક્શન હાઉસ, કલર યલો, મોટા પડદા પર વધુ એક મનોરંજક રોમાંસ થ્રિલર ફિલ્મ 'તુ યા મેં' લઈને આવશે. આદર્શ ગૌરવ અને શનાયા કપૂર અભિનીત ફિલ્મ 'બ્લડી વેલેન્ટાઈન' ફેબ્રુઆરી ૨૦૨૬ માં રિલીઝ થવાની છે.





અનન્યા પાંડેએ તેના કથિત બોયફ્રેન્ડને મિસ્ટર વર્લ્ડવાઇડ ગણાવ્યો, ચાહકોએ તેના ભૂતપૂર્વને યાદ કર્યા

મુંબઈ, બોલિવૂડ અભિનેત્રીઓ તેમની ફિલ્મો કરતાં તેમના અંગત જીવનને કારણે વધુ ચર્ચામાં રહે છે. તાજેતરમાં જ અનન્યા પાંડેએ તેના કથિત બોયફ્રેન્ડ આદિત્ય રોય કપૂર સાથે બ્રેકઅપ કર્યું છે. આ પછી, અનન્યાનું નામ હોલીવુડ મોડેલ વોકર બ્લેક્રો સાથે જોડવામાં આવી રહ્યું હતું. હવે અનન્યાએ તેના કથિત બોયફ્રેન્ડ વોકરની પોસ્ટ પર ટિપ્પણી કરી છે. આ ટિપ્પણી જોઈને ચાહકો પણ ખુશ થઈ ગયા અને તેમને તેમના ભૂતપૂર્વ પ્રેમી આદિત્ય રોય કપૂરની યાદ અપાવવા લાગ્યા

બોલીવુડ સ્ટાર અનન્યા પાંડેએ માત્ર ૬ વર્ષમાં ઘણી ખ્યાતિ મેળવી છે. હવે અનન્યાની ગણતરી બોલિવૂડની ટોચની હિરોઈનોમાં થાય છે. તાજેતરમાં, અનન્યા તેના ભૂતપૂર્વ બોયફ્રેન્ડ આદિત્ય રોય કપૂર સાથેના સંબંધો અને બ્રેકઅપને લઈને સમાચારમાં હતી. હવે જો અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો, અનન્યા હાલમાં વોકર બ્લેક્રો નામની મોડેલને ડેટ કરી રહી છે.

અનન્યાના જન્મદિવસ પર ચાહકોને પણ આ વિશે માહિતી મળી. જ્યારે વોકરે અનન્યાના જન્મદિવસ પર તેના ઈન્સ્ટાગ્રામ પર એક વાર્તા પોસ્ટ કરી. અનન્યાના ૨૬મા જન્મદિવસ પર, વોકરે અનન્યાને અભિનંદન આપતા લખ્યું, 'સુંદર છોકરીને જન્મદિવસની શુભકામનાઓ.' તું ખૂબ જ ખાસ છે અને હું તને પ્રેમ કરું છું એન. વોકરની આ પોસ્ટ બાદ બંને વચ્ચેના સંબંધોની અટકળો લગાવવામાં આવી રહી છે.

હવે વોકરે પણ તાજેતરમાં એક પોસ્ટ શેર કરી છે. જેમાં તેમણે વન્યજીવનની કેટલીક ઝલક બતાવી છે. આ તસવીરો જોઈને અનન્યા પણ ખુશ થઈ ગઈ. એટલું જ નહીં, અનન્યાએ 'શ્રી.' લખ્યું છે. આ પોસ્ટ પર 'વર્લ્ડ વાઇડ'. અનન્યાની આ ટિપ્પણી પછી ચાહકો પણ ખુશ થઈ ગયા.

વોકર બ્લેક્રો અમેરિકાના શિકાગો પ્રાંતના શહેર ઈલિનોઈસનો રહેવાસી છે. વોકર લાંબા સમયથી મોડેલ પણ છે અને તેણે ઘણું નામ કમાવ્યું છે. પરંતુ હવે વોકરે મોડેલિંગ છોડી દીધું છે અને વન્યજીવન જીવી રહ્યો છે. વોકરનું ઈન્સ્ટાગ્રામ પણ વન્યજીવનના ફોટા અને વીડિયોથી ભરેલું છે.

અનન્યા પાંડેએ માત્ર ૬ વર્ષમાં બોલિવૂડમાં એક ખાસ સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમણે ૨૦૧૯ માં રિલીઝ થયેલી ફિલ્મ 'સ્ટુડન્ટ ઓફ ધ યર' થી પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. આ ફિલ્મ હિટ થતાં જ અનન્યા પણ હિરોઈન બની ગઈ. અત્યાર સુધી અનન્યાએ પોતાના કરિયરમાં હિટ ફિલ્મો આપી છે.

ધ્રોલના લતીપુર ખાતે જિલ્લા કક્ષાની પશુપાલન શિબિર અને પ્રદર્શન યોજાયું









જામનગર : રાજયના કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના મંત્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને તેમજ સાંસદ પૂનમબેન માડમની પ્રેરક ઉપસ્થિતિમાં ધ્રોલ તાલુકાના લતીપુર ગામે જીવદયા ગૌસેવા સમાજ ટ્રસ્ટ સંચાલિત ગૌશાળા ખાતે સંકલિત જિલ્લા કક્ષાની પશુપાલન શિબિર અને પ્રદર્શન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મંત્રીના હસ્તે પશુપાલકોને વિવિધ યોજનાકીય લાભો અપાયા હતા તેમજ ગૌશાળા ખાતે રૂ.૨૫ લાખના ખર્ચે તૈયાર થયેલ કેટલ શેડનું સાંસદ પૂનમબેન માડમના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતુ.

આ પ્રસંગે કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું કે સરકારના સકારાત્મક પ્રયાસોને કારણે આજે રાજયમાં દૂધ ઉત્પાદન ક્ષેત્રે શ્વેત ક્રાંતિ થઈ છે. દૂધ ઉત્પાદનમાં રાજય સમગ્ર દેશમાં અગ્રેસર બની રહ્યું છે.પશુપાલન ક્ષેત્રે આરોગ્ય વિષયક સંભાળ લેવા સરકાર પશુ આરોગ્ય મેળાઓ યોજી પશુપાલકોને ઘર આંગણે જ વિના મુલ્યે પશુ સારવાર ઉપલબ્ધ કરાવે છે. અને આ માટે સરકાર દ્વારા સમગ્ર રાજયમાં ૫૦૦ થી વધુ પશુ દવાખાનાઓ શરૂ કરવામાં આવ્યા છે.અને ચાલુ વર્ષમાં ૨૫૦ જેટલા પશુ દવાખાનાઓ શરૂ કરવાનો ઐતિહાસિક નિર્ણય રાજય સરકારે લીધો છે. તેમજ ત્રણ કરોડથી વધુ પશુઓને રાજયમાં સારવાર મળી છે. વધુમાં ૧૦ ગામ દિઠ એક પશુ વાન અંતર્ગત હાલ રાજયમાં ૪૬૫ વાન કાર્યરત છે.તેમજ ૧૫૦ જેટલી નવી પશુ વાન ચાલુ કરવાનું રાજય સરકારનું આયોજન છે. તદુપરાંત સેકસ્ડ સિમેન, કૃત્રિમ બિજદાન, પશુપાલન કિસાન ક્રેડિટ કાર્ડ, પશુ આહાર સહાય જેવી અનેકવિધ યોજનાઓ થકી રાજય સરકાર પશુપાલનનો વ્યાપ વધે તેમજ પશુપાલકો માટે આ ક્ષેત્ર નફાકારક બને તે દિશામા પ્રયત્નો કરી રહી છે.

મંત્રી દ્વારા ગૌપુજન કરી કાર્યક્રમ ખુલ્લો મુકાયા બાદ મહાનુભાવોના વરદ હસ્તે પશુપાલન ખાતાની સહાયકારી યોજનાઓની સંસ્થાઓને રૂ.૧.૯૬ કરોડ અને લાભાર્થીઓને રૂ.૨.૨૯ લાખની સહાયનું વિતરણ કરવામાં આવ્યુ હતું.આ ઉપરાંત સેકસ્ડ સિમેનથી જન્મેલ વાછરડી તથા પાડી ધરાવતા પશુપાલકોને નવીન ટેકનોલોજી અપનાવવા બદલ પ્રશસ્તિ પત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

આ સમારોહમાં ગુજરાત વેટેરીનરી કાઉન્સિલના પ્રમુખ ડો. ભગીરથ પટેલ, પશુપાલન શાખાના તજજ્ઞો ડો.અનીલ વિરાણી, ડો.હિતેશ કોરીંગા તથા ડો.કરશનભાઈ ગોરિયા દ્વારા જામનગર જિલ્લાના તમામ તાલુકામાંથી કુલ ૧૬૦૦થી વધુ સંખ્યામાં ઉપસ્થિત રહેલ પશુપાલકો ભાઈઓ-બહેનોને પશુપાલન થકી સમૃદ્ધિ બાબતેની વિવિધ જ્ઞાનવર્ધન માહિતી પ્રદાન કરેલ હતી તેમજ પશુપાલનના મુખ્ય ચાર આધાર સ્તંભો પશુ આરોગ્ય, પશુ સંવર્ધન, પશુ પોષણ તથા પશુ પસંદગી વિશે વિસ્તૃત માર્ગદર્શન અપાયું હતુ.તેમજ પશુપાલન નિયામક ફાલ્ગુનીબેન ઠાકર દ્વારા પશુ સારવાર, પશુ દવાખાના તેમજ પશુપાલનને લગતી વિવિધ યોજનાકીય જાણકારી પુરી પડાઈ હતી.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ મયબેન ગરસર, ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, જિલ્લા કલેકટર કેતન ઠક્કર,જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન ચંદ્રિકાબેન અઘેરા, ધ્રોલ પ્રાંત અધિકારી સ્વપ્નિલ સિસલે, આગેવાન ડો.વીનુભાઈ ભંડેરી, રમેશભાઈ મુંગરા, રસિકભાઈ ભંડેરી, પશુપાલન વિભાગ રાજકોટના વડા ડો.ભરત ગોહિલ, જામનગર જિલ્લા પશુપાલન અધિકારી ડો.તેજસ શુકલ તથા બહોળી સંખ્યામા પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને લાલપુર ખાતે તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો





જામનગર : જિલ્લા કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને મામલતદાર કચેરી લાલપુર ખાતે તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો.જેમાં કલેકટરશ્રીએ અરજદારોને રૂબરૂ મળી તેઓના પ્રશ્નો સાંભળ્યા હતા અને તે પ્રશ્નોના નિરાકરણ અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

આ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં કુલ ૧૦ જેટલા અરજદારોએ રાશનકાર્ડના લાભો મળવા, ૭/૧૨ પાનીયા અલગ કરવા, હક્ક પત્રકમાં કુવો તથા બોર ચડાવવા, વરસાદી પાણીનો નિકાલ વગેરે બાબતોને લગતા પ્રશ્નો રજૂ કર્યા હતા જે તમામ પ્રશ્નોનું સ્થળ પર જ જરૂરી કાર્યવાહી કરી નિરાકરણ લવાયું હતું.અરજદારોના પ્રશ્નોના નિરાકરણ લાવવાની સાથે કલેકટરએ અરજદારોના પરિવારની સ્થિતિ તેમજ આવક રોજગાર અંગેની માહિતી મેળવી લાગુ પડતી હોય તેવી વિવિધ યોજનાઓની જાણકારી આપી તેનો લાભ લેવા અંગે અરજદારોને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ સ્વાગત કાર્યક્રમમાં લાલપુર મામલતદાર બી.વી.ભારવાડીયા, તેમજ તાલુકા સંકલનના અધિકારીઓ જોડાયા હતા.

જામનગરની ગાયત્રી શક્તિપીઠ ખાતે બપી, ડાયાબીટીસ તથા દંત ચિકિત્સાનો નિ:શુલ્ક કેમ્પ

જામનગર : શ્રી ગાયત્રી શક્તિપીઠ જામનગર અને શ્રી રણછોડદાસજી બાપુ ચેરી. હોસ્પિટલ-રાજકોટના સંયુક્ત ઉપક્રમે શરૂ સેક્શન રોડ, શિવમ્ પેટ્રોલિયમની પાછળ, માસ્તર સોસાયટી-જામનગરમાં આવેલ શ્રી ગાયત્રી શક્તિપીઠના ત્રિપદા ભવનમાં જનતાના લાભાર્થે વિનામૂલ્યે શ્રી સદ્ગુરુ સુપર મેગા નેત્રમણી નેત્રયજ્ઞ (ઓપરેશન સુવિધા સાથે) નું આયોજન શનિવાર, તા. ૫-૪-૨૦૨૫ ના સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન કરવામાં આવ્યું છે.

આ વિનામૂલ્યે નેત્રયજ્ઞમાં શ્રી સદ્ગુરુ રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ રાજકોટના નિષ્ણાત ડોક્ટર તથા સ્ટાફ પોતાનું યોગદાન આપશે. આ નેત્રયજ્ઞમાં આંખના રોગોનું નિદાન કરી, જરૂરિયાતવાળા મોતિયાના દર્દીને બસમાં લઈ જઈ આધુનિક ફેકો મશીન દ્વારા ટાંકા વગરનું વિનામૂલ્યે ઓપરેશન કરી નેત્રમણી પણ બેસાડી આપવામાં આવશે. દર્દીને રહેવા, જમવા, ચા-પાણી, નાસ્તો, ચશ્મા, દવા, ટીપાં મફત આપવામાં આવશે. ઓપરેશન થયા પછી દર્દીને શ્રી ગાયત્રી શક્તિપીઠ જામનગરના કેમ્પના સ્થળે પરત મૂકવાની વ્યવસ્થા પણ રાજકોટની હોસ્પિટલ તરફથી કરવામાં આવશે.

આ દિવસે શ્રી ગાયત્રી શક્તિપીઠ જામનગરમાં ચાલતા એક્યુપ્રેશર વિભાગ દ્વારા એક્યુપ્રેશર કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલું જેમાં શરીરના કોઈપણ અંગના દુ:ખાવા માટે એક્યુપ્રેશર પદ્ધતિથી સારવાર આપવામાં આવશે. તેમજ લાયન્સ ક્લબ વેસ્ટ જામનગરના સહયોગથી ડાયાબિટીસ તથા બી.પી.ની તપાસનો કેમ્પ પણ રાખેલ છે તેમજ દાંતના દર્દી માટે ડો. કુંજલબેન પટેલ તેમની સેવા આપશે. તો ઉપરોક્ત કેમ્પોનો લાભ લેવા માટે શ્રી ગાયત્રી શક્તિપીઠ અનુરોધ કરે છે.

જામ્યુકોની મિલકત વેરા શાખા દ્વારા ૪૯ મિલકતના સાંકેતિક કબજોની નોટીસ કરાઈ પ્રસિદ્ધ

જામનગર : જામનગર મહાનગરપાલિકા દ્વારા મિલકતવેરાની બાકી વસૂલાત માટે કડક કામગીરી શરૂ કરાઈ છે અને જરૂર પડયે મિલકત જમી અને સાંકેતિક કબજા પણ લેવામાં આવી રહ્યા છે. જેમાં વધુ ૪૯ મિલકતોનો સાંકેતિક કબજો મેળવયો હોવાની જાહેર નોટિસ પ્રસિદ્ધ કરવામાં આવી છે.

ધી ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ ની કલમ-૧૪૧ અનુસાર આકારણી થયેલ અને મ્યુનિસિપલ ટેક્સ રજીસ્ટરે નોંધેલ મિલકતોના મિલકતવેરો વસુલાત સંબંધે જે-તે મિલકતો ઉપર જામનગર મહાનગરપાલિકાનો પ્રથમ ગીરો હક્ક પ્રસ્થાપિત થયેલ છે. સદરહું કાયદાના ચેપ્ટર-૮ માં દર્શાવેલ મિલકતવેરાના નિયમો અનુસાર મિલકતવેરા વસુલાત સંબંધે નિયત થયેલ પદ્ધતિ અનુસારની પ્રક્રિયા જામનગર મહાનગરપાલિકા દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે, તેમ છતાં પણ મિલકત ધારક દ્વારા જે-તે મિલકત પરનો મિલકતવેરો તથા તેને આનુષંગિક વેરા ભરપાઈ કરવામાં આવેલ નથી. મિલકતવેરા સબંધે સદરહું કાયદામાં નિયત થયેલ સત્તાઓનો ઉપયોગ કરતા નોટીસ આપવામાં આવે છે કે, અધિકૃત અધિકારીએ અહી જણાવેલ મિલકત ધારકોને વોરંટ /અનુસુચિ / તા.૨૦/૦૧/૨૦૨૪ થી જાહેર નોટીશ પ્રસિદ્ધ કરી મિલ્કત વેરો ભરપાઈ કરી જવા જાણ કરવામાં આવેલ , તેમ છતાં નાણાકિય વર્ષ ૨૦૨૩-૨૪ સુધી ની રકમ ભરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી દેવાદાર અને જાહેર જનતાને નોટીશ આપવામાં આવે છે કે, ઉપરોક્ત કાયદાના નિયમ -૪૨ જેનો અર્થ ઉપરોક્ત નિયમ-૪૨ માં આપવામાં આવ્યો છે. તે મિલકતનો સાંકેતિક કબજો લઈ લીધો છે.

આથી, ખાસ કરીને દેવાદાર અને જાહેર જનતાને ચેતવવામાં આવે છે કે, તે મિલકત અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહિ અને છતાં જો તે મિલકત અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે અંગેની રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક બાબત જામનગર મહાનગરપાલિકાને આધીન રહેશે. પ્રથમ ગીરો હક્ક /બોજો દુર કરવા/ પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભે કાયદાની કલમ ૧૨૮ અને ૧૪૧ ની જોગવાઈઓ તરફ દેવાદાર /જાહેર જનતાનું ધ્યાન દોરવામાં આવે છે. સાંકેતિક કબજા અંગેની ૪૯ મિલકતો અંગે નોટિસ પ્રસિદ્ધ થઈ ચૂકી છે

સોયલ અને બેડ ગામના ટોલટેક્સ પ્લાઝા પરથી પસાર થતા વાહનો માટે જાહેરનામું

જામનગર : ગુજરાત સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન, ગાંધીનગર અને એલ.એન્ડ.ટી. રાજકોટ-વાડીનાર ટોલ–વે લિમિટેડ વચ્ચે રાજકોટ-જામનગર-વાડીનાર રોડ ચારમાર્ગી બનાવવા અંગે કેન્દ્ર સરકારની વાયેબીલીટી ગેપ ફંડિંગ યોજના હેઠળ એગ્રીમેન્ટ કરવામાં આવેલ છે. જે મુજબ નિયત કરેલા વાહનો પાસેથી નિયત કરેલ ચાર્જ વસુલ કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. જે પૈકી, જામનગર જિલ્લામાં જામનગર તાલુકાના બેડ ગામ તથા ધ્રોલ તાલુકાના સોયલ ગામ પાસે ટોલ પ્લાઝા આવેલા છે. ઉપરોક્ત ટોલ પ્લાઝાની આજુબાજુના ગામોના લોકો કોમર્શીયલ વાહનો પણ ધરાવે છે. આવા વાહન ધારકો સરકારના જાહેરનામાંનો અમલ ના કરીને નિયત ટોલ ચાર્જની ચુકવણી કરતા નહી હોવાના બનાવો બનેલા છે.

તેમજ, ગુનેગારો ગુનાના સ્થળેથી અન્ય જિલ્લા તેમજ રાજય બહાર પણ નાસી જતા હોય છે. જિલ્લાના ટોલનાકાઓ ઉપર સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલા છે. પરંતુ, કેટલાક લોકો ટોલ પ્લાઝાના નજીકમાં આવેલી તેમની જમીનમાં થઈને વાહનોને ટોલગેઈટમાંથી પસાર થવું ન પડે તે રીતે બાયપાસ થવાની સવલત પુરી પાડે છે.

તેથી આવા બનાવો નિવારી શકાય તે હેતુથી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ બી.એન.ખેર, જામનગર દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે, જામનગર જિલ્લાના બેડ તથા સોયલ ગામ પાસે આવેલા ટોલનાકાઓ પરથી પસાર થતા ટોલટેક્સ ચુકવવાપાત્ર તમામ વાહનોના ચાલકોએ તેમનું વાહન ટોલપ્લાઝાની નિશ્ચિત જગ્યાએ થોભાવવું તથા રાજ્ય સરકારે નક્કી કરેલો ટોલ ટેક્સની ચુકવણી બાદ તેની પહોંચ મેળવી લેવી. જો નિયમાનુસાર મુક્તિ મળવા પાત્ર હોય, તો તે અંગેનું કાર્ડ કે પાસ ટોલ પ્લાઝાના કર્મચારી, એજન્ટ કે નોકરને બતાવીને તે બાદ જ ટોલનાકુ પસાર કરવું.

આ ટોલનાકાઓ નજીક આવેલી જમીનના માલિકોએ વાહનો ટોલનાકામાંથી પસાર થવાના બદલે પોતાની ખાનગી માલિકીની જમીનમાંથી બાયપાસ થઈ પસાર થઈ શકે તેવો કોઈપણ બાયપાસ પ્રકારનો રસ્તો વાહન ચાલકોને પુરો પાડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. સરકારના પ્રવર્તમાન નિયમોનુસાર અને જાહેરનામાંઓથી જે વાહનોને ટોલટેક્સ ચુકવવામાંથી મુક્તિ આપવામાં આવેલી હોય, તો તેવા વાહનચાલકોને આ જાહેરનામાંની જોગવાઈ લાગુ પડશે નહી.આ જાહેરનામું આગામી તા.૨૬-૦૫-૨૦૨૫ સુધી અમલમાં રહેશે. તેમ અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ બી.એન.ખેર દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે.

જામનગરના શુભલક્ષ્મી ગ્રુપ દ્વારા માટેલ જતા પદયાત્રીઓ માટે સેવા કેમ્પનું આયોજન

જામનગર : ચૈત્રી નવરાત્રિ દરમિયાન જામનગરથી માટેલ જવા માટે પદયાત્રિઓના સંઘ રવાના થતા હોય છે. આ પદયાત્રીઓ માટે વિવિધ સ્થળોએ શુભ લક્ષ્મી ગ્રુપ (સેવા મંડળ) જામનગર દ્વારા સેવા કેમ્પો યોજવામાં આવે છે. જેમાં મેડિકલ, રાત્રિ રોકાણ, નાસ્તા સહિતની વ્યવસ્થા પૂરી પાડવામાં આવે છે. આ કાર્ય ૨૪ વર્ષ પૂર્ણ થઈ ૨૫ મા વર્ષમાં મંગલ પ્રવેશ કરશે. જામનગરથી તા. ૨/૪ ને બુધવારે બપોરે સંઘ રવાના થશે, જેમાં રાત્રે સોયલ ટોલ નાકા પાસે મેડિકલ કેમ્પ, રાત્રિ રોકાણની હોટલની બાજુના રોડ પર આવેલ ભાણજી ભીમજી પટેલ સમાજની વાડીમાં કરવામાં આવશે. જયા ચા-દૂધ-કોફી-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવશે.

તા. ૩/૪ ને ગુરૂવારે પટેલ સમાજ-લતીપરમાં મેડિકલ કેમ્પ, સાંજે પાંચ વાગ્યે અબુભાઈની હોટલે કેમ્પ, રાત્રિ રોકાણ ટંકારા ચોકડી પાસે આવેલ મચ્છુ માતાજીના મંદિરે (ભરવાડ સમાજની વાડી) કરવામાં આવશે. જયાં સ્નાન તથા આરામ કરવા સહિતની સુવિધા રાખેલ છે. રાત્રે ૯ વાગ્યે શ્રી વછરાજ મિત્ર મંડળ (જોડેશ્વર રોડ) માં મેડિકલ કેમ્પ રાખવામાં આવ્યો છે. તા. ૪/૪ ને શુક્રવારે સવારે ૬ વાગ્યે પંચાસિયા ગામમાં પંચાયત ઓફિસ પાસે તથા બપોર પછી શિવપુરી ધામ ફાટકમાં મેડિકલ કેમ્પ રાખવામાં આવ્યો છે . આ ઉપરાંત રાત્રે કોઈ અકસ્માત ના સર્જાય તેની તકેદારી માટે રેડિયમ રીફલેક્ટર પટ્ટી પદયાત્રિકોને લગાવવામાં આવશે. પદયાત્રિકોને આ કેમ્પનો લાભ લેવા પ્રમુખ મનોજ પરમાર દ્વારા જણાવાયું છે.

સલાયા લોહાણા મહાજન આયોજિત ચૈત્રી નવરાત્રીની આજરોજ દીપ પ્રાગટ્ય કરી થઈ વિધિવત શરૂઆત





તસવીર : આનંદ લાલ-સલાયા

સલાયા લોહાણા મહાજન દ્વારા ઘણા વર્ષોથી ચૈત્રી નવરાત્રીની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે.જેમાં ફક્ત બહેનો દ્વારા માતાજીના ગરબા અને રાસ કરવામાં આવે છે. નવરાત્રીના પ્રથમ દિવસે સલાયા લોહાણા મહાજનના પૂર્વ પ્રમુખ સ્વ.દામોદરભાઈ પોપટલાલ કાનાણીના ધર્મપત્ની વિજયાબેનના હસ્તે દીપ પ્રાગટ્ય કરી વિધિવત રીતે ગરબાની શરૂઆત કરવામાં આવી હતી.આ સમયે સલાયા લોહાણા મહાજનના હાલના વર્તમાન પ્રમુખ ભરતભાઈ લાલના ધર્મપત્ની ભારતીબેન લાલ પણ સાથે જોડાયા હતા.તેમજ વિજયાબેનનું સલાયા લોહાણા મહાજન વતી સાલ ઓઢાડી સન્માન કરાયું હતું. આ ચૈત્રી નવરાત્રીમાં દરરોજ બહેનો દીકરીઓ રાસ ગરબા રમે છે. તેમજ માતાજીની સ્તુતિ કરે છે. દર વર્ષે ગરબા રમ્યા બાદ જુદોજુદો અલ્પાહાર મૂળ સલાયાના અને હાલ કિશુમુ નિવાસી શેઠ શ્રી જયંતભાઈ વિઠ્ઠલદાસ બદિયાણી પરિવાર દ્વારા આપવામાં આવે છે.આમ આસો નવરાત્રી બધે મનાવવામાં આવે છે પરંતુ ચૈત્રી નવરાત્રીમાં રાસ ગરબાનું આયોજન સલાયામાં ઘણા વરસથી કરવામાં આવે છે.

જામ્યુકોના પેન્શન મંડળ દ્વારા નવી પેન્શન યોજનાના ઠરાવની અમલવારી કરવા માંગણી

જામનગર : નવી વર્ધિત પેન્શન યોજના અંતર્ગત ચાલુ નોકરીએ અવસાનના કિસ્સામાં કટુંબ પેન્શન મુજબના લાભ આપવા અંગે રજૂઆત સાથે માંગણી કરવામાં આવી છે.

જામનગર મહાનગર પાલિકા પેન્શનર મંડળના પ્રમુખ કનુભા ઝાલાએ મ્યુનિ. કમિશનરને પાઠવેલ પત્રમાં રજૂઆત અને માંગણી કરતા જણાવેલ છે કે, તા. ૧-૪-૨૦૦૫ પછી નિમણૂક પામેલ કર્મચારીને નવી વર્ધિત પેન્શન યોજના લાગુ પાડવામાં આવે છે, અને તે મુજબ અમલવારી અંગે મંજુરી પણ અપાઈ છે.

નવી વર્ધિત પેન્શન યોજના અંતર્ગત અશક્ત અને ચાલુ નોકરીએ અવસાનના કિસ્સામાં, અશક્તા/ કુટુંબ પેન્શન યોજના મુજબના લાભો આપવા અંગે ઠરાવેલ છે. મહાનગરપાલિકા તા. ૧-૪-૨૦૦૫ના અને તે પછીના નિમણૂક પામેલ કર્મચારીને આવા લાભો આપવામાં આવે છે, પરંતુ તેની સત્વરે અમલવારી કરવામાં આવે તેવી માંગણી દોહરાવવામાં આવી છે.

જામનગરમાં વકિલ મંડળને સાયબર ક્રાઈમ અંગે માર્ગદર્શન અપાયું







તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : હાલ ના સમય માં દિવસે દિવસે સાયબર ક્રાઈમ અપરાધો વધી રહ્યા છે.તેમજ રોજ ઘણા લોકો આનો ભોગ બને છે. ઘણા વકીલ મિત્રો પણ સાયબર ક્રાઈમ નો ભોગ બન્યા છે. જામનગર વકીલ મંડળ ના સભ્યો માટે સાયબર ક્રાઈમ અવેરનેસ અંગેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સાયબર ક્રાઈમ અંગે માહિતગાર કરવા તથા તેને અટકાવવા અંગે શું કરવું જોઈએ? તે અંગે વિસ્તૃત માર્ગદર્શન ટૂંકમાં અવેરનેસ અંગે સિટી ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા, પી.આઈ.ઘાશૂરા અને પીએસઆઈ ઝાલા તથા સાયબર ક્રાઈમ જામનગર પોલીસ ટીમના ઓફિસર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ અંગેસ્ક્રીન ઉપર પણ એક ડોકયુમેન્ટરી દર્શાવાઈ હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા વકિલ મંડળના પ્રમુખ ભરતભાઈ સુવા, સેક્રેટરી મનોજભાઈ ઝવેરીની ટીમે જહેમત ઉઠાવી હતી.

ચંદ્રઘેટા - ત્રીજુ નોરતું

ચંદ્રઘેટા દેવી નવદુર્ગાના ત્રીજા સ્વરૂપ તરીકે પૂજાય છે. તેમનું નામ ચંદ્ર–ઘેટા એટલે કે ચાંદની જેમ તેજસ્વી અને ઘેટાની જેમ પંચડ શકિતશાળી છે. માતા પાર્વતી જયારે ભગવાન શિવને પતિરૂપે મેળવવા માટે તપસ્યા કરી ત્યારે તેમને ''બજાચારિણી'' રૂપે ઓળખવામાં આવ્યા. તેમની તપસ્યા અને સ્નેહથી શિવજી પ્રસન્ન થયા અને લગ્ન માટે સંમત થયા લગ્ન વખતે ભગવાન શિવ, ભયાનક સપ (ભસ્મ લગાવેલ, સાપ પહેરલા) સાથે આવ્યા, જે જોઈને પાર્વતીની માતા મેનકા અને અન્ય દેવતાઓ ભયભીત થઈ ગયા. પાર્વતીએ ભગવાન શિવને સૌમ્ય સ્વરૂપ ધારણ કરવા વિનંતી કરી અને ત્યાર પછી જ તેમની વિવાહ શાસ્ત્રીય વિધિથી સંભવ થયો. વિવાહ બાદ, માતા પાર્વતીએ આ ચંદ્રઘેટા સ્વરૂપ ધારણ કર્યુ જેમાં તેમના મસ્તક પર અર્ધચંદ્ર ઘેટાના સ્વરૂપમાં શોભતો હતો.

- નંદિની નાયડુ

દિલ્હી-એનસીઆરમાં ડ્રગ્સ તસ્કરોનો પર્દાફાશ : રૂા. ૨૭.૪ કરોડનો માલ જપ્ત



નવીદિલ્હી,
દિલ્હી-એનસીઆરમાં ડ્રગ્સ તસ્કરોનો પર્દાફાશ થયો છે. તેમની પાસેથી ૨૭.૪ કરોડ રૂપિયાના ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યા છે. તેમજ ૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આમાંથી ૪ નાઈજિરિયન વિદ્યાર્થીઓ છે. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) અને દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે છતરપુર, તિલક નગર અને ગ્રેટર નોઈડામાં દરોડા પાડ્યા હતા.

સંયુક્ત દરોડામાં, ૫.૧૦૩ કિલો ક્રિસ્ટલ મેથામ્ફેટામાઇન, ૪.૧૪૨ કિલો અફઘાન હેરોઇન, ૫.૭૭૬ કિલો એમડીએમએ (એક્સ્ટસી ગોળીઓ) અને ૨૬ ગ્રામ કોકેન જપ્ત કરવામાં આવ્યું હતું.એનસીબી અને દિલ્હી પોલીસના આ સંયુક્ત ઓપરેશનમાં, ૪ આફ્રિકન નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે.

આ બધા આફ્રિકન નાગરિકો (નાઇજીરીયન) સ્ટુડન્ટ વિઝા પર ભારત આવ્યા હતા અને દિલ્હી અને પંજાબની યુનિવર્સિટીઓમાં પ્રવેશ લીધો હતો અને ડ્રગ્સની હેરાફેરી સાથે સંકળાયેલા હતા.

હવે એનસીબી અને દિલ્હી પોલીસનો સ્પેશિયલ સેલ એ જાણવાનો પ્રયાસ કરી રહ્યો છે કે જપ્ત કરાયેલા ડ્રગ્સ ભારતમાં કેવી રીતે લાવવામાં આવ્યા? આ દેશના કયા રાજયોમાં ડ્રગ્સ સપ્લાય કરવામાં આવી રહ્યું હતું?

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં ડ્રગ્સની દાણચોરી એક ગંભીર સમસ્યા બની ગઈ છે. દેશની રાજધાની હોવાથી, તે વધુ ચિંતાજનક માનવામાં આવે છે. દિલ્હી ડ્રગ્સ તસ્કરો માટે એક મોટું કેન્દ્ર બની રહ્યું છે. અહીં ડ્રગ હેરફેરના ઘણા કિસ્સાઓ નોંધાયા છે, જેમાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ગેંગનો સમાવેશ થાય છે.

ખેડૂતોએ સરકાર સામે ખોલ્યો મોરચો ધારાસભ્યો અને મંત્રીઓના ઘર ઘેરાયા

ખેડૂતોએ ધારાસભ્ય ડૉ. અમનદીપ કૌર અરોરાના ઘરની બહાર વિરોધ પ્રદર્શન કર્યું

ચંડીગઢ,
પંજાબના ખેડૂતોએ હવે પંજાબ સરકાર સામે મોરચો ખોલ્યો છે. ખેડૂતો રાજયભરમાં ધારાસભ્યો અને મંત્રીઓના ઘરોનો ઘેરાવ કર્યો છે. મોગામાં, ખેડૂતોએ ધારાસભ્ય ડૉ. અમનદીપ કૌર અરોરાના ઘરની બહાર વિરોધ પ્રદર્શન કર્યું.

ખેડૂતોએ જણાવ્યું કે ૧૯ માર્ચે પંજાબ પોલીસે શંભુ બોર્ડર અને ખાનૌરી બોર્ડર પર ખેડૂતોના વિરોધ પ્રદર્શનને દૂર કર્યું હતું. પંજાબ પોલીસે સરહદ ખાલી કરવા માટે ખેડૂતોની અટકાયત કરી હતી.

આના વિરોધમાં ખેડૂતોએ આજે પંજાબભરમાં કેબિનેટ મંત્રીઓ અને ધારાસભ્યોના ઘરોનો ઘેરાવ કરવાની જાહેરાત કરી હતી.

ખેડૂતોનો આરોપ છે કે પંજાબ સરકારે તેમની સામે બળપ્રયોગ કર્યો છે. કારણ કે ખેડૂતો તેમની માંગણીઓને લઈને શંભુ અને ખાનૌરી બોર્ડર પર શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહ્યા હતા. ૧૯ માર્ચે પોલીસે ખેડૂતોને બળજબરીથી ત્યાંથી ભગાડી દીધા. ખેડૂતોના તંબુ ઉખેડી નાખવામાં આવ્યા અને તેમનો માલ નાશ પામ્યો. આના વિરોધમાં ખેડૂતો પંજાબના મંત્રીઓ અને ધારાસભ્યોના ઘરોનો ઘેરાવ કરી રહ્યા છે.

ઈઝરાયલે ફરી ગાઝા પટ્ટી પર મચાવી તબાહી હુમલામાં ૬૪ લોકો માર્યા ગયાના અહેવાલ

ગાઝા,તા.૩૧
ઈઝરાયલ હમાસ યુદ્ધઃ ઈદ ઉલ ફિત્રને લઈને સમગ્ર વિશ્વમાં ઉત્સવનો માહોલ છે. જોકે, ઈદનો દિવસ પણ ગાઝાના લોકો માટે રાહતના કોઈ સમાચાર લઈને આવ્યો નથી. ઈદના અવસર પર પણ ઈઝરાયલે ગાઝા પર હુમલા ચાલુ રાખ્યા છે. આ હુમલાઓમાં ગાઝામાં ઓછામાં ઓછા ૬૪ લોકો માર્યા ગયા છે. અલ જઝીરાના અહેવાલ મુજબ, ઈઝરાયલે વિવિધ વિસ્તારોમાં ભારે બોમ્બમારો કર્યો છે જેમાં ડઝનબંધ લોકો ઘાયલ પણ થયા છે.

દરમિયાન, ઈઝરાયલી સેનાએ ગાઝા પટ્ટીના દક્ષિણ શહેર રફાહના મોટાભાગના ભાગો ખાલી કરવાના આદેશો જારી કર્યા છે. સોમવારે જારી કરાયેલા આ આદેશો ઈઝરાયલે આ મહિનાની શરૂઆતમાં યુદ્ધવિરામ સમાપ્ત કર્યા અને હમાસ સામે હવાઈ અને જમીન યુદ્ધ ફરી શરૂ કર્યા પછી આવ્યા છે.

હમાસે ઈદના અવસર પર ઈઝરાયલી હુમલાઓની આકરી ટીકા કરી છે. હમાસે કહ્યું છે કે આ હુમલાઓ ઈઝરાયલની ખોટી વિચારસરણીને પ્રતિબિંબિત કરે છે. રવિવારે, પેલેસ્ટાઇન રેડ ક્રેસન્ટ સોસાયટીએ ગુમ થયેલા ૧૪ કટોકટી કર્મચારીઓના મૃતદેહ શોધી કાઢ્યા. જૂથે જણાવ્યું હતું કે ગયા અઠવાડિયે ગાઝામાં ઈઝરાયલી લશ્કરી હુમલામાં તેનું મોત થયું હતું. ગાઝાના લોકો કહે છે કે તેમની પાસે ખાવા માટે ખોરાક પણ નથી અને તેઓ કોઈક રીતે જીવિત રહેવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ હમાસ સાથે યુદ્ધવિરામ કરાર માટે એક નવો પ્રસ્તાવ રજૂ કર્યો છે. નેતન્યાહૂએ કહ્યું છે કે યુદ્ધવિરામ માટે હમાસે પોતાના શસ્ત્રો છોડી દેવા જોઈએ અને ગાઝામાં સુરક્ષા ઈઝરાયલને સોંપવી જોઈએ.

ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધમાં ૫૦,૦૦૦ થી વધુ પેલેસ્ટિનિયનો માર્યા ગયા છે અને ૧,૧૩,૦૦૦ થી વધુ ઘાયલ થયા છે. ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધ ૭ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ શરૂ થયું હતું, જયારે હમાસના લડવૈયાઓએ દક્ષિણ ઈઝરાયલ પર હુમલો કર્યો હતો, જેમાં ૧,૨૦૦ લોકો માર્યા ગયા હતા અને ૨૫૦ થી વધુ લોકોને બંધક બનાવ્યા હતા. આના જવાબમાં, ઈઝરાયલ લશ્કરી કાર્યવાહી કરી રહ્યું છે જે સતત ચાલુ છે.

‘સ્થળાંતર રોકો, નોકરી આપો’ યાત્રા અધવચ્ચે છોડીને ભાગી ગયા કન્હૈયા કુમાર

પટણા,
બિહારના અરરિયા જિલ્લામાં કોંગ્રેસની ’સ્થળાંતર રોકો, નોકરી આપો યાત્રા’ દરમિયાન અંધાધૂંધી મચી ગઈ હતી જ્યારે કોંગ્રેસ નેતા કન્હૈયા કુમારના અંગત સુરક્ષા ગાર્ડે પાર્ટીના કાર્યકરોને ધક્કો માર્યો હતો. જ્યારે પાર્ટીના કાર્યકરો કુમાર સાથે સેલ્ફી લેવા માટે તેમની નજીક જવાનો પ્રયાસ કરી રહ્યા હતા, ત્યારે ખાનગી સુરક્ષા ગાર્ડ્સે તેમને રોકવા માટે ધક્કો માર્યો.

પાર્ટી કાર્યકરોના જણાવ્યા અનુસાર,જ્યારે યાત્રા એસએસબી કેમ્પસ નજીક પહોંચી, ત્યારે પાર્ટી કાર્યકરો કન્હૈયા કુમારની નજીક જવા અને તેમની સાથે સેલ્ફી લેવા માટે એકબીજા સાથે ધક્કામુક્કી કરી રહ્યા હતા. જોકે, કન્હૈયા કુમારના અંગત સુરક્ષા ગાર્ડ્સે આનો વાંધો ઉઠાવ્યો અને કેટલાક કાર્યકર્તાઓને ધક્કો માર્યો. આના કારણે પાર્ટીના કાર્યકરો અને ખાનગી સુરક્ષા ગાર્ડ વચ્ચે ઝપાઝપી થઈ હતી. યાત્રાનું નેતૃત્વ કરી રહેલા કન્હૈયા કુમારે યાત્રા અધવચ્ચે જ છોડી દીધી.

આ ઘટના અરરિયામાં એસએસબી કેમ્પસ પાસે બની હતી. કોંગ્રેસની ’સ્થળાંતર રોકો, નોકરી આપો યાત્રા’ ૧૬ માર્ચે પશ્ચિમ ચંપારણ જિલ્લાના ભીતિહરવા આશ્રમથી શરૂ થઈ હતી. આ એ જ જગ્યા છે જ્યાંથી મહાત્મા ગાંધીએ ૧૯૧૭માં તેમનો પ્રખ્યાત ચંપારણ સત્યાગ્રહ શરૂ કર્યો હતો. ’સ્થળાંતર રોકો, નોકરી આપો યાત્રા’ના ૧૫મા દિવસે કુમાર અરરિયા પહોંચ્યા હતા.

અરરિયા જિલ્લા કોંગ્રેસના પ્રમુખ ઝાકીર અનવરે પત્રકારોને જણાવ્યું હતું કે, "કનહૈયાએ યાત્રા અધવચ્ચે જ છોડી દીધી કારણ કે તેમને પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વ સાથે મહત્વપૂર્ણ બેઠક માટે દિલ્હી જવાનું હતું. કન્હૈયા ગયા પછી પણ યાત્રા ચાલુ રહી...તેઓ સોમવારે યાત્રામાં જોડાશે. તેમણે કહ્યું કે આ યાત્રા બિહારના યુવાનોના અધિકારો અને રોજગાર માટેની લડાઈ છે અને તેનો ઉદ્દેશ્ય સ્થળાંતર રોકવાનો પણ છે."

આ યાત્રા ૨૪ દિવસ સુધી ચાલશે અને ત્રણ તબક્કામાં સમગ્ર રાજ્યમાંથી પસાર થશે અને ૧૪ એપ્રિલે બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ પર પટનામાં સમાપ્ત થશે. યાત્રાના એક તબક્કા દરમિયાન કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પણ એક દિવસ માટે યાત્રામાં જોડાય તેવી અપેક્ષા છે.

ચારધામ યાત્રા માટે ઓનલાઈન આધાર આધારિત નોંધણીનો આંકડો ૧૦ લાખને પણ વટાવી ગયો

દહેરાદૂન,
આ વર્ષે શરૂ થતી ચારધામ યાત્રાને લઈને લોકોમાં જબરદસ્ત ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અત્યારે ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ થઈ ગયુ છે. ચારધામ યાત્રા માટે ઓનલાઈન આધાર આધારિત નોંધણીનો આંકડો ૧૦ લાખને વટાવી ગયો છે. જેમાં સૌથી વધુ ૩.૨૯ લાખ યાત્રાળુઓએ કેદારનાથ ધામ માટે નોંધણી કરાવી છે. યાત્રા શરૂ થયા પછી, ૪૦ ટકા નોંધણીઓ ઑફલાઈન કરવામાં



આવશે.

પ્રવાસન વિભાગ દ્વારા શરૂ થનારી ચારધામ યાત્રા માટે ઓનલાઈન નોંધણી શરૂ કરી હતી. ૧૦ દિવસમાં ૧૦ લાખથી વધુ યાત્રાળુઓએ અલગ અલગ તારીખે યાત્રા માટે નોંધણી કરાવી છે. બાબા કેદારનાથના દરવાજા ૨ મેના રોજ ખુલી રહ્યા છે. જયારે બદ્રીનાથ ધામના દરવાજા ૪ મેના રોજ ખુલશે. યાત્રા ૩૦ એપ્રિલે અક્ષય તૃતીયાના અવસર પર ગંગોત્રી અને યમુનોત્રી ધામના દરવાજા ખુલવાની સાથે શરૂ થશે.

મહત્વનું છે કે આ વખતે ભક્તોની સુવિધા માટે, ૬૦ ટકા નોંધણી ઓનલાઈન કરવામાં આવી રહી છે. જયારે મુસાફરી શરૂ થયા પછી ૪૦ ટકા નોંધણી ઓફલાઈન કરવામાં આવશે. આ માટે, હરિદ્વાર અને ઋષિકેશની સાથે મુસાફરી રૂટ પર નોંધણી કેન્દ્રો ખોલવામાં આવશે.

? કેદારનાથ ધામ માટે ૩.૨૯ લાખથી વધુ ભક્તોએ નોંધણી કરાવી છે.

? બદ્રીનાથ ધામ માટે ૩.૦૨ લાખ ભક્તોએ નોંધણી કરાવી છે.

? ગંગોત્રી માટે ૧.૮૫ લાખ ભક્તોએ નોંધણી કરાવી છે.

? યમુનોત્રી ધામ માટે ૧.૭૯ લાખથી વધુ ભક્તોએ નોંધણી કરાવી છે.

ગંગામાં સ્નાન કર્યા પછી લાખો લોકો બીમાર પડ્યા પ્રશ્ન ગંગા અને કુંભના અપમાનનો નથીઃ રાજ ઠાકરે

nõuf/h"u ,òõu÷ehk¾uy"u íÞkt yuf /kuzo÷,kõku fusuÔPÂõE y{"u {khõk ykÔPku nÕku Œu"u yn ËV"kõk{kt ykÔPku nÕku

મુંબઈ,
મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના નેતા રાજ ઠાકરેએ શિવાજી પાર્ક, કુંભ અને ગંગા નદીમાં ઔરંગઝેબની કબર અંગે મોટું નિવેદન આપ્યું છે. રાજ ઠાકરેએ કહ્યું, ’જ્યારે મેં કુંભ પર નિવેદન આપ્યું ત્યારે કેટલાક નવા હિન્દુત્વવાદીઓએ કહ્યું કે મેં કુંભનું અપમાન કર્યુંછે. આપણા દેશમાં નદીઓની સ્થિતિ ખૂબ જ ચિંતાજનક છે. આપણે નદીઓને માતા કહીએ છીએ. પહેલા રાજીવ ગાંધી અને હવે ૨૦૧૪માં મોદીએ કહ્યું કે તેઓ ગંગા સાફ કરશે. પરંતુ ગંગામાં સ્નાન કર્યા પછી લાખો લોકો બીમાર પડ્યા. પ્રશ્ન ગંગા અને કુંભના અપમાનનો નથી, પ્રશ્ન ગંગાની સ્વચ્છતાનો છે. આ ઉપરાંત રાજ ઠાકરેએ મુઘલ શાસક ઔરંગઝેબ અંગે પણ એક મોટું નિવેદન આપ્યું હતું.

રાજ ઠાકરેએ કહ્યું કે અત્યાર સુધીમાં ગંગા સફાઈ પાછળ ૩૩ હજાર કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા છે. અડધા બળેલા મૃતદેહોને ગંગામાં ફેંકી દેવામાં આવી રહ્યા છે. જો ધર્મ આપણા કુદરતી સંસાધનોના રક્ષણમાં અવરોધ આવે તો તે ધર્મનો શું ઉપયોગ? ત્યાં અલગ વ્યવસ્થા કેમ કરવામાં આવતી નથી? શું આપણે ધર્મના નામે નદીઓનો બગાડ અને પ્રદૂષિત નથી કરી રહ્યા? જ્યારે હું આ બધું જોઈ રહ્યો હતો ત્યારે મને કંઈ સમજાયું નહીં.

બિહારમાં મતદારોની ટકાવારી વધારવા અને નબળા વિસ્તારોને મજબૂત બનાવવા માટે નક્કર પગલાં લેવા જોઈએ : અમિત શાહ



hkß{kt rð.ûke ,Xft͢Ä"e™fkEyku¼ks..{kuyuf {kue©f Au

પટણા,
બિહાર વિધાનસભા ચૂંટણી માટે તમામ પક્ષો દ્વારા તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બિહારમાં પાર્ટીના નેતાઓને આગામી વિધાનસભા ચૂંટણીની તૈયારી માટે ગુરુ મંત્ર આપ્યો. શાહે નેતાઓને સ્પષ્ટ સંદેશ આપ્યો કે બિહારમાં મતદારોની ટકાવારી વધારવા અને નબળા વિસ્તારોને મજબૂત બનાવવા માટે નક્કર પગલાં લેવા જોઈએ. આ બેઠકમાં, શાહે મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના ઉદાહરણો આપીને પાર્ટી નેતાઓને વોટ શેર કેવી રીતે વધારવો તેની રણનીતિ જણાવી.

શાહે બેઠકમાં કહ્યું કે ભાજપે બિહારમાં પોતાની સ્થિતિ મજબૂત કરવા માટે મતદારોની ટકાવારી વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે, જેમ આપણે મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં કર્યું હતું. ઉદાહરણ આપતાં તેમણે કહ્યું કે મધ્યપ્રદેશના કેટલાક વિસ્તારોમાં ભાજપને ક્યારેય ૨૩ ટકાથી વધુ મત મળ્યા નથી, જ્યારે મહારાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં આ આંકડો ૨૧ ટકાની આસપાસ હતો. પરંતુ પાર્ટીએ આ નબળા વિસ્તારોને ઓળખ્યા અને ત્યાં પ્રયત્નો કેન્દ્રિત કરીને પરિણામોને પોતાની તરફેણમાં ફેરવ્યા. શાહે કહ્યું કે આપણે બિહારમાં પણ આવું જ કરવું પડશે. નબળા બૂથને ચિહ્નિત કરો અને ત્યાં સખત મહેનત કરો, જેથી આપણે લોકોનો વિશ્વાસ જીતી શકીએ અને મતદાનની ટકાવારી વધારી શકીએ.

દેશભરની શાળાઓમાં ભાજપ-આરએસએસ સાથે જોડાયેલા લોકોની ભરતી થઈ રહી છેઃ સોનિયા ગાંધી



નવીદિલ્હી,
કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ ભારતની શિક્ષણ નીતિને લઈને મોદી સરકાર પર પ્રહારો કર્યા છે. તેમણે કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય શિક્ષણ નીતિની ટીકા કરી છે. સોનિયાએ કહ્યું કે મોદી સરકાર સંઘીય શિક્ષણ માળખાને નબળું પાડી રહી છે. તે ’૩સી’ એજન્ડાને આગળ ધપાવી રહી છે અને તેના દ્વારા તે શિક્ષણ પ્રણાલી પર હુમલો કરી રહી છે. અંગ્રેજી અખબાર ’ધ હિન્દુ’માં લખાયેલા એક લેખમાં સોનિયા ગાંધીએ કહ્યું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ શિક્ષણને કેન્દ્રિય, વ્યાપારીકરણ અને સાંપ્રદાયિક બનાવે છે. સોનિયા ગાંધીએ કેન્દ્ર પર સંઘીય શિક્ષણ માળખાને નબળું પાડવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે મોદી સરકાર રાજ્ય સરકારોને મહત્વપૂર્ણ નીતિગત નિર્ણયોથી દૂર રાખીને શિક્ષણના સંઘીય માળખાને નબળું પાડી રહી છે.

આ લેખમાં, કોંગ્રેસ સંસદીય પક્ષના પ્રમુખે ૮૯૦૦૦ શાળાઓ બંધ કરવા, ભાજપ-આરએસએસ સાથે સંકળાયેલા લોકોની ભરતી જેવા મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો છે. તેમણે કહ્યું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ભારતના બાળકો અને યુવાનોના શિક્ષણ પ્રત્યે અત્યંત ઉદાસીન છે. આમાં, શિક્ષણ પ્રણાલી જાહેર સેવાની ભાવનાથી વંચિત રહી ગઈ છે અને શિક્ષણની ગુણવત્તા સાથે ચેડા કરવામાં આવ્યા છે.

બંગાળમાં રમખાણો કરાવવાનું કાવતરું ઘડવામાં આવી રહ્યું છે : મમતા બેનર્જી

કોલકતા,
દેશના વિવિધ ભાગોમાં ઈદનો તહેવાર ખૂબ જ આનંદ અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યો છે છે. ઈદના અવસર પર મુસ્લિમ સમુદાય સાથે ઘણી પાર્ટીઓના નેતાઓ પણ જોવા મળે છે. જોકે, આ દરમિયાન પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ એક મોટો આરોપ લગાવ્યો છે. કોલકાતામાં ઈદની નમાજ દરમિયાન, સીએમ મમતા બેનર્જીએ કહ્યું - "બંગાળમાં રમખાણો ભડકાવવાના પ્રયાસો થઈ રહ્યા છે, આ જાળમાં ન ફસાઓ. બંગાળ સરકાર લઘુમતીઓ સાથે ઉભી છે, કોઈ પણ રાજયમાં તણાવ ભડકાવી શકે નહીં."

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ઈદના અવસર પર કોલકાતાની ઈદગાહમાં કહ્યું - "આપણે ધર્મનિરપેક્ષ છીએ. નવરાત્રિ ચાલી રહી છે, હું પણ એ જ ઈચ્છું છું, પરંતુ અમે નથી ઈચ્છતા કે કોઈ અરાજકતા ફેલાવે. સામાન્ય લોકો અરાજકતા ફેલાવતા નથી, પરંતુ રાજકીય પક્ષો આમ કરે છે. આ શરમજનક વાત છે. અમે બધા ધર્મો માટે આપણા જીવનનું બલિદાન આપવા તૈયાર છીએ. બહુમતીની ફરજ લઘુમતીઓનું રક્ષણ કરવાની છે, અને લઘુમતીઓની ફરજ બહુમતી સાથે રહેવાની છે."


મમતા બેનર્જીએ ઈદના અવસર પર કહ્યું કે તેઓ ઈદ માટે લંડનથી વહેલા પરત ફર્યા છે. મમતાએ કહ્યું- "દરેક વ્યક્તિએ શાંતિથી રહેવું જોઈએ, સુમેળમાં રહેવું જોઈએ. આપણો દરેક ધર્મ, દરેક તહેવાર દરેક માટે છે. અમે હંમેશા તમારી સાથે છીએ. અમને ડાબેરીઓ અને રામ સાથે મળીને પૂછવામાં આવ્યું. મને પૂછવામાં આવ્યું કે શું હું હિન્દુ છું? મેં ગર્વથી કહ્યું કે હું હિન્દુ તેમજ મુસ્લિમ પણ છું. તેઓ આપણને વિભાજીત કરવા માંગે છે. તેઓ ષડયંત્રના ભાગ રૂપે રમખાણો કરાવવા માંગે છે, તેમના ફાંદામાં ન ફસો. દીદી તમારી સાથે છે, અભિષેક તમારી સાથે છે, આખી સરકાર તમારી સાથે છે. અહીં તેઓ રમખાણો માટે રાષ્ટ્રપતિ શાસનની વાત કરી રહ્યા છે. ઉત્તર પ્રદેશના મણિપુરમાં શું થયું? પહેલા બંધારણને સુરક્ષિત રાખો. રમખાણો સામાન્ય લોકો દ્વારા નહીં, પરંતુ રાજકીય પક્ષો દ્વારા કરવામાં આવે છે."

મમતાએ કહ્યું- "હું પણ નવરાત્રીની શુભેચ્છા પાઠવું છું. હું એકલી ૧૦૦ ની બરાબર છું. બહુમતીનો ધર્મ લઘુમતી સાથે રહેવાનો છે. હું મારો જીવ આપવા તૈયાર છું, પણ હું મારી વિચારધારા છોડી શકતી નથી. તમે ગમે તેટલો દુર્વ્યવહાર કરો, હું પણ તમારી પ્રાર્થનામાં સામેલ છું. સબકા સાથ સબકા વિકાસ - એક ખોટો સૂત્ર છે. અમે રામકૃષ્ણ, વિવેકાનંદમાં માનીએ છીએ, પરંતુ અમે જુમલા પાર્ટી દ્વારા બનાવેલા ધર્મની વિરુદ્ધ છીએ, તે હિન્દુ વિરોધી છે.... તેઓ સોદા કરે છે.

IFS નિધિ તિવારીને વડાપ્રધાન મોદીના ખાનગી સચિવ બનાવવામાં આવ્યા

નવી દિલ્હી,
ડિપાર્ટમેન્ટ ઑફ પર્સનલ એન્ડ ટ્રેનિંગ(DoPT) દ્વારા જારી આદેશ અનુસાર, કેબિનેટ કમિટીની મંજૂરી મળતાં તાત્કાલિક ધોરણે નિધિ તિવારી(IFS 2014) વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ખાનગી સચિવ બનાવવામાં આવ્યા છે.

આઈએફએસ ઑફિસર નિધિ તિવારી હાલ પીએમઓ(પ્રાઈમ મિનિસ્ટર્સ ઑફિસ)માં ડેપ્યુટી સેક્રેટરી તરીકેનો કાર્યભાર સંભાળી



રહ્યા છે. તેઓ હવે વડાપ્રધાનના પ્રાયવેટ સેક્રેટરી તરીકે લેવલ ૧૨ના પે મેટ્રિક્સ પર કાર્યભાર સંભાળશે.

વડાપ્રધાનના પ્રાયવેટ સેક્રેટરી તરીકે નિધિ PMના કાર્યક્રમોનું સંકલન, બેઠકોનું આયોજન અને સરકારી વિભાગો સાથે સંપર્ક સંબંધિત કામકાજ પર દેખરેખ રાખશે. નિધિની નિમણૂકની જાહેરાત પહેલાં વડાપ્રધાનના બે પ્રાયવેટ સેક્રેટરી વિવેક કુમાર અને હાર્દિક શાહ હતા.

૨૦૧૪ની બેન્ચના ઈન્ડિયન ફોરેન સર્વિસ (IFS) ઑફિસર નિધિ તિવારી ૬ જાન્યુઆરી, ૨૦૨૩થી પીએમઓમાં ડેપ્યુટી સેક્રેટરી તરીકે સેવા આપી રહ્યા છે. તે પહેલાં તે વિદેશ મંત્રાલયમાં આંતરરાષ્ટ્રીય સુરક્ષા બાબતો ક્ષેત્રે કામગીરી કરી રહ્યા હતા.

જામનગરમાં ખોડીયાર કોલોની ૮૦ ફૂટ રોડ નજીકના વિસ્તારમાં મેગા ડીમોલેશન

પોલીસ બંદોબસ્ત સાથે ૮ આસામીઓ દ્વારા દબાણ કરાયેલી આશરે ૨૦.૫૦ ની અંદાજે ૩૩,૬૬૦ ચોરસ ફૂટ જગ્યા ખુલ્લી કરાવાઈ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મહાનગરપાલિકા દ્વારા દબાણ હટાવ ઝુંબેશ અવિરત ચાલુ રાખવામાં આવી છે, અને આજે વહેલી સવારથી ખોડીયાર કોલોની વિસ્તારમાં ૮૦ ફુટ રોડ પર ખડકી દેવાયેલા ઝુપડા, મકાનો સહિતના દબાણો હટાવીને આશરે ૨૦ કરોડ ૫૦ લાખની કિંમતની ૩૩ હજાર ચોરસ ફૂટ જેટલી સરકારી જગ્યાને ખુલ્લી કરાવી દેવામાં આવી છે. જેમાં ગઈકાલે એક દિવસના વિરામ બાદ આજે ફરીથી ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું, અને વહેલી સવારથી ખોડીયાર કોલોની ૮૦ ફુટ રોડ પર હિન્દી સ્કૂલની બાજુના વિસ્તારમાં પહોંચી હતી. જ્યાં મહાનગરપાલિકાની અતિ કીમતી જમીન કે જેની અંદાજે કિંમત ૨૦ કરોડ ૫૦ લાખ થવા જાય છે, અને તે ૩૩,૬૬૦ ફૂટ જેટલી જગ્યા છે. જેના ઉપર બે પાકા મકાનો બનાવી લેવામાં આવ્યા હતા, તેમજ આઠ જેટલા ઝુપડા અને પશુઓના વાડા વગેરે ખડકી દેવાયા હતા. જે સરકારી જગ્યા ખાલી કરી લેવા માટે આજે પોલીસની હાજરીમાં ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.જેમાં બે જેસીબી મશીન, અને ૮ ટ્રેક્ટરની મદદથી જગ્યા ખુલ્લી કરાવી દેવાઇ છે, આ કાર્યવાહી સમયે મોટી સંખ્યામાં લોકોના ટોળા એકત્ર થયા હતા.

જામનગરમાં નિવૃત પી.આઈ.ના પુત્ર દ્વારા ચલાવતું કુટણખાનું ઝડપાયું

સરકારી જગ્યામાં ટ્રાવેલ્સની બસ પાર્ક કરાવી તેમાં વેશ્યાવૃત્તિ કરાવવાનું ચાલુ કરતાં પોલીસનો દરોડો : કાર, ટેમ્પો, ચાર મોબાઈલ- ૨૦ કોન્ડમ અને રોકડ સહિત ૧૫ લાખથી વધુની માલમતા સાથે નિવૃત્ત પોલીસ પુત્રની અટકાયત



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના રણજીત નગર વિસ્તારમાં રહેતા નિવૃત્ત પોલીસ અધિકારીના પુત્ર દ્વારા વેશ્યાવૃત્તિ કરાવવા માટે નવો નુસખો અપનાવાયો હતો, અને સરકારી જગ્યામાં એક ટેમ્પો પાર્ક કરાવી તેની અંદર પુરુષ ગ્રાહકોની હવસ સંતોષવા માટે બહારથી એક યુવતીને હાજર રખાવી શરીર સુખ માણવા માટે એ.સી. પલંગ ગાદલા સહિતની સુવિધા ઉપલબ્ધ કરાવી કુટણખાનું ચલાવવાના મામલામાં પોલીસે દરોડો પાડી નિવૃત પોલીસપુત્રની અટકાયત કરી લીધી છે. જેની પાસેથી ચાર નંગ મોબાઈલ ફોન,૨૦ નંગ કોન્ડમ, એક ટેમ્પો અને કાર તેમજ રોકડ રકમ વગેરે સહિત ૧૫ લાખથી વધુની માલમતા કબજે કરી છે.

આ પ્રકરણમાં એક આરોપીને ફરારી જાહેર કરાયો છે. ઉપરાંત તેણે પોતાની ખાનગી કારમાં પોલીસનો સિમ્બોલ લગાડીને સરકારી વાહન તરીકે દર્શાવવા માટેનો દુરુપયોગ કર્યો હોવાથી તે અંગેની કલમનો પણ ઉમેરો કરવામાં આવ્યો છે.

જામનગરના સીટી સી. ડિવિઝનના પી.એસ.આઈ. આર.ડી. ગોહિલને ચોક્કસ બાતમી મળી હતી, કે જામનગરના રણજીત નગર વિસ્તારમાં રહેતો અશોકસિંહ પ્રવીણસિંહ ઝાલા કે જે નિવૃત્ત પોલીસ અધિકારીનો પુત્ર છે, અને અગાઉ પોતાના જ ઘરમાં કુટણખાનું ચલાવવા સહિત એકથી વધુ વખત પકડાઈ ચૂક્યો છે. જેણે પોતાના ઘરને બદલે ટેમ્પો ટ્રાવેલ્સની બસમાં શરીર સુખ માણવા માટેની વ્યવસ્થા ગોઠવી છે, અને જે વાહન પણ તેણે સરકારી જગ્યામાં પાર્ક કરીને તેમાં વેશ્યાવૃત્તિ ચલાવવાનું કાવતરું કર્યું છે.

જે બાતમીના આધારે ગઈકાલે સાંજે સાતેક વાગ્યાના અરસામાં પીએસઆઈ આર.ડી. ગોહિલ અને તેમની ટીમે દરોડો પાડ્યો હતો. જે દરોડા દરમિયાન ટેમ્પો ટ્રાવેલ્સની અંદર એક પુરુષ ગ્રાહકને રાજસ્થાનના જોધપુરથી યુવતીને બોલાવીને શરીર સુખ માણવા માટેની વ્યવસ્થા કરી આપવામાં આવી હતી. જે દરમિયાન ટેમ્પો ટ્રાવેલ્સનો પાછળનો દરવાજો ખોલીને તેમાં પુરુષ ગ્રાહક તરીકે આવેલો દ્વારકાનો દિલીપ નામનો શખ્સ ભાગી છૂટ્યો હતો. જેના ૯૩૨૮૪૦૯૮૪ નંબર પોલીસને પ્રાપ્ત થઈ ગયા હતા, જે નંબરના આધારે તેને શોધવાનો પ્રયત્ન ચાલી રહ્યો છે.

જ્યારે મુખ્ય આરોપી અશોકસિંહ પ્રવિણસિંહ ઝાલા પોલીસના હાથમાં આવી ગયો હતો. પોલીસે તેની અટકાયત કરી લઈ તલાસી લેતાં તેના કબજામાંથી જુદા જુદા ચાર નંગ મોબાઈલ ફોન મળી આવ્યા હતા. જે મોબાઈલ ફોન કબજે કરી લેવામાં આવ્યા છે.

ઉપરાંત ટેમ્પો ટ્રાવેલ્સની બસમાં અંદર પુરુષ ગ્રાહકો માટે એ.સી. ની વ્યવસ્થા, ઉપરાંત લાકડાની શેટ્ટી રાખીને શરીર સુખ માણવા માટે ગાદલા ઓશિકા તથા કોન્ડોમ સહિતની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. ત્યાંથી પોલીસે ૨૦ નંગ કોન્ડમના પેકેટ કબજે કર્યા છે, અને તેની સામે ઈમોરલ ટ્રાફિક પ્રિવેન્શન એક્ટ ૧૯૫૬ ની કલમ - ૩,(૧), ૪(૧), અને ૫ (૧) ૫-(૧ બી), ૬ (૧) મુજબ ગુનો નોંધ્યો છે. સાથો સાથ પોલીસની તપાસ દરમિયાન તેની માલિકીની એક્સ.યૂ.વી. કાર ત્યાં હાજર હતી, જે કારની તપાસણી કરતાં તેમાંથી પોલીસ લખેલી નેઇમ પ્લેટ મળી આવી હતી, અને પોતે ગેરકાયદેસર રીતે પોલીસી ઈન્સ્પેક્ટરના હોદ્દાનો ઉપયોગ કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું હતું. જેથી પોલીસે કાર અને ટેમ્પો વગેરે કબજે કરી લીધા છે,

આ ઉપરાંત ટેમ્પો ટ્રાવેલ્સમાંથી મળી આવેલી એક યુવતી કે જે પોતે રાજસ્થાનના જોધપુરથી બે દિવસ પહેલાં આવી હોવાની કબુલાત આપી હતી, જેણે ગઈકાલના એક જ દિવસમાં ૧૦ પુરુષ ગ્રાહકોને સંતોષ્યા હોવાનું કબુલી લીધું હતું. અશોકસિંહ ઝાલા દ્વારા પુરૂષ ગ્રાહકો પાસેથી ૧,૦૦૦ રૂપિયા ઉઘરાવીને ૫૦૦ પોતે રાખતો હતો, અને ૫૦૦ યુવતિને આપતો હતો. જે યુવતી પાસેથી પોલીસે ૧૧,૦૦૦ ની રોકડ રકમ કબજે કરી લીધી છે, અને યુવતીને હાલ વિકાસ ગ્રહમાં મોકલી દેવામાં આવી છે. જ્યારે પોલીસ દ્વારા અશોક સિંહ ઝાલાના ઘરની ઝડતી કરવામાં આવી રહી છે.

જામનગરના નવાનાગના ગામે સગીરા પર દુષ્કર્મ ગુજારી ગર્ભવતી બનાવી દેતા મૃત બાળકને જન્મ આપ્યો

આરોપી સામે દુષ્કર્મનો ગુનો નોંધાતા ટ્રેન હેઠળ પડતું મૂકી કર્યો આપઘાતનો પ્રયાસ

જામનગર : જામનગર નજીક નવા નાગના ગામમાં રહેતી અને ધોરણ ૧૦માં અભ્યાસ કરતી એક સગીરા પર તેજ ગામના અને નજીકના કુટુંબી એવા શખ્સે દુષ્કર્મ ગુજારી ગર્ભવતી બનાવી દીધાનો કિસ્સો સામે આવતાં ભારે ચકચાર જાગી છે. જે બનાવ અંગે સગીરાની માતા દ્વારા આરોપી સામે બેડી મરીન પોલીસ મથકમાં દુષ્કર્મ અંગેનો ગુન્હો નોંધાવ્યો છે.જે ફરિયાદ નોંધાવ્યા બાદ આરોપીએ ટ્રેન હેઠળ પડતું મૂકી દઈ આપઘાતનો પ્રયાસ કરતાં ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલ ખસેડાયો છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગર તાલુકાના નવાનાગના ગામમાં રહેતી અને ૧૦મા ધોરણમાં અભ્યાસ કરતી ૧૫ વર્ષની સગીરા કે તેણીને પોતાના જ કુટુંબી અને નાગના ગામમાં જ રહેતા ૨૫ વર્ષના એક શખ્સે પોતાની હવસનો શિકાર બનાવી હતી, અને તેના કારણે સગીરા ગર્ભવતી બની ગઈ હતી.

આખરે પાપ છાપરે ચડીને પોકારે તેમ સગીરાને પ્રસુતિની પીડા ઉપડી હતી, અને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં તબિબોએ તેણીને ગર્ભવતી જાહેર કરી હતી, એટલું જ નહીં, તેણીએ મૃત બાળકને જન્મ આપી દીધો હતો.

આખરે આ મામલો પોલીસ મથક સુધી પહોંચ્યો હતો, અને બેડી મરીન પોલીસ સ્ટેશનની ટીમ હરકતમાં આવી ગઈ હતી. અને ભોગ બનનાર સગીરાની માતાનું નિવેદન નોંધ્યું હતું, જેમાં તેણીએ પોતાના પાડોશમાં જ રહેતા અને નજીકના કુટુંબી એવા ૨૫ વર્ષના શખ્સ સામે દુષ્કર્મ અંગેની ફરિયાદ નોંધાવી હતી, જેથી બેડી મરીન પોલીસ મથકમાં આરોપી સામે પોકસો સહિતની અલગ અલગ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

દરમિયાન આરોપી જામનગર નજીક જામ વણથલી રેલવે સ્ટેશને પહોંચી ગયો હતો, જ્યાં તેણે ટ્રેન હેઠળ પડતું મૂકી દઈ આપઘાતનો પ્રયાસ કરતાં પોતે ગંભીર સ્વરૂપે ઘાયલ થયો હતો, અને તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ બનાવને લઈને નવા નાગના ગામમાં ભારે ચર્ચા જાગી છે. સમગ્ર મામલામાં બેડી મરીન પોલીસ સ્ટેશનની ટીમ વધુ તપાસ ચલાવી રહી છે.

દ્વારકાના ભીમરાણા ગામે રહેણાંક મકાનમાંથી દારૂ-બીયરનો જથ્થો ઝડપાયો

ખંભાળિયા : દ્વારકા જિલ્લાના ભીમરાણા ગામે રહેણાંક મકાનમાં પોલીસે દરોડો પાડી વિદેશી દારૂ તથા બીયરના ટીન સહિત રૂા.૬૩ હજારનો મુદામાલ કબ્જે લઈ બે શખ્સને ફરાર જાહેર કરી પ્રોહિ. એકટ હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ આરંભી હતી.

પ્રાપ્ત વિગત મુજબ ભીમરાણા ગામે રાજનગર પાછળ રહેતા સાહેબજી ભીખુભા વાઢેર નામના શખ્સના રહેણાંક મકાને મીઠાપુર પોલીસે બાતમીના આધારે દરોડો પાડી વિદેશી દારૂની રૂા.૬૯૬૪ની કિંમતની ૧૨ બોટલ તથા રૂા.૧૭૫૦ની કિંમતના બીયરના ૨૧ નંગ ટીન ઝડપી લઈ ત્રણ મોટરસાઈકલ અને એક મોબાઈલ ફોન સહિત કુલ મળી રૂા.૬૩ હજારનો મુદામાલ જપ્ત કર્યો હતો. દરોડા દરમિયાન સાહેબજી વાઢેર તથા એક અજાણ્યો શખ્સ બન્ને હાજર નહીં મળી આવતા ગુન્હો નોંધી શોધખોળ હાથ ધરી છે.

ખંભાળિયાના કોટા ગામે ગોડાઉનમાંથી રૂા.૫ લાખની સોના-ચાંદીમાં વપરાતી ધૂળની ચોરી

ખંભાળિયા : ખંભાળિયા પંથકના કોટા ગામે વાડીમાં આવેલ એક ગોડાઉનમાં તસ્કરો ત્રાટકી સોના–ચાંદીના કામમાં આવતી ૫ ટન જેટલી અંદાજીત રૂા.૫ લાખની કિંમતની ધૂળની ચોરી કરી લઈ ગયા હતાં. બીજી તરફ આ ગોડાઉનના માલીકને કોઈ તાળું તોડી અંદરથી ચોરી કરી લઈ ગયાનું માલુમ પડતા તેઓએ પોલીસ સ્ટેશન ખાતે દોડી જઈ અજાણ્યા તસ્કરો સામે વિધીવત ફરિયાદ નોંધાવતા સ્થાનિક પોલીસ અધિકારી સહિતનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને આ બનાવનો ભેદ ઉકેલવા કમ્મર કસી છે.

પ્રાપ્ત વિગત મુજબ ખંભાળિયા શહેરમાં રઘુવીર મીલ પાછળ ચુનારાવાસ ખાતે રહેતા રાજુભાઈ છનાભાઈ પરમારની કોટા ગામે આવેલ ખેતીની જમીનમાં ગોડાઉન બનાવેલ હોય ગત તા.૯–૩ના રોજ આ ગોડાઉનનું કોઈ તસ્કરો તાળું તોડી અંદર પ્રવેશ્યા હતાં. અને તેમાંથી સોના–ચાંદી કામની ધૂળ આશરે ૫ ટન જેની કિંમત રૂા.૫ લાખ હોય ચોરી કરી લઈ ગયાની તેઓએ ખંભાળિયા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પીઆઈ બી.જે. સરવૈયા સહિતનો પોલીસ સ્ટાફ સ્થળ પર દોડી ગયો હતો અને ડોગ સ્કોડ તથા એફએસએલ સહિતની મદદથી તસ્કરોને ઝડપી લેવા દોડધામ શરૂ કરી હતી.

જામનગર નજીક સોયલ ટોલનાકા પાસે કારમાંથી ઈંગ્લિશ દારૂના ચપલાનો મોટો જથ્થો મળી આવ્યો

કારમાં બનાવેલ જુદા જુદા ચોરખાનામાં સંતાડેલી ૫૬૨ ઈંગ્લીશ દારૂની નાની બાટલી-મોબાઈલ તેમજ કાર સહિત ૫.૬૨ લાખના મુદ્દામાલ સાથે બે શખ્સની અટકાયત



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના બે શખ્સો એક કારમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો લઈ જામનગર આવી રહ્યા છે તેવી બાતમી એલસીબી પોલીસને મળી હતી. જેથી પોલીસે સોયલ ટોલનાકા પાસે વોચ ગોઠવી હતી. દરમ્યાન કાર પસાર થતા તેને અટકાવી તલસી લેતા જુદા જુદા ચોર ખાનામાં સંતાડેલ ૫૬૨ નાની ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો મળી આવ્યો હતો. જેથી મૂડમાં કબજે કરી બે આરોપીઓની અટકાયત કરી છે. અને રૂપિયા ૫.૬૩ લાખની માલમત્તા કબજે કરી લીધી છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ બાતમી મળી હતી, કે જામનગર શહેરમાં રહેતા બે શખ્સો દ્વારા એક કારમાં અલગ અલગ ચોર ખાના બનાવીને તેમાં ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો સંતાડી જામનગર શહેરમાં ઘુસાડવામાં આવી રહ્યો છે, જેથી ગઈકાલે સાંજે પોલીસે સોયલ ટોલનાકા પાસે વોચ ગોઠવી હતી, જે દરમિયાન જી જે ૨૩ સી.એમ. ૫૭૮૭ નંબરની બ્રેઝા કાર સફેદ કલરની પસાર થતાં તેને અટકાવી તલાસી લીધી હતી. પરંતુ પ્રથમ દ્રષ્ટિએ કશું મળ્યું નહતું, પણ એલસીબીની ટીમને ચોક્કસપણે બાતમી મળી હતી, કે કારની અંદર અલગ અલગ ચોર ખાનાઓ બનાવ્યા છે. જેથી કારચાલકની જીણવટભરી પૂછપરછ કરતાં આખરે કાર ચાલકે કબુલાત કરી લીધી હતી, અને પોતે કારમાં જુદા જુદા ૮ સ્થળે ચોરખાના બનાવી તેમાં ઈંગ્લીશ દારૂની બાટલીનો જથ્થો સંતાડીને જામનગર લઈ જઈ રહ્યા છે. જેથી

પોલીસ તમામ ચોર ખાના ખોલાવતા કારના ચારેય દરવાજાની અંદર સંતાડેલી નાની ઈંગ્લિશ દારૂની બાટલીનો મોટો જથ્થો મળી આવ્યો હતો. તે ઉપરાંત કારની પાછળની ટેઈલ લાઈટની અંદરના ખાંચામાં પણ ઈંગ્લિશ દારૂની નાની બાટલીનો જથ્થો સંતાડ્યો હતો. ઉપરાંત કારના ડેસ્કબોર્ડ અને ડ્રાઈવિંગ સીટની નીચેના ભાગમાં મળી કુલ ૫૬૨ ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો મળી આવ્યો હતો. જે કબજે કર્યો હતો.

જ્યારે કારના ચાલક જામનગરમાં હર્ષદ મિલની ચાલી પાસે રહેતા અકમ મોહમ્મદ મકરાણી તેમજ તેના સાથીદાર સાધના કોલોનીમાં રહેતા બીપીન સોમાભાઈ ચાવડા જે બંનેની પોલીસ દ્વારા અટકાયત કરી લેવામાં આવી હતી, અને ૫૬૨ નાની બોટલ, બે મોબાઈલ ફોન, અને કાર સહિત ૫,૬૭,૨૦૦ ની માલમતા કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

કાલાવડના મોટા વડાળા ગામે પતિ-પત્ની વચ્ચે બોલાચાલી થતા પત્નીએ ગળાફાંસો ખાધો

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના મોટા વડાળા ગામે પતિ-પત્ની વચ્ચે ઝઘડો થતા જે બાબતનું લાગી આવતા પત્નીએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ કાલાવડ તાલુકાના મોટા વડાળા ગામમાં રહીને ખેત મજૂરી કામ કરતી પરપ્રાંતિય શ્રમિક મહિલા સવિતાબેન વિક્રમભાઈ સાડમિયા નામની ૩૬ વર્ષની શ્રમિક યુવતીએ પોતાના ઝુપડામાં લાકડાની આડશમાં ચૂંદડી બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેણીને સારવાર માટે કાલાવડની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં તેણીનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કરાયું હતું.

આ બનાવ અંગે મૃતકના પતિ વિક્રમભાઈ ટપુભાઈ પોલીસને જાણ કરતાં કાલાવડ ગ્રામ્ય પોલીસે મૃતદેહ સંભાળી વધુ તપાસ હાથ ધરી છે. મૃતકના પતિ પોતાના સમાજની બેઠકમાં જવાના હતા, જ્યાં જવા માટેની પત્નીએ ના પાડી હોવા છતાં પતિ મિટિંગમાં જતાં પાછળથી પત્નીએ આ પગલું ભરી લીધાનું પોલીસમાં જાહેર થયું છે.

જામનગરમાં રહેણાંક મકાનમાંથી ઈંગ્લિશ દારૂની ૭૦ બોટલ મળી આવતા શખ્સની અટકાયત



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના ધરાર નગર વિસ્તારમાં એક રહેણાક મકાન પર એલસીબીની ટુકડીએ ઈંગલિશ દારૂ અંગે દરોડો પાડી ૭૦ બોટલ ઈંગ્લિશ દારૂનીના જથ્થા સાથે એક આરોપીને ઝડપી લીધો છે, જ્યારે દારૂના સપ્લાયરનું નામ ખુલ્યું છે.

જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને બાતમી મળી હતી, કે મૂળ જુનાગઢ પંથકના વતની અને હાલ જામનગરમાં ધરાર નગર -૨ માં રહેતા કિરીટસિંહ ઉર્ફે કીરીટ બહાદુરસિંહ ચુડાસમાના રહેણાંક મકાનમાં ઈંગલિશ દારૂ ઉતારવામાં આવ્યો છે. જે બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો. જ્યાં મકાનમાંથી ઈંગ્લિશ દારૂની ૭૦ બાટલીનો જથ્થો મળી આવ્યો હતો.

આથી પોલીસે રૂપિયા ૨૭,૬૩૫ ની કિંમતનો ઈંગ્લિશ દારૂ કબજે કરી લઈ આરોપી કિરીટસિંહ ચુડાસમાની અટકાયત કરી છે. જેને પૂછપરછ દરમિયાન ઉપરોક્ત દારૂ જામનગરમાં રહેતા જયેન્દ્રસિંહ ઉર્ફે જયલો ઢીંગલી પરમાર નામના શખ્સએ સપ્લાય કર્યો હોવાથી તેને ફરારી જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.

કલ્યાણપુરના સતાપર ગામે દારૂ પીવાના પ્રશ્ને પતિ-પત્ની વચ્ચે ઝઘડો થતાં સજોડે આપઘાત



ખંભાળિયા : કલ્યાણપુર પંથકના સતાપર ગામે વાડી વિસ્તારમાં રહેતા આદિવાસી દંપતિએ સજોડે દારૂ પીવા બાબતે અવાર નવાર ઝઘડો થતાં ઝેરી દવા ગટગટાવી આત્મહત્યા કરી લેતા પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. બીજી તરફ બનાવની જાણ થતાં સ્થાનિક પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને આ બનાવ અંગે જીણવટભરી તપાસ આરંભી હતી.

આ બનાવ અંગેની પ્રાપ્ત વિગત મુજબ કલ્યાણપુર તાલુકાના સતાપર ગામે આવેલ પરબતભાઈ રામદેભાઈ માડમની વાડીમાં રહેતા અને ખેતમજુરી કરતા દિનેશભાઈ સુકાભાઈ રાઠોડ (ઉ.વ.૪૭) અને તેઓના પત્ની ઉષાબેન દિનેશભાઈ રાઠોડ (ઉ.વ.૪૫) નામના દંપતિએ ગત તા.૩૦ના રોજ સવારના આઠેક વાગ્યાના સુમારે પોતાની મેળે ઝેરી દવા પી લેતા દંપતિનું ટુંકી સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. કલ્યાણપુર પોલીસમાં મૃતક દિનેશભાઈના પિતા સુકાભાઈ રાઠોડ દ્વારા જાણ કરવામાં આવતા એએસઆઈ વી.કે. પોસ્તરીયા સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતક દંપતિનો કબ્જો સંભાળી પીએમ અર્થે હોસ્પિટલ ખાતે મોકલી આપી તપાસ હાથ ધરી હતી. જેમાં મૃતક દંપતિ વચ્ચે દારૂ પીવાના પ્રશ્ને અવાર નવાર ઝઘડો થતો હોય આથી એકબીજાએ પોતાની મેળે ઝેરી દવા ગટગટાવી અંતિમ પગલુ ભરી લેતા અરેરાટી ફેલાઈ જવા પામી છે.

જામજોધપુરના ગાંધેશ્વર ફાટક પાસેથી બે કારમાંથી દેશી દારૂનો જથ્થો મળી આવ્યો

૭૦૦ લીટર દેશી તેમજ બે વાહન સહિત ૭.૯૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો, બે આરોપી ફરાર



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાના જામજોધપુરમાં બે વાહનોમાં લઈ જવાતો ૭૦૦ લીટર દેશી દારૂનો જથ્થો પોલીસે કબજે કર્યો છે. જોકે બંને વાહક ચાલક આરોપીઓ નાસી ગયા હતાં. જેઓની શોધખોળ હાથ ધરી છે.

જામજોધપુર પો.સ્ટેના પો.ઈન્સ. એ.એસ. રબારી તથા પોલીસ સ્ટાફના માણસો જામજોધપુરમા બાલવા ગામ રોડ, ગાંધેશ્વર ફાટક વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે એસેન્ટ ફોરવ્હીલ ગાડી જી જે-૧૦-એસી-૫૦૮૧ તથા એક સ્કોર્પીયો ફોરવ્હીલ ગાડી જીજે - ૨૫-એ-૮૪૧૮ માં દેશી દારૂનો જથ્થો લઈને હેરાફેરી થતી હોવાની બાતમી મળી હતી. જેથી પોલીસે ઘટનાસ્થળે જઈ દરોડો પડ્યો હતો. જ્યાં બન્ને ગાડીઓમાથી દેશી દારૂ આશરે ૭૦૦ લીટર (કી.રૂ.૧,૪૦,૦૦૦) તથા બન્ને ફોરવ્હીલ ગાડીની કી.રૂ.૬,૫૦,૦૦૦ કુલ મળી કુલ રૂ.૭,૯૦,૦૦૦ નો મુદામાલ પકડી પાડયો હતો. જ્યારે આરોપી ભોજાભાઈ લાખાભાઈ હુણ (રહે.મેલાણ ગામ) તથા સ્કોર્પીયોનો ચાલક ફરાર થઈ ગયો હતો. જેથી પોલીસે તેને ફરારી જાહેર કરી શોધી રહી છે.